મુનિજીવનની બાળપોથી

ભાગ બીજો

૧૩૭

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

જૈન શ્રમણ અને શ્રમણીઓના વિશ્વિતારક
અભ્યન્તર બળ [શ્રામણ્ય]ને ભરપૂર પ્રમાણમાં
પેદા કરતું પુસ્તક :

મુનિજીવનની બાળપોથી

ભાગ બીજો

—મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૧૩૭

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
ફોન : ૩૮૫૭૨૩ : ૩૮૦૧૪૩
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફ રોડ, અમદાવાદ-૧

●

લેખક પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

શ્રી લાલબાગ જૈન આરાધક બહેનો તરફથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે અને પૂજ્ય સાધુ-સાધ્વીજીના કરકમલમાં સાદર સમર્પિત કરવામાં આવે છે.

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટ વતી,
ભદ્રેશ શાહ

પ્રથમ સંસ્કરણ : નકલ ૧૦૦૦
દ્વિતીય સંસ્કરણ : નકલ ૧૦૦૦
મહા વદ ત્રીજ
તા. ૨૬-૨-૮૨

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ
મામુનાયકની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

●

મૂલ્ય
રૂ. ૩-૦૦

● અનુક્રમણિકા

પાઠ

૧.	‘ભગવાન ‘તપસ્વી’ હતા	૧
૨.	દેહાધ્યાસ–ત્યાગ	૧૪
૩.	સ્વદોષદર્શન	૨૬
૪.	સર્વજીવ–સ્નેહપરિણામ	૩૮
૫.	આ કેવી અનાથતા !	૫૧
૬.	ક્યાં જોવા મળશે આવું ગ્રુપ ?	૬૫
૭.	આરાધકો ! સાવધાન	૭૮
૮.	જમાનાવાદ અને લોકહેરી	૯૨
૯.	અતિ મહત્ત્વના દર્શનાચારના ચાર આચારો	૧૦૪
૧૦.	નિર્ગ્રન્થોથી જ જગત ડૂબશે કે તરશે	૧૧૮
૧૧.	સમજી લઈએ; શાસનાદિ પાંચને	૧૩૧
૧૨.	સંઘરક્ષા	૧૪૫

આટલું ધ્યાનમાં લેવા જેવું

૧.	બને ત્યાં સુધી એકાન્તમાં ન બેસવું	૪
૨.	શ્લેષ્મ, થૂંક, મેલ વગેરેને ઘસી નાખવાં.	૪
૩.	નખ પરઠવતાં ચૂનો મેળવવો	૫
૪.	અપ્રમત્તભાવે ક્રિયાઓ કરવી	૫

૫. સંથારા ઉપર પ્રતિક્રમણ ન કરવું ૧૭
૬. 'સ્વજનધૂનન'ને કદી ન ભૂલીએ ૧૭
૭. 'અચિત્તરજ'નો કાયોત્સર્ગ ૧૯
૮. લોચની ઉપેક્ષા ન કરવી ૨૯
૯. નિત્ય એકાશન અને ઉણોદરી ૩૦
૧૦. ઓઘો બે ટાઈમ; ૧૫ દી'નું પ્રતિલેખન ૩૧
૧૧. ઔષધિ છેવટે ભળાવો ૪૦
૧૨. અતિ વહેલો કે મોડો વિહાર ન કરવો ૪૧
૧૩. બીજા પામી જાય તેવી ગોચરી ૪૨
૧૪. કટકો સાથે લઈને ગોચરી જવું ૫૪
૧૫. અત્યંત ન છૂટકે : આધાકર્મી-દોષ ૫૫
૧૬. ચોમાસું બેસતાં પહેલાં ૫૬
૧૭. જાત-જાતનાં ફેશનેબલ પાકીટો ૫૭
૧૮. ફોટા : ફિલ્મ : ટી. વી. ૬૮
૧૯. ટપાલ-પ્રવૃત્તિ ઓછી રાખવી ૬૯
૨૦. મંજન : વ્યાયામ અંગે ૭૦
૨૧. એલોપથી-ઔષધો ત્યાગવા જેવા ૮૧
૨૨. મલિન કપડાંમાં સાવચેતી રાખવી ૮૩
૨૩. વિજાતીય-સંપર્ક ત્યાગવો ૯૫
૨૪. ભાજનો ઉઘાડાં ન મૂકવાં ૯૫
૨૫. એંઠી પાતરીમાં પાણી; પરાત પાસે કાપ ૯૬
૨૬. સાંજે દેરાસરજી ૯૬
૨૭. સજાતીય-સ્પર્શ નિષેધ ૯૭
૨૮. ઉપકરણોનો કસ કાઢવો ૧૦૮

૨૯.	ઘડિયાળ વાપરવા અંગે	૧૦૯
૩૦.	રાતે લાઇટ અંગે	૧૧૦
૩૧.	વિભૂષાનો અજગર	૧૨૧
૩૨.	ગ્લાનાદિ સેવા	૧૨૨
૩૩.	ઉદાર બનવું	૧૨૨
૩૪.	અભિગ્રહો કરવા	૧૨૩
૩૫.	રેચક દ્રવ્યો વધુ ન લેવાં	૧૨૩
૩૬.	પ્યાલો લૂછવો	૧૨૪
૩૭.	વાડો સાફ રાખવો	૧૩૫
૩૮.	રોડ ઉપર માત્રુ ન પરઠવવું	૧૩૬
૩૯.	શુદ્ધ ચોવિહાર કરવો	૧૩૭
૪૦.	બહારની વસ્તુઓ ન વાપરો	૧૩૭
૪૧.	ગોખતાં-ભણતાં 'ઉપયોગ' રાખવો	૧૩૮
૪૨.	ઇરિયાવહી પડિક્કમવા અંગે	૧૪૮
૪૩.	પાતરા વગેરે વારંવાર ન રંગવાં	૧૪૯
૪૪.	બારોબાર કશું ન પતાવવું	૧૫૦
૪૫.	વંદનવિધિ સાચવો	૧૫૦
૪૬.	પાર્કર, કેમલ વગેરે શાહી અંગે	૧૫૧
૪૭.	પાણીમાં ચૂનો નાંખવા અંગે	૧૫૧

સવાલો અને જવાબો

(૧)	શું બકુશ કે કુશીલ ચારિત્ર્યથી ભવનો અંત આવશે ખરો ?	૭
(૨)	નવકારમાં કે બીજા તેવા જ જાપમાં ભાવની અલ્પતા આવી જાય તો તેમાં તાકાત ખરી ?	૮

(૩) શાસન-સેવામાં સાધ્વીજી મહારાજો ફાળો નોંધાવી શકે ? ૧૯
(૪) મુનિજીવનમાં ચિત્ત કેમ અશાન્ત રહે છે ? ૨૧
(૫) શિષ્યો ગુર્વાજ્ઞાપાલન ન કરે તો શું કરવું ? ૩૨
(૬) તપાદિ તથા ભક્તિ ન જ થાય તો ? ૩૩
(૭) ગુર્વાદિની પ્રકૃતિ વિષમ હોય તો શું કરવું ? ૩૪
(૮) ત્યાગીજીવનની સફળતાનો મૂળ મન્ત્ર શું ? ૪૩
(૯) તપાદિ કરવા જ જોઈએ ? સેવા કરીએ તો ન ચાલે ? ૪૫
(૧૦) શૂન્યાવકાશ વખતે શું કરવું ? ૪૬
(૧૧) શું સંસ્કૃતાદિ વિના ન ચાલે ? ગુજરાતી અનુવાદો તો મળે જ છે. ૫૭
(૧૨) મુનિજીવનના શ્વાસોચ્છ્વાસની ઉપમા આપી શકાય તેવી બે બાબતો ખરી ? ૫૮
(૧૩) મુનિજીવનમાં આહારાદિમાં કે પ્રકૃતિગત દોષોને જાપાદિ નિવારી શકતા ન હોય તો શું કરવું ? ૬૦
(૧૪) સાચો સાધુ નિયમા દેવલોકમાં જાય ત્યાં પતનાદિની સંભાવના નથી ? સાધુપણું દેવ-લોક-પ્રાપ્તિ માટે છે ? ૭૨
(૧૫) સાધુભગવંતોના પરિચય વિના સાધ્વીજીઓ નિર્વાહ કરી શકે ? ૭૩
(૧૬) ગ્રુપમાં વારંવાર મનદુઃખ થતું હોય તો શું કરવું ? ૭૪

(૧૭) વળગાડ માટે આપણે ત્યાં કોઈ ઉપાય ખરો ? ૮૪
(૧૮) મુનિજીવનમાં જપની જરૂર ખરી ? ૮૫
(૧૯) સાધુ–સાધ્વીજી મહારાજાને, લેડી ડોકટરો અને પુરુષ ડોકટરોની આરોગ્યાર્થે સહાય લેવી યોગ્ય છે ? ૮૬
(૨૦) 'મટન–ટેલો'વાળા સાબુ વપરાય ? ૮૭
(૨૧) સૌથી સુંદર તપ કયો ? ૯૮
(૨૨) સંયમજીવનની મોટી વિરાધના કઈ ? ૯૯
(૨૩) પવનાદિને લીધે ચિત્ત–સ્થિરતા જળવાતી નથી ત્યારે શું કરવું ? ૯૯
(૨૪) જેના સંયમપરિણામ ભગ્ન થઈ જાય તેને શું કરવું ? ૧૧૧
(૨૫) સાધ્વીજી મ૦ પુરુષ–પંડિત પાસે અધ્યયન કરી શકે ? ૧૧૨
(૨૬) કેટલાક વિભિન્ન ગ્રુપના સાધુ–સાધ્વીજી મ૦ નિંદા કરે તો જડબાતોડ જવાબ આપવો કે મૌન સેવવું ? ૧૧૩
(૨૭) સાધ્વીજી મ૦ને વિહારમાં માણસની આવશ્યકતા ખરી ? ૧૨૫
(૨૮) ડોળીનો ઉપયોગ કરતાં સ્થિર રહેવું યોગ્ય ગણાય ? ૧૨૫
(૨૯) મુનિ, સ્વાધ્યાયમગ્ન હોય કે તપસ્વી ? ૧૨૭
(૩૦) સાધ્વીજી મ૦ પુરુષને પચ્ચક્ખાણાદિ આપી શકે ? ૧૩૯

(૩૧) જિનાજ્ઞાપાલનથી આરોગ્ય વણસી જવાથી દોષાદિનું સેવન કરવું યોગ્ય ખરું ? ૧૩૯
(૩૨) ગુરુકૃપાપ્રાપ્તિ માટે શું કરવું ? ૧૫૨
(૩૩) ગુર્વાદિની સેવામાં કે સ્વાધ્યાયાદિમાંથી વિશેષ લાભ શેમાં ? ૧૫૪

સંવેદન

૧. ગુરુકૃપા હિ કેવલં...... ૧૦
૨. ખામેમિ, મિચ્છામિ, વંદામિ ૨૩
૩. પકડી લો; ઓલા માંચડાને ૩૫
૪. જસલોકે જોયું; મેં નર્કાગાર ! ૪૭
૫. ઓ, કિરતાર ! મને આધાર તારો... ૬૧
૬. ચાલો, નારકના દર્શને ૭૫
૭. વીરની કીકીમાં ઊભરાતું દર્શન ૮૮
૮. ખીલા ઠોકાણા; વીરના કાનમાં ૧૦૧
૯. માગું તારી માયા ૧૧૪
૧૦. ઝેર અમારાં ઉતારો ૧૨૮
૧૧. સાંકડા હૈયે; મોટું દૈત માથું ! ૧૪૨
૧૨. વ્યક્તિત્વનિર્માણના જંગમાં અસ્તિત્વની હારાકીરી ! ૧૫૫

એકરાર–નામુ

ચારેકોર આગ લાગી છે; ભોગરસિકતાની! અકલ્પ્ય વેગથી વ્યાપી રહ્યા છે મિથ્યાત્વાદિ દોષો! હવે તો જૈન–સંઘના ગગનને આંબી છે, એ આગ; એની જ્વાળાઓ.

બેશક, જાગ્યા છે અને દોડયા છે; બંબાવાળાઓ... જિનવાણીની ધોધમાર જલવર્ષા થઈ રહી છે.

પરન્તુ આગ અતિ ભયાનક છે; એની નોંધ સખેદ પણ લેવી જ રહી. આથી જ આગ ઠારવા ગયેલા કેટલાક અચ્છા અચ્છા બંબાવાળા પણ આગમાં ઝડપાઇને દાઝયા છે, બળી ગયા છે, મરી પણ ગયા છે.

હા... એ તો ચોક્કસ છે કે સર્વસંગના ત્યાગીઓ જ [સાધુ, સાધ્વીજી ભગવંતો] આ આગને ઠારી શકે. અને તે ય જીવંત જિનવાણીના જલધોધની ધીંગી વર્ષાથી જ.

આમાં ગામડાંના ધૂળ નાંખીને આગ ઠારતા માણસોનું [માત્ર દેશવિરતિધરોનું] તો કામ જ નહિ.

મુનિ સિવાય કોઇ આ આગ ન ઠારી શકે; એ જેટલું નિશ્ચિત વિધાન છે એટલું જ એ પણ નિશ્ચિત લાગે છે કે મુનિપણાથી સુશોભિત મુનિઓ જ આ આગ ઠારી શકે. માત્ર વેષધારીઓ નહિ તેમ માત્ર મહાન વિદ્વાનો કે સમર્થ વ્યાખ્યાનકારો પણ નહિ.

એ માટે તો તેમનું મુનિત્વ જ જીવંત ધબકારોથી ધમધમતું હોવું જોઈએ.

સાચું મુનિપણું એટલે શાસ્ત્રનીતિનું દેશકાલાનુસારી સુંદર શ્રામણ્ય...

એ શ્રામણ્ય કેવું હોય? એની વિચારણા 'મુનિજીવનની બાળપોથી'ના બે ભાગમાં વિભાગીકરણ કરીને સરળ ભાષામાં કરવાની કોશિષ મેં કરી છે. જગતના અને ખાસ કરીને જૈનસંઘ અને આર્યસંસ્કૃતિનું સાચું રખોપું હવે તે શ્રમણો અને શ્રમણીઓ જ કરી શકશે તેવી અતિ દૃઢ બનેલી શ્રદ્ધાથી જ મેં આ બે ભાગો લખ્યા છે.

બીજાં હજારો રખોપાં જે કામ કરી શકે તે માત્ર એક જ સાચા શ્રમણ કે શ્રમણી કરી શકે તે વાતમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

હવે જ્યારે આ શ્રમણ–શ્રમણીસંઘમાં સંખ્યાબાળ વધતું જાય છે ત્યારે તેની ગુણવત્તાનું ધોરણ પણ જો વધતું જાય તો જબ્બર કામ થઈ જાય. સંખ્યાનો વિલક્ષણ વધારો ક્યારેક ગુણવત્તાને ઘટાડનારો બનતો હોય છે. આ ભયસ્થાન પ્રત્યે વડીલોએ બેદરકાર રહેવા જેવું નથી.

જો કે અતિ ભયાનક ભોગરસના ચકચૂર વાયુમંડળમાં પણ જૈન શ્રમણ–શ્રમણી સંસ્થા ખૂબ જ ઉન્નત કક્ષાનું જીવન ઘણા મોટા પ્રમાણમાં જીવીને સ્વ–પર–હિત કરી રહેલ છે. પણ હવે ક્યાંક ક્યાંક – ભલે ૧૦ ટકા–પણ મનને ખેદ થઈ જાય તેવી અનિચ્છનીયતા પ્રવેશ કરવા લાગી છે. આ વાત આગળ વધે તો નુકસાન પણ પારાવાર થાય તેમ સ્પષ્ટ લાગે છે.

એવા અનેક ભદ્ર પરિણામી જીવો આ શ્રમણ–શ્રમણી સંઘમાં છે, જેમને સ્પષ્ટ માર્ગદર્શન નહિ મળવાથી જ અશાસ્ત્રીય પદ્ધતિના જીવનનો ભોગ બન્યા છે.

આ બાળપોથીના બે ભાગ ખાસ તેમના જ માટે છે. આમાંથી તેમને સ્પષ્ટ માર્ગ મળશે; જેની ઉપર ચાલીને તેઓ પોતાનું જીવન ખૂબ ઉન્નત બનાવશે અને તે રીતે સ્વ–પર–હિત સાધશે.

પણ જ્યારે બીજાને માર્ગદર્શન આપવાના હેતુથી આ લેખન–કાર્ય મેં આરંભ્યું ત્યારે તેનાં અંતિમ પૃષ્ઠોને લખતાં મને થયું કે આ પુસ્તક તો મારા જ પોતાના જીવન માટે અત્યન્ત ઉપયોગી થઇ પડે તેવું છે.

જેમ જેમ હું લખતો ગયો છું તેમ તેમ મને મારા જીવનની કેટલીક ઊણુપો સ્પષ્ટ દેખાવા લાગી છે. મેં કાગળોમાં ઉતારેલી કેટલી ય બાબતો મારા જ જીવનમાં નથી ઇતારી તે વાત ખ્યાલમાં આવી છે. મને તેનું ખૂબ દુઃખ પણ થયું છે.

મુનિ–જીવનની આ નોંધ એ જાણે કે કેટલાક અંશે મારા જીવનમાં નહિ પળાતા પદાર્થોની નોંધ બની હોય – અને એ રીતે મારા એક નિર્બળ અંગનું એકરારનામું આ નોંધ બની હોય તેમ મને લાગ્યું છે. હવે તો એટલું જ ઇચ્છું છું કે ગુરુકૃપાથી લખાઈ ગયેલી આ નોંધના પદાર્થો મારા જીવનમાં વ્યવસ્થિત રીતે અવતાર પામે અને મને ઉત્તમ કક્ષાના તુનિ તરીકેનું ગૌરવવંતુ જીવન બક્ષે.

જે કોઇ પણ આ નોધ દ્વારા જીવનમાં પામે; તેથી મને નિમિત્ત બનવાનું જે પુણ્ય પ્રાપ્ત થાય તેના બળથી પણ હું એટલું જ ઈચ્છું છું કે વહેલામાં વહેલી તકે મારું જીવન ઉચ્ચ કોટિના અન્તર્મુખ સંત [નિર્ગ્રન્થ]નું બને; જેના દ્વારા હું સુસ્થિર એવું સ્વ–પર–હિત આરાધી શકું.

પૂજ્યપાદ, માદા તરણતારણહાર, સ્વ. ગુરુમાતાજી પાસેથી જાણવા, સાંભળવા કે વાચવા દ્વારા જે પદાર્થો મળ્યા છે તેને આ બાળપોથીના બે ભાગમાં ટપકાવ્યા છે. છતાં મારી કોઇ સમજફેર થઇ હોય અને અપદાર્થ લખાયો હોય તો મને તેનું ધ્યાન દોરવામાં આવે તેવી સહુને – તે અપદાર્થના નિરૂપણની ક્ષમાયાચના સાથે – વિનંતિ છે. કોઇની પણ વ્યક્તિગત ટીકા કરવાનો મારો લેશમાત્ર આશય નથી, તેથી તેવું આરોપણ કોઇ વાંચક ન કરી લે તેવી વિનંતી કરું છું.

હું અને મારા જેવા સહુ – આપણે બધા આ બાળ-પોથીનું મનન કરીએ અને જીવનની પ્રમાદજનિત શિથિ-લતાઓ અને ત્રુટિઓને દેવગુરુની કૃપા પામીને સત્વર દૂર કરીએ એ જ એકની એક ભાવના છે.

બાકી તો આપણા પુરુષાર્થની આપણું જીવન ઉન્નત સર્વજ્ઞ ભગવંતની જેમ આપણે પણ પરમાત્માના ચરણો પકડીને એક જ આરઝૂ વ્યક્ત કરવાની છે, તત્ તવાડઘ્રૌ વિલગ્નોડસ્મિ, નાથ ! તારય.. તારય...

પ્રાન્તે; વર્તમાન દેશ–કાલાનુસાર પણ ખૂબ જ સુંદર ચારિત્ર્યધર્મનું આરાધન કરીને સ્વ–પરહિત સાધતાં બહુ મોટી સંખ્યામાં વિદ્યમાન એવા તમામ શ્રમણો અને શ્રમણીઓના આંત્મામાં પડેલા વિશુદ્ધ પરમાત્મ–ભાવને કોટિ કોટિ વંદન કરીને વિરમું છું.

વિ. સં. ૨૦૩૫, પો. સુ. ત્રીજ	લિ.
તા. ૧–૧–'૭૯	ગુરુપાદપદ્મરેણું
ઘોટી [મહારાષ્ટ્ર]	મુનિ ચન્દ્રશેખરવિજય

પાઠ : ૧

ભગવાન 'તપસ્વી' હતા

અનાદિકાળથી ચાર ગતિના સંસારમાં પરિભ્રમણ કરતા જીવે દરેક ભવમાં જન્મ લઈને સૌથી પહેલા સમયે, પહેલી ભૂલ જો કોઈ કરી હોય તો 'આહાર' લેવાની ભૂલ કરી છે. તેણે તે વખતે શરીર બનાવવાની ઇચ્છા પણ કરી ન હતી. પરન્તુ પહેલાંના સમયથી લેવાતા જતા આહારનું શરીર બની ગયું, પછી તે શરીરમાં પાંચ ઈન્દ્રિયો વગેરે પણ તૈયાર થઇ ગયાં. 'પઢવા ગયો નમાઝ અને મસ્જિદ કોટે વળગી' એના જેવો આ ઘાટ થયો કે લેવા ગયો આહાર અને શરીર વળગી પડ્યું.

હવે શું પૂછવું ? બધા ભોગો અને પાપોનું મેદાન શરીર અને ઇન્દ્રિયો ! શરૂ થયાં તોફાનો ! ખેલાતી ગઈ વાસનાઓ ! ખડો થતો ગયો; કર્મોનો ગંજ ! નિત નવા આવતા ગયા; જનમ !

આમેય અનાદિકાળથી વાસનાઓ તગડી તો થઈ જ હતી. હવે એને શરીર, પાંચ ઇન્દ્રિયો, મન અને સાત ધાતુની ઉત્તેજનાઓ સહકારમાં મળ્યાં ! પછી બાકી શું રહે ?

એમાં બાહ્ય નિમિત્તોનાં પેટ્રોલ વાસનાની એ આગમાં ઠલવાતાં ગયાં. પછી તો આખો આતમ ભડકે જ બળે ને ?

આવી દુર્દમ વાસનાઓને કાબૂમાં લઈને ખતમ કરી દેવા માટે આહારનો પરિત્યાગ અત્યન્ત જરૂરી છે. આહારથી આરંભાયેલાં પાપોને આહારના ત્યાગથી જ હણવા રહ્યા.

આ માટે જ જૈન ધર્મમાં ઉપવાસ વગેરે 'અનશન' [તપ]ને ખૂબ જ વધુ મહત્ત્વ અપાયું છે. ગમે તેવો કામી માણસ પણ ત્રીજા વગેરે ઉપવાસથી તદ્દન શાન્ત પડી જતો હોય છે. વાસનાઓને ખતમ શે કરવી ? એના જેવો વિકરાળ પ્રશ્ન બીજો કોઇ નથી. પણ તપથી વાસનાઓ સહેલાઇથી નષ્ટ થાય છે; માટે તપ જેવો વાસના-નાશનો બીજો કોઇ સરળમાં સરળ રસ્તો પણ નથી.

હા...તપથી માત્ર શરીર શોષવાતું હોય તો તે બરોબર નથી. તપથી તો વાસનાને શોધવાની છે. તેમ કરવા જતાં – બંબાવાળાની અડફેટમાં આવી ગયેલા બાળકની જેમ – શરીર અડફેટમાં આવીને શોષાઈ જતું હોય તો તેનો જરા ય અફસોસ પણ નથી.

વાસના-નાશ માટેના બીજા રસ્તાઓ ઘણા લાંબા અને અટપટા છે. જ્યારે આ લક્ષની તીવ્રતાપૂર્વકનો વિધિવત્ તપનો રસ્તો સાવ ટૂંકો અને સચોટ છે.

પણ સબૂર ! ઉપવાસાદિ તપ તો તે જ વાસનાનાશક છે, જેના પારણામાં ઉણોદરી અને જોરદાર અનાસક્તિ પડેલી છે. આવો વર્ષીતપ કરનાર પુણ્યાત્મા પારણાના દિવસે

પણ ઉપવાસી બનીને પરમાત્મા શ્રી આદિનાથની જેમ તેર મહિનાના ઉપવાસનો લાભ મેળવે છે. બાકીના તપ તો તપ-ધર્મની હાંસી કરાવનારા બની જાય છે.

જો વિગઇઓ શત્રુનું ઘર છે; તો આયંબિલ એ મિત્રનું ઘર છે અને ઉપવાસ એ પોતાનું માલિકીનું ઘર છે.

આથી જ ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવને શાસ્ત્રકાર પરમર્ષિઓએ ઠેર ઠેર 'તપસ્વી' તરીકે સંબોધ્યા છે. ૧૨ા વર્ષની ઘોર સાધનાના કાળમાં પ્રભુ માત્ર [ખાઇ–પીને !] આત્મ-ચિંતન કરતા ન હતા પરન્તુ તેમાંનાં ૧૧ા વર્ષ તો નિર્જલ ઉપવાસરૂપ બાહ્ય તપના આરાધક હતા. આ જ વ્યવહાર–ધર્મની મહત્તા સાબિત કરતું સચોટ દૃષ્ટાન્ત છે. આંતર જ્ઞાનદશા પામવા માટે પણ બાહ્ય તપની ખૂબ ખૂબ જરૂર છે.

જે સાચો તપસ્વી છે તેને વાસના કેવી ? જે તપસ્વી નથી તે નિર્વિકાર શી રીતે ?

અપવાદપૂર્વકની આ સામાન્ય વ્યાપ્તિ છે. એના દ્વારા આપણે યથાર્થ બાહ્ય તપનું મહત્ત્વ સ્વીકારીને જીવનને તપઃપ્રધાન બનાવવું જોઇએ.

છતાં ય તપ ન થઇ શકે તો તેની આત્મનિંદા કરવી પરન્તુ જ્ઞાનનો મહિમા વર્ણવતા બૂમબરાડા નીચે તપ-ધર્મની મહત્તા દર્શાવતા ગીતને દબાવી દેવાનું પાપ તો કદી ન કરવું જોઇએ.

તપની મહત્તા જીવંત રહેશે તો આપણી ભાછી પેઢી તેનું સેવન કરીને મહાન બનશે. સ્વ–પર કલ્યાણની સાધક બનશે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

[૧] બને ત્યાં સુધી એકાન્તમાં ન બેસવું :

જેમ એકાન્તમાં બેસવાથી એકાગ્રતા વગેરે પામવાના લાભો છે તેમ તેનાં કેટલાંક નુકસાનો પણ છે. જો કોઈ વ્યક્તિને લાભ પામવા જતાં નુકસાન વધુ થતું જણાય તો તે વ્યક્તિએ એકાન્તમાં આસન તો ન જ રાખવું પરન્તુ સ્વાધ્યાયાદિ પણ કરવા બેસવું ન જોઈએ.

એણે તો જાહેર હોલમાં, પોતાના ગુરુદેવની નજરમાં જ બેસવું અને ત્યાં જ સ્વાધ્યાયાદિ કરવા. બેશક, હોલમાં અનેક લોકોની વંદનાદિ માટે આવન-જાવન રહેતી હોય છે પણ દીવાલ તરફ મોં રાખીને બેસી જવાથી એ આવન-જાવનનો કોઈ વિક્ષેપ પડશે નહિ. છતાં ય 'અવાજ' વગેરે પ્રશ્નો નડતા હોય તો ય એકાન્તનો પક્ષ સેવવો નહિ. મોટા નુકસાનથી બચવા માટે નાના નુકસાનને વધાવી લેવું જ રહ્યું.

[૨] શ્લેષ્મ, થૂંક, મેલ વગેરેને ઘસી નાખવા :

થૂંકદાનીમાં કે રસ્તા ઉપર પડેલી ધૂળમાં જો ક્યારેક શ્લેષ્મ, થૂક કે નખનો મેલ વગેરે નાંખવા પડે તો તેને તે ધૂળ કે રાખ વગેરેમાં બરોબર ઘસી નાખવાં જોઈએ.

જેથી તેમાં ધૂળ વગેરે બરોબર મળી જાય. જો આમ ન થાય તો બે ઘડી ઉપરનો સમય પસાર થતાં તે વસ્તુમાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થઈ જાય.

આવું જ ખેરીઆના ઊનના કટકા સંબંધમાં ધ્યાનમાં રાખવું. ખરેખર ઘસ્યા વિના તે વસ્તુ બે ઘડીની અંદર સૂકાઈ જતી નથી.

[૩] નખ પરઠવતાં ચૂનો મેળવવો :

આપણે વધી ગયેલા નખ કાપવાના છે પણ તેને ઘસીને વ્યવસ્થિત બનાવવાના – સમારવાના – નથી. તેમ કરીએ તો અતિચાર લાગે. [કેશ, રોમ, નખ સમાર્યાં.]

આ કાપેલા નખમાં મેલ પણ હોય છે. આ મેલ સાથેના નખ શરીરની સાથે જ રહે ત્યાં સુધી તો તે મેલમાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થતી નથી; પરન્તુ નખ કાપ્યા એટલે તેનો મેલ પણ શરીરથી છૂટો પડ્યો. હવે તે મેલ-વાળા નખને કોઈ કટકામાં બાંધી લેવાય તેટલું જ ખરેખર નથી. જો કટકાના છેડે બાંધી જ લેવા હોય તો તેની સાથે તેમાં સહેજ ચૂનો પણ ઘસીને ભેળવી દેવો જોઇએ. સારું તો એ જ છે કે કાપેલા નખને તરત જ – બાંધવાંને બદલે સીધા – ધૂળમાં સહેજ ખાડો કરીને દાટી દેવા. એવી માન્યતા છે કે જો કોઈ ચકલી વગેરે નખ ખાઈ જાય તો તે મૃત્યુ પામે માટે તેને ધૂળમાં થોડાક પણ ઊંડે દાટી દેવા જોઇએ. આમ કરતાં ચૂનો ભેળવવાની જરૂરી રહે નહિ.

વળી નખ પણ વધુ વધવા દેવા નહિ; તેમાં મેલ ભરાતાં અનેક દોષો લાગે છે;

[૪] અપ્રમત્ત ભાવે ક્રિયાઓ કરવી :

એવું કોઇ ખાસ કારણ ન હોય તો પ્રતિક્રમણાદિ

તમામ ક્રિયાઓ પંચાંગ પ્રણિપાત આદિ વિધિપૂર્વક કરવાની પહેલેથી ટેવ પાડવાનું રાખો. નાની ઇરિયાવહીની ક્રિયા હોય કે 'જાવંતિ અને જાવંત કે વિધિ સાહૂ' એ સૂત્રો વચ્ચેનું એક જ ખમાસમણું હોય – બધું ય યથોક્ત વિધિપૂર્વક જ કરવું જોઇએ. બેઠા બેઠા તે ક્રિયા કરવાથી હૈયું શાસ્ત્રાજ્ઞા પ્રત્યેની ધિટ્ઠાઇ પ્રગટ કરે છે; એથી તીવ્ર વીર્યાન્તરાય કર્મ બંધાય છે.

ભૂતપૂર્વ ભવોમાં ઘણી લુચ્ચાઇઓ, ધિટ્ઠાઇઓ અને હાડકાંની હરામી કહેવાય તેવી ઉપેક્ષાઓ આપણા આત્માએ કરી છે. હવે જ્યારે 'ભવ–વિરહ' કરી દેવાની અમૂલખ પળ હાથમાં આવી છે ત્યારે વળી પાછા એ કુસંસ્કોરોને વશ થઇશું તો મહામૂલું સંયમરત્ન હારી જઇશું,

રે ! કેવી કમનસીબી છે કે ત્રિલોકનાથ દેવાધિદેવનો અને અસીમ ઉપકારી ગુરુદેવને વંદન કરવાના ખમાસમણા પણ બેઠાં બેઠાં કે અડધા જ વાંકા વળીને પતાવી દેવામાં આવે છે.

કેવો આવ્યો હશે; ઉપકારીઓના ઉપકારનો આપણે ખ્યાલ ?

સવાલો અને જવાબો

સવાલ (૧) : શું વર્તમાનકાળના બકુશ કે કુશીલ-સ્વરૂપ ચારિત્ર્યની ધર્મક્રિયાથી અન્ત આવશે ખરો ? આ ક્રિયાઓનાં બે જ પાસાં છે : ૧. મોક્ષનું જ લક્ષ છે. ૨. તેના પ્રત્યે સદ્ભાવ છે.

પણ બાકી બધું ઉધાર–પાસામાં છે. અવિધિ, અજ્ઞાન, અનુલ્લાસ, આશાતના વગેરે.........

જવાબ : બકુશ કે કુશીલ પ્રકારનું ચારિત્ર એ ચારિત્ર જ નથી એવી ભ્રમણામાં ન રહેશો. એ છઠ્ઠા નંબરના ગુણસ્થાનનું જ ચારિત્ર છે.

જો ધર્મક્રિયામાં મોક્ષ પામવાનું એક માત્ર લક્ષ કે અને તેના પ્રત્યે પૂર્ણ સદ્ભાવ છે તો હવે તેનાથી મોક્ષ પામવાની વાતમાં જરા ય શંકા ન કરવી.

ક્રિયાઓ પ્રત્યે જે સદ્ભાવ છે; અને મોક્ષનું જે લક્ષ છે તથા તેમાં થતી તમામ અવિધિ આદિ અંગે જે જોરદાર બળાપો છે; આ ત્રણેય ગુણો ભેગા મળીને બીજા બધા દોષોને હડસેલવા માટે સમર્થ છે.

વળી ક્રિયાઓનું ફળ – ચિત્તપ્રસન્નતા. વાસનાશુદ્ધિ વગેરે આજે ને આજે મળે તેવી આશા એકદમ ન રાખી શકાય. પણ ફળ જોવા ન મળે તેથી ક્રિયાઓ નિષ્ફળ જઈ રહી છે તેવું કલ્પી લેવાની ભૂલ નહિ કરવી.

એક ઘડો છે. ધારો કે તે દસ હજાર ટીપાંથી પૂરો

ભરાય છે. હવે તેમાં પાણીનું એકેકું ટીપું નાખવું શરૂ કર્યું. એક હજાર ટીપાં નાખ્યાં પણ હજી ઘડો ન ભરાયો એટલે 'ઘડો ક્યારે ભરાશે ? કેમ ભરાયો નથી ? શું તે ભરાશે જ નહિ ?' આવી અધીરાઈ થઈ જાય તો ટીપાં નાખવાની ક્રિયાના ફળ પ્રત્યે અશ્રદ્ધામાંથી નિરુત્સાહિતા, વેઠ, કંટાળો વગેરે જરૂર પેદા થાય.

પણ 'ઘડો ભરાઈ છે રહ્યો છે. મારી ટીપાં નાખવાની ક્રિયા ઘડો પૂરો ભરાવા તરફ આગળ વધી જ રહી છે !'

એ સત્યને જો ઉત્સાહપૂર્વક સ્વીકારવામાં આવે તો ક્રિયામાં ઉલ્લાસ, આનંદ વગેરે પેદા થાય અને તેનું ફળ આનંદ અને છેલ્લે ફળપ્રાપ્તિ, બે ય મળી જાય.

અનાદિકાળના રોગોની ઉગ્રતા એકાદ ભવમાં કદાચ એકદમ મોળી ન પણ પડે તો તેથી નિરાશ ન થવું. આ તો જિનોક્ત અને ગુણધર–ગુમ્ફિત ક્રિયાઓ અને તેનાં મન્ત્રમય સૂત્રો છે. તેના ફળમાં અશ્રદ્ધા કે અધીરાઈ આવવી ન જોઈએ.

બસ....ઉક્ત લક્ષ સદ્ભાવ અને બળાપા સાથે કરતા જ રહો....જરૂર ફળ પામશો.

સવાલ (૨) : રોજ નવકારમન્ત્રની બાંધી પાંચ માળા ગણીએ કે તેવા જ ઋષિમંડલ, નમિઉણ આદિ કોઈ જપ, કે કોઈ સ્તોત્રોનો પાઠ વગેરે કરીએ તેમાં ભાવની અલ્પતા કે ક્યારેક શૂન્યતા આવી જાય તો ય તે જપાદિમાં તાકાત હોય ખરી ?

જવાબ : આ સવાલને પહેલા નંબરના સવાલના સંદર્ભમાં સમજીને જવાબ આપું છું. જ્યાં મોક્ષલક્ષ વગેરે છે ત્યાં જે દ્રવ્યક્રિયા પણ છે તેની તાકાત પણ જરા ય ઓછી આંકવી નહિ કે તેમાં અશ્રદ્ધા કરવી નહિ.

એક દાખલો આપું.

થોડાં વર્ષો પૂર્વે મુંબઈમાં એક ભાઈ 'ટેવ મુજબ' હંમેશ સવારે ૧૦૮ નવકાર ગણતા હતા. તેનો કોઈ પરચો થાય તેમ તે ઇચ્છતા હતા; પણ 'ભાવની અલ્પતાવાળા નવકારનો તે શું પરચો જોવા મળે?' એમ જાતે જ વિચારી લેતા.

પણ એક દિવસ તેમણે આ વાત શક્તિના ઉપાસક અજૈન ભાઈને કરી. તે શાક્ત બંધુ પોતાની શક્તિ–માતાનો પરચો દેખાડવા આ જૈન ભાઈને શક્તિ–માતાના ભુવા પાસે લઈ ગયો. ભુવાને સઘળી વાત કરી. પછી ભુવો ધૂણવા લાગ્યો. તેના શરીરમાં પ્રવેશ થઈ ગયો હતો તેમ લાગ્યું. ધૂણતો ધૂણતો તે ભુવો પેલા જૈન ભાઈ પાસે આવીને તેમને પ્રદક્ષિણાઓ દેવા લાગ્યો અને પાછો ફરવા લાગ્યો. વારંવાર તેણે આમ કર્યું ત્યારે ત્યારે શાક્ત–ભાઈએ ભૂવાને જૈન ભાઈના શરીરમાં પ્રવેશીને પરચો દેખાડવા કહ્યું.

ધૂણતા ભૂવાએ જણાવ્યું કે, "એ માટે જ આ બધી મહેનત કરી રહ્યો છું; પણ હું તેના શરીરમાં પ્રવેશ કરી શકતો નથી. તેને કહો કે તે ભાઈ જે મન્ત્ર–જપ હમણાં કરી રહ્યા છે તે છોડી દે.... તો તરત હું પ્રવેશ કરું. તે સિવાય તે મન્ત્રની સામે મારું કાંઈ ચાલે તેમ નથી."

પેલા જૈન ભાઇ ત્યાં બેઠા બેઠા નવકાર ગણી રહ્યા હતા. ભૂવાના શબ્દો સાંભળીને તે નવકારની શક્તિ ઉપર સ્તબ્ધ થઇ ગયા. ત્યાંથી ઊભા થઇને ઘરે ગયા. ખૂબ રડયા એટલા માટે કે ! "અરેરેરે, ભૂવાઓને પણ દૂર રાખનાર નવકારની શક્તિમાં મેં આજ સુધી શંકા કર્યા કરી !"

દ્રવ્ય-ક્રિયાની કે દ્રવ્ય-જપની પણ કેવી પ્રચંડ તાકાત ! સબૂર ! આ તો બહારના ભુવાને દ્રવ્યક્રિયાથી જીતી શકાયા; જો અંદરના ભૂવાઓને જીતવા હોય તો તે પૂર્ણ ભાવ-ક્રિયા જ આરાધવી જોઇએ.

સંવેદન

ગુરુકૃપા હિ કેવલં...

અરે ! અરે ! મારાં સાડા ત્રણ ક્રોડ રીવાંડાંઓમાં અનાદિ વાસનાઓની આગ ભડકે જલી રહી છે !

અરે ! અરે ! મારા આત્માના અસંખ્ય પ્રદેશો વાસ-નાની આગ ઓકી રહ્યા છે !

અરે ! અરે ! મારા મગજના દોઢેય અબજ સેલમાં વાસનાઓની બેટરીઓ ચાર્જ થઇ ગઇ છે.

અરે ! અરે ! મારું પુણ્ય, મારી શક્તિ, મારી બુદ્ધિ મારા જીવનની પ્રત્યેક પળ, પ્રત્યેક દિવસ; પ્રત્યેક માસ,

પ્રત્યેક વર્ષ આ વાસનાઓની પાછળ પાયમાલ થવા લાગ્યા છે....મને કોઇ બચાવો...મારા આ વાસના-પિંડને કોઇ ઓગાળી નાખો, વાસના-પિંડમય મને કોઇ ગાળી નાંખો.

આવી કોઇ અંતરની ઊંડી વેદનાભરી ચીસ ઉપર ચીસ એક દી મારો આતમ નાખી રહ્યો હતો ત્યારે એકાએક સદ્ભાગ્યે મારા હાથમાં એક પાનું આવી ગયું. તેમાં મેં વાંચ્યું..."માં ગાલયતિ ઇતિ મંગલમ્" જે મને [વાસના-પિંડમય મને] ગાળી નાખે તે મંગલ છે. મારા મનમાં સવાલ જાગ્યો કે, "તે કોણ છે જે મંગલ છે? મારે એની તાત્કાલિક જરૂર છે. મને મંગલ-પદાર્થ દેખાડો."

મારી જિજ્ઞાસાને લીધે જ, તેને સંતોષતો એક આર્ષ-પાઠ મારી પાસે આવીને પડ્યો, તેમાં લખ્યું હતું, "ગુરુકૃપા હિ કેવલં, શિષ્યં પરં મંગલં."

જે શિષ્ય બન્યો તેના માટે તો ગુરુકૃપા—એક માત્ર ગુરુકૃપા જ મંગલ છે. કાંટાળા અને કંકરછાયા મુક્તિના પંથે મંગલ વિના તો કદી ન ચાલી શકે. પણ તે મંગલ કોણ? ગુરુકૃપા...

આજ સુધી ઘણાં મંગલો કર્યાં પણ આ મહત્ત્વનું મંગલ જ નજર બહાર ગયું. ઊલટી ગુરુકૃપાની જીવન-વિકાસમાં બિનજરૂરિયાત કલ્પી; અથવા તો તેની તાત્ત્વિક ચર્ચા કરીને નિશ્ચય કર્યો કે આ ગુરુકૃપાની વાત આ માત્ર શ્રદ્ધેય અને કાલ્પનિક તત્ત્વ છે, નમ્રતાને કેળવવા માટેની આ કલ્પના છે, પણ વાસ્તવિક કોઇ પદાર્થ નથી.

હાય ! મારી વધુ પડતી બુદ્ધિમત્તાએ આ તારવણુ કાઢીને જ મારું સત્યાનાશ કાઢ્યું છે. જોરદાર વિદ્વતા, પ્રશંસનીય વ્યાખ્યાનશક્તિ, ઉગ્ર તપઃશક્તિનુ; અનેક શિષ્યોનું ગુરુત્વ વગેરે મારી પાસે હોવા છતાં અહો ! ભીતરમાં વાસનાઓથી ભડકે જલતો મારો આતમ ! હાય ! આજે જ મેં કરેલા અમંગલનું મને ભાન થયું. હવે જ ગુરુકૃપાનો મહિમા સમજાયો.

ના...એ કોઇ કલ્પના નથી, એ કોઈ શ્રદ્ધામાત્રની વસ્તુ નથી; એ એટલો જ વાસ્તવિક પદાર્થ છે જેટલો હું પોતે છું. મારે તેની પાછળ પડવું છે. હું જાણું છું કે એ કૃપા પામવા માટે બધા અહંકારો અને અરમાનોને મારા પગ નીચે મારે ચૂરી નાંખવા પડશે.

રે! મારા સમગ્ર જીવનની મારે ખેતી કરી નાખવી પડશે. પશ્ચાત્તાપના ઊના ઊના આંસુથી જ એ ખેતરને સીંચવું પડશે. ધીરજ પૂરી ધરવી પડશે.

હા...બધું જ કરીશ. ગુમાવેલું બધું મેળવી જ લેવું હશે તો બધું કરવું જ પડશે. હું પણ તૈયાર છું.

મારે તો વાસનાના પિંડમય મારી જાતને ઓગાળી નાખવી છે; એ માટે જે કાંઇ થાય તે કરી છૂટવું છે. લઇ લો કોઇ મારી વિદ્વત્તા, તપઃશક્તિ, શાસનપ્રભાવકતા.... અને બદલામાં મને આપો કોઇ વાસનાઓની પૂર્ણ શાન્તિ.

આ સોદો કરવા ય હું તૈયાર છું. હું મરી જાઉં અને તે દી મારી વાસનાઓ જો જીવતી જ રહી ગઇ હોય

તો એના જેવું ભૂંડું મોત તો કૂતરાનું પણ ન હોઈ શકે. બસ ગુરુકૃપા ! કેવલ ગુરુકૃપા !

ઓલા એકલવ્યની જેમ ! એકપક્ષી રીતે પણ ગુરુ-ભક્તિ કરી તો તે અજોડ ધનુર્ધારી બની ગયો !

મારે વાસનાવિહોણા બની જવું છે. હું પણ કોઈ અપેક્ષા વિના – અખંડ, અવિચલ ગુરુભક્તિ કરીશ. આડે આવતા અંતરાયોના ખાડા-ટેકરા પાર ઊતરીશ અને ગુરુ-કૃપા પામીને જ જંપીશ.

મને ખબર છે કે મારા ગુરુ પ્રશસ્ત રાગી છે. રાગી રીઝે છે ! રીઝેલાની કૃપા ઊતરે જ છે. હવે તો તે ન મળે તો મારી ભક્તિ કે પાત્રતામાં જ ખામી, સમજવાની છે.

આજથી જ 'ગુરુકૃપા હિ કેવલં; શિષ્ય પરં મંગલ''નો જીવંત ધબકાર હૈયે શરૂ કરું છું. પછી વાસના ક્યાં ઊભી રહે છે તે જોઉં છું !

પાઠ : ૨

દેહાધ્યાસ-ત્યાગ

સાચો ધર્મારંભ થાય છે, આ ત્રિપુટીથીઃ જિનાજ્ઞાપાલન કે પક્ષપૂર્વકનો દેહાધ્યાસ-ત્યાગ, સ્વદોષદર્શન અને સર્વજીવ હિતપરિણામ.

અહીં આપણે દેહાધ્યાસ-ત્યાગ અંગે વિચારીશું. યદ્યપિ આહારની સંજ્ઞા અને આહારના પદાર્થોનો રસ આ દેહાધ્યાસના ઉત્તેજકો છે તો પણ ક્યારેક આ સંજ્ઞા અને રસ ઓછા થઈ ગયા બાદ પણ દેહાધ્યાસ જીવતો રહી ગયેલો જોવા મળી જાય છે.

દેહાધ્યાસને આપણા સ્થૂલ અર્થમાં વિચારીએ તો દેહમાં વિશેષતઃ આત્મબુદ્ધિ; તેથી નીપજતું દેહનું લાલન-પાલન, દેહની સુખશીલતા.

તપસ્વીઓ પણ ક્યારેક દેહની સુખશીલતાના પક્ષમાં જોવા મળે છે. શરીર સાચવીને તપ કરવામાં, વ્યાખ્યાન દેવામાં કે વિહાર કરવામાં આ સત્યનો સાક્ષાત્કાર કરવા મળશે.

આ બહુ જ ગંભીર હોનારતને ખેંચી લાવનારી બીના હોવાથી સંસારત્યાગીઓએ આ વાત બરોબર સમજી

લેવી જોઈએ. શાસ્ત્રકાર પરમર્ષિએ એક જગાએ કહ્યું છે કે, "સુખી અવસ્થામાં કરેલો નવકાર જપ વગેરે ધર્મ મૃત્યુ કે રોગની દુઃખી અવસ્થામાં શરણભૂત થતો નથી માટે દુઃખી અવસ્થામાં – હાથે કરીને દુઃખ પેદા કરીને તેમાં – ધર્મ કરવો જેથી તેવો અભ્યાસ પડી જતાં મૃત્યુની કે રોગાદિની પીડા વખતે પણ તે ધર્મ સભાનપણે આરાધી શકાય."

જેઓ દેહના ખૂબ સુખશીલ હશે તેઓ દેહના છેલ્લા શ્વાસાદિના સમયમાં પરમેષ્ઠિ–ભગવંતોનું સ્મરણ શી રીતે કરી શકશે ?

જો અંત સમય (સામાન્યતઃ રોગાદિના દુઃખવાળો) સુધારવો હોય; અને તેના દ્વારા સારી ગતિ પામવી હોય તો જીવનકાળમાં દેહની સુખશીલતાને તિલાંજલિ આપવી પડશે. હાથે કરીને ડાંસ–મચ્છરના ચટકાનાં, શિયાળાની અતિ ઠંડીનાં કે ઉનાળાની અતિ ગરમીનાં દુઃખોને વહોરવાં પડશે. જાણી જોઈને અન્ત-પ્રાન્ત આહાર કરવો પડશે.

આપણે આરાધેલો તપ સાચો– શાસ્રીય – છે કે નહિ તેની પારાશીશી આ છે કે તે તપ વડે દેહની સુખશીલતાને આપણે ઠીક ઠીક દૂર કરી શકયા છીએ કે નહિ !

આપણા આત્માની સૌથી નજદીકમાં દેખીતી રીતે આપણો દેહ છે, એની સાથે આપણા આત્માનો એકરસી-ભાવ છે. જો આ જડ તત્ત્વ સાથેનો આપણો રાગ-સંબંધ તૂટયો ન હોય તો મીઠાઈ, ફ્રૂટ, મેવો, વિગઇઓ વગેરે સાથેના રાગ-સંબંધ તોડી નાખ્યા હોય તો ય તેનો ઝાઝો અર્થ ન રહે. કેમકે તે બધા જડ પુદ્ગલો સેશન્સ કોર્ટ,

હાઇકોર્ટ જેવા છે. જ્યારે દેહ નામનું જડ તત્ત્વ સુપ્રીમ કોર્ટ જેવું છે. જે સુપ્રીમમાં હારી ગયો તે બધી કોર્ટોમાં જીત્યો હોય તો પણ હારી જ ગયો !

ઠંડું પાણી, અનુકૂળ ઉપાશ્રય વગેરે અપેક્ષાઓ આપણા દેહાધ્યાસની તીવ્રતાની સાક્ષીરૂપ છે. આપણે તેને તોડવી જ રહે. "ગમે તે અવસ્થામાં મારે ચાલશે, મને ફાવશે." એવા શબ્દો સહજ રીતે આપણા મોંમાંથી નીકળશે તે આપણો ધન્યાતિધન્ય દિવસ હશે.

કેવા હતા, તે પિતા-પુત્ર મુનિ ! કીર્તિધર અને સુકોશલ ! તેમના દેહને ક્રમશઃ વૈરિણી વાઘણ ખાવા લાગી છતાં ચૂં કે ચાં નહિ ?

કેવાં હશે, તે ખંધક–મુનિ ! જેમની ચામડીઓ ઊતરડાવાનો પ્રસંગ આવ્યો તે વખતે મારાઓને તેમણે કહ્યું કે, "તમે કહો તે રીતે હું ઊભો રહું, જેથી તમારા કામમાં તમને લેશ પણ દુઃખ ન પડે!"

કેવા હશે તે દશપૂર્વધર વજ્રસ્વામીજી મહારાજના બાળ-મુનિ ! જેમને અનશન કરતાં ગુરુએ વાર્યા અને પાછા મોકલ્યા; તો પાછલી બાજુએથી આવી જઈને કોઈ ન દેખે તેમ ધગધગતી પથ્થરની એક શિલા ઉપર સૂઇ જઇને અનશન લગાવી દીધું ? થોડી જ પળોમાં જેમનો દેહ મીણની જેમ ઓગળી ગયો !

જેમની વાત સાંભળતાં ય રુવાંડાં કંપે છે તે મહા-પુરુષોને કોટિ કોટિ વંદન !

ક્યારે આપણે આવો દેહાધ્યાસ-ત્યાગ સર કરીશું ?

આટલું ધ્યાનમાં લેવા જેવું

[૫] સંથારા ઉપર પ્રતિક્રમણ ન કરવું :

સવારનું રાઈ-પ્રતિક્રમણ સંથારા ઉપર ન કરવું. કેટલાક સંથારાનો ઉત્તરપટ્ટો થોડોક ખસેડીને તે જ સંથારા ઉપદ પ્રતિક્રમણ કરીને મન મનાવે : છે પણ તે ય બરોબર નથી. જે ક્રિયા અપ્રમત્તભાવે કરવાની છે તે ક્રિયા કાંઈક આરામ લેવા અંગેના આસન ઉપર ન કરી શકાય.

જે નાનું આસન હોય તેની ઉપર જ પ્રતિક્રમણ કરવું. આ પ્રતિક્રમણ પણ ગુરુદેવ કે વડીલ જ્યાં પ્રતિક્રમણ કરતા હોય ત્યાં, તેમની પાસે જઈને કરવું. આથી એમની ઉપસ્થિતિમાં બેઠા પ્રતિક્રમણ કરવું આદિરૂપ આળસ કે અવિધિ કરવાની વૃત્તિ પેદા ન થાય.

[૬] 'સ્વજનધૂનન'ને કદી ન ભૂલીએ :

સંસારીપણાના બા, બાપુજી, ભાઈ, બહેન વગેરે વંદનાર્થે આવે ત્યારે તેમની સાવ ઉપેક્ષા કરીને સ્વાધ્યાય જ કરવામાં આવે તો તેમાં ઔચિત્યભંગનો દોષ લાગે. કદાચ આગળ વધીને સ્વજનોને ક્યારેક ધર્મ પ્રત્યે કે આપણા વડીલો પ્રત્યે દુર્ભાવ પણ થાય.

પરન્તુ આ વાતની સામા છેડે બીજી વાત છે; જેમાં સ્વજનો આવ્યા એટલે જાણે કે ગોળનું ગાડું આવ્યું. પછી

એ દિવસે તમામ સ્વાધ્યાય હડતાળ ઉપર ઊતરી જાય. ના....આટલો બધો સ્નેહભાવ જરા ય યોગ્ય નથી. વાત તો ક્યારેય એટલી આગળ વધે છે કે સ્વજનો માટે જમવા આદિની સગવડ કરવા માટે પણ આપણે જ ખૂબ ઉત્સાહિત થઇ જઇને બધી સૂચનાઓ સ્થાનિક ધર્મીજનોને કરવા લાગીએ.

રે ! આ તો અસંયમ કહેવાય ! શાસ્ત્રકાર પરમર્ષિ-ઓએ કર્મનું ધૂનન [ત્યાગ] કરવાનું જેમ આપણને ઉપદેશ્યું છે તેમ સ્વજનધૂનન પણ ઉપદેશ્યું છે. 'ઉચિત' બધું થાય; પણ સ્નેહરાગનું પ્રદર્શન તો ન જ થઈ શકે.

આના અંગેનું એક અતિ સુંદર દૃષ્ટાન્ત આપું.

માતાપિતા પોતાના સંસારત્યાગી પુત્રને વંદના કરવા ગયા. સ્નેહના ભાવે માતાએ લાવેલા ટીફીનની નિર્દોષ વસ્તુનો લાભ આપવા માટે સંયમી પુત્રને અને તેમના ગુરુને વિનંતિ કરી.

તે જ પળે પિતા તે સ્ત્રીને તાડૂકીને કહેવા લાગ્યા કે, "તારો છોકરો શું સાધુપણામાં ભૂખ્યો મરે છે એમ તું માને છે ? જેથી ટીફીન-ભક્તિ કરવા અહીં આવી છે ? મુનિજીવનને મુનિજીવનની રીતે જ વહેવા દેવું જોઇએ. આવી 'ભક્તિ'ઓ કરીને તો આપણે જ આપણા પૂજ્યોનું અહિત કરી રહ્યા છીએ !" કહેવાની જરૂર નથી કે ટીફીનના ડબ્બા તરત જ પાછા ટીફીનમાં પેક થઈ ગયા. ધન્યવાદ એ શ્રમણોપાસક પિતાને !

[૭] 'અચિત્તરજ'નો કાયોત્સર્ગ :

દરેક સાધુ કે સાધ્વીજીએ દર વર્ષની ચૈત્ર સુદ અગિયારસથી ચૌદસ સુધીમાંના લગાતાર કોઈ પણ ત્રણ દિવસમાં સાંજના પ્રતિક્રમણ બાદ 'અચિત્તરજ'નો કાયોત્સર્ગ ફરજિયાત કરવાનો હોય છે. જો આ કાયોત્સર્ગ ભુલાઈ જાય તો એક વર્ષ સુધી [બીજા ચૈત્ર સુદ ૧૧ સુધી] કોઈ પણ પ્રકારના જોગ તે કરી ન શકે તેમ જ બીજાને જોગની વિધિ કરાવી પણ ન શકે. દીક્ષા, વડીદીક્ષા, પદપ્રદાન પણ ન કરી શકે. ઉપધાન ન કરાવી શકે. આગમો ભણી, ભણાવી ન શકે.

જોગ કરવા–કરાવવાના હોય કે ન હોય તો ય આ આ કાયોત્સર્ગ દરેકે ઉપર્યુક્ત સમયમાં કરી લેવો જોઈએ.

તેની વિધિ આ પ્રમાણે છે :

ઇરિયા૦ પડિક્કમીને, ખમાસમણું દેવું. પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અચિત્તરજ ઓહડાવણાર્થં કાઉસગ્ગ કરું ? ઇચ્છં. અચિત્તરજ ઓહડાવણાર્થં કરેમિ કાઉસગ્ગં...બોલીને અન્નત્થ સૂત્ર કહેવું. પછી ચાર લોગસ્સ-સાગરવર...સુધી ગણવા. ત્યાર બાદ પારીને પ્રગટ લોગસ્સ કહેવો; અને અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં દેવું.

સવાલો અને જવાબો

સવાલ (૩) ; જિનશાસનની સેવામાં સાધ્વીજી મહારાજો કોઈ ફાળો નોંધાવી શકે ?

જવાબ : અરે નાનકડી બાળશ્રાવિકા કે પંચ્યાશી વર્ષની ડોસી પણ જિનશાસનની સેવા કરી શકે તો સર્વ-સંગના ત્યાગી; સાધ્વીજી મહારાજ તો – ધારે તો – જબ્બર શાસનસેવા કરી શકે.

જિજ્ઞાસાનું યથાવિધિ પાલન કરવું તે જ મોટામાં મોટી – પહેલા નંબરની – શાસનસેવા છે. બધા સાધ્વીજી આ સેવા કરી શકે છે. પણ હા, તે માટે ય તેમણે તેમની કેટલીક ખાનપાન, માનપાનાદિની લાગણીઓને ત્યાગવી તો પડે જ.

આથી વિશેષ આરાધનાઓ તપ, જપ, વ્રતાદિની – મુનિજીવનના અનેક યોગોની – જે કરે તે વિશેષ શાસનસેવા કરનારા કહેવાય.

આટલું કર્યા બાદ જેમની પાસે વિશિષ્ટ આદેય નામ-કર્મ વગેરેની પુણ્યાઈ હોય તેમણે શાસનસેવાનું ખરેખરું એક કામ કરવા જેવું છે; તે અહીં જણાવું છું.

જ્યાં જાઓ ત્યાં બહેનોને ભેગા કરો. તેમને જિનશાસન, જૈનસંઘ, જિનાગમો વગેરે સમજાવો; શીલાદિનો મહિમા સમજાવો; જમાનાવાદ અને ભોગવાદની ભયાનકતા સમ-જાવો...આ બધું કરીને તેમને વ્રત, નિયમમાં જેટલા વધુ જોડી શકાય તેટલા જોડો. સબૂર ! એકદમ બાધાઓ આપવાની ઉતાવળ ન કરજો. સમજાવજો; સર્વવિરતિધર્મના સ્વીકાર સુધ્ધાંની બધી જ આરાધનાઓ; પણ જ્યારે જે

કાંઈ આરાધવાની ભાવના જાગે ત્યારે પાકી ચકાસણી-પૂર્વક જ પ્રતિજ્ઞા આપજો.

આ રીતે ઘર ઘરમાં જૈનશાસનના ક્રિયાકાંડરૂપ વ્યવહાર-નયનો – મોક્ષના લક્ષની પાકી સમજણપૂર્વક – પ્રવેશ કરાવી દેવાશે તો એક અદ્‌ભુત શાસનસેવા કરી ગણાશે. તેમાં ય ખાસ કરીને સ્વદ્રવ્યે જિનપૂજા અને યથાશક્તિ સામાયિક – એ તો – ઘર ઘરમાં પ્રવેશ પામી જવા જરૂરી છે; આ બે જ આરાધનાઓ એવી છે કે જે સમગ્ર કુટુંબમાં ધર્મની સુવાસ ફેલાવી શકે છે; અને સ્વમાં વિશિષ્ટ ધાર્મિકતાનો પમરાટ પેદા કરી શકે છે.

સાધ્વીજી મહારાજો જો આ કામ ઉપાડી લેશે તો કદાચ કેટલાક વ્યાખ્યાનકાર સાધુ–મહારાજોકરતાં ય મૂઠી-ઊંચેરી શાસનસેવા કરી શકશે.

સવાલ (૪) : મુનિ જીવનમાં ય ચિત્ત સતત અશાન્ત કેમ રહેતું હશે ?

જવાબ : આ ખૂબ જ દુઃખદ બીના છે. જ્યાં એકલી ચિત્ત-શાન્તિ છે ત્યાં અશાન્તિ ! શું કર્મનો ઉદય કારણ તરીકે કહી દેવો ? ના....

આ તો કર્મ ઉપર આરોપ મૂકીને પોતે નિર્દોષ છૂટી જવાનું બને.

ઊંડાણથી વિચારતાં આ અશાન્તિ પાછળ પડેલું તત્ત્વ જોવા મળે છે.

એક નિયમ છે કે તમે જે આપો તે પામો. જો

તમે બીજાને જીવન આપો તો જીવન પામો; મોત આપો તો મોત પામો; ત્રાસ આપો તો ત્રાસ અને અશાતા આપો તો અશાતા પામો.

મુનિ જીવનમાં ઘણી બધી બાબતો તપ, ત્યાગ, વ્રત જપ વગેરેમાં આશ્ચર્યજનક પ્રગતિ કરી શકાય છે એ સર્વમાન્ય હકીકત છે. પરન્તુ આ જીવનમાં જેઓ વડપણ પામવાની સાથે; પદ પામવાની સાથે કે મોટા તપસ્વી, વિદ્વાન કે વ્યાખ્યાતા વગેરે થવાની સાથે – કોઈ પણ ગુર્વાદિની અવિધિ, આશાતનાના પ્રભાવે–નિંદા, કુથલીના કુસંસ્કારોનો ભોગ બની જાય છે તેઓ તે નિંદાદિના પાપે જ ચિત્તથી અશાન્ત બને છે. બીજાઓને ધિક્કારનારા, તિરસ્કારનારા, સતત ટીકા–ટિપ્પણો કરનારા; છેવટે ઘડપણમા રોગાદિથી પણ અશાન્ત અને અસ્વસ્થ બનીને રહે છે. ચિત્તની અશાન્તિનું મૂળ પોતાની અંદર જ પડ્યું હોવા છતાં તેનો ખ્યાલ અચ્છા અચ્છા વડેરાઓને કે વિદ્વાનોને પણ આવતો નથી એ મોટા ખેદની વાત છે.

જો ચિત્તશાન્તિ પામવી જ હોય તો જેઓના જે ગુણનો જેટલા અંશમાં વિકાસ થઇ રહ્યો છે તેની અનુમોદના કે યોગ્ય પ્રશંસા કરીને તેના તરફ સદ્ભાવ વ્યક્ત કરો. આની સાથે તમારું દોષદર્શન પણ પ્રગટ કરો. આથી તમારી પૂર્વે કરેલી નિન્દાની પાપશુદ્ધિ થશે અને સામી વ્યક્તિઓ તમારી પ્રશંસા પામીને જે ચિત્તશાન્તિ વગેરે પામશે તે તમને પણ મળીને જ રહેશે.

સંવેદન
ખામેમિ, મિચ્છામિ, વંદામિ

સંસ્કૃતમાં એક વાક્ય આવે છે; 'ગૃહીત ઈવ કેશેષુ, મૃત્યુના ધર્મં આચારેત્' – "હે જીવ ! યમરાજાએ તારા વાળ ખેંચીને પકડયા છે [હવે તને ઉપાડી લે એટલી જ વાર] માટે તું ધર્મનું આચરણ કરી લે."

શું મોત આટલું બધું સરળ અને સહેલાઈથી આવી જતું હશે ? રે ! ગમે ત્યારે – વગર નોટિસે પણ – મરી જવાય છે ? કોઈ સ્થાનનો; કોઈ તિથિ; કોઇ વાર; કોઇ કલાકનો નિશ્ચય નહિ ! એ બધું અનિશ્ચિત ! અને મોત નિશ્ચિત ! તો જીવનનાં પાપોનું પ્રાયશ્ચિત્ત ક્યારે થાય?

તો વૈર-વિરોધનું વિસર્જન કરવાની તક શી રીતે મળશે ?

જો મોત એકાએક આવી ઊભે; કદાચ એ હાર્ટ-એટેક જ હોય તો શું કરવું ?

રે ! આના કરતાં તો પેલું કેન્સરનું દર્દ કે ટી.બી. જેવું દર્દ સારું, જેમાં નોટિસ મળે; જેમાં દરદી પોતે જ પોતાનું મોત ધીમે ધીમે નજીક આવતું જતું જુએ...જેથી તે બધા વૈર-વિસર્જન, બધા પાપ-પ્રાયશ્ચિત્ત અને પરમેષ્ઠિ ભગવંતોને કોટિ કોટિ વાર વંદના કરી શકે. આમ તેનું જીવન શુદ્ધ બની જાય; મરણ મંગલ બની જાય; મહોત્સવ બની જાય.

પણ આ બધું કાંઇ મારા હાથમાં થોડું જ છે ? મોત કયા રોગ વડે; કયા પ્રકાર વડે આવી ભેટશે તેની શી ખબર ?

તો તો મારે આજથી જ બધી તૈયારી પેલા બંબા-વાળાની જેમ; – બેલ વાગે કે દોડવા જ લાગવાનું – કરી રાખવી પડે. સદ્‌ગુરુની સામે વિધિવત્ પ્રાયશ્ચિત્ત, સર્વ સાથે ક્ષમાપના અને તીર્થયાત્રાદિ દ્વારા પરમેષ્ઠિ–વંદના ! બધું જ કરીને તૈયાર થવાનું.

તે પછી જે કાંઇ નાની નાની ભૂલો થાય તેના નિવારણ માટે હું ત્રણ પદોનો પાઠ કરીશ, તેનું ભાવપૂર્વક અર્થચિંતન કરીશ. તેના અર્થોને ભાવથી સ્પર્શીશ. આથી સર્વ પાપ–પ્રાયશ્ચિત્ત, વૈર–વિસર્જન અને વંદના બની રહે... પછી કદાચ છેલ્લે સમયે ગુરુ સામે, આ બધું ન કરી શકું તો ય ત્રણ પદોના પાઠથી મારી જાતે હું તે કરી શકીશ.

આજથી જ ત્રણ પદોનો જપ – અજપાજપ જેવો – શરૂ કરું છું.

ખામેમિ, મિચ્છામિ અને વંદામિ. હું સર્વ જીવોને ખમાવું છું. ખામેમિ સવ્વ જીવે. હું મારાં સઘળાં પાપોનું 'મિચ્છામિ દુક્કડં' દઉં છું. હું–મિચ્છામિ દુક્કડં.

હું અનંતાનંત પાંચે ય પરમેષ્ઠિ ભગવંતોને (અને શેષ સર્વ વંદનીયને) વંદના કરું છું.

—વંદામિ જિણે ચઉવીસં. મૃત્યુની છેલ્લી પળોમાં કદાચ મોત ઉતાવળે આવતું હશે તો હું બધાં પદો અને બધું અર્થચિન્તન કદાચ નહિ પણ કરી શકું...તો ય તે વખતે તેના સારરૂપે જ મારાં આ ત્રણ પદોના ઉચ્ચાર હશે : ખામેમિ, મિચ્છામિ, વંદામિ.

આજથી – હોઠ ફફડાવ્યા વિના – સર્વત્ર; સૂતા, બેસતા, ઊઠતાં હું આ ત્રણ પદોનો માનસ-જાપ ચાલુ કરું છું. ખામેમિ, મિચ્છામિ, વંદામિ.

જગતના સર્વ જીવો ! તમારી સાથે મારો આ જન્મમાં કે જન્માન્તરોમાં – કયારેક મનસા, વાચા, કર્મણા વેર-વિરોધ, મનદુઃખાદિ થયાં હોય તો તે બદલ અંતઃકરણથી ત્રિકરણ યોગે હું ખમાવું છું : તમે મને ઉદારતાથી ક્ષમા આપો.

મેં મારા વર્તમાન જીવનમાં કે ભૂતકાલીન જીવનોમાં મિથ્યાત્વ અવિરતિ આદિથી પ્રેરાઈને જે કોઈ પ્રકારનાં પાપો આચર્યાં હોય તે સર્વનું ત્રિવિધે ત્રિવિધે મિથ્યા દુષ્કૃત ઇચ્છું છું. પુનઃ પુનઃ માથું નમાવીને, ભાવપૂર્વક તે સર્વ પાપોની નિંદા–ગર્હા વ્યક્ત કરું છું.

આ જગતમાં ત્રિકાળમાં; પંદરે ય કર્મભૂમિમાં જે પાંચે ય પરમેષ્ઠિ ભગવંતો થયા છે અને થશે તે સર્વને – તેમના પ્રત્યેક ગુણને – હું ત્રિવિધે અનુમોદું છું. એમની એ આત્મશુદ્ધિની સ્વ-પરલક્ષી સાધનાને અને સિદ્ધિઓને ભાવભર્યા પ્રણામ પુનઃ પુનઃ કરું છું.

બસ આ ત્રિપદીનો મને ભાવજપ પ્રાપ્ત થાઓ. આ જપ મારો શ્વાસપ્રાણ બની જાઓ. પછી ગમે ત્યારે ભલે મોત આવતું. પળના એ મોતમાંથી જ હું આ ત્રિપદીના પ્રભાવે અનુપમ જન્મ પ્રાપ્ત કરી લઈશ. જેમાં અજન્મા થવાની સાધના કરીને મારો તે જન્મ સફળ બનાવી દઈશ.

પાઠ : ૩

સ્વદોષદર્શન

જે સ્વદોષદર્શન ન કરે એ વળી ધર્મી શેનો ? કદાચ એ ધર્મનો ક્રિયાકાંડી હોઈ શકે.

ધર્મના આરંભને પેદા કરતા ગુણોમાં સ્વદોષદર્શનનું સ્થાન છે.

જેઓ ધર્મ કરે છે એમને જ્યારે ધર્મનું અજીર્ણ પેદા થાય છે ત્યારે તેઓ આ પાયાની ઈંટ – સ્વદોષદર્શન ગુમાવી બેસે છે અને પરદોષદર્શન કરીને પોતાનો સઘળો ય ધર્મ ધોઇને સાફ કરી નાંખે છે.

પારકાના દોષોનું દર્શન કરવામાં કોઈ એવી અનોખી રસલબ્ધિ છે કે જેને ચાખ્યા પછી ભલભલા અચ્છા અચ્છા ધર્મી–જગતના રૂસ્તમો પણ છોડી શકતા નથી.

બીજાઓને દારૂ આદિના નશા છોડાવી શકનારા, જાતે પણ કેરી આદિનો રસ ત્યાગી શકનારા પરદોષ-દર્શનનો રસ જ્યારે ન ત્યાગી શકતા હોય ત્યારે જ પરદોષદર્શનના રસની તીવ્રતા કે માદકતાની આપણે કલ્પના કરી શકીશું.

એક વાત નિશ્ચિત છે કે પરદોષદર્શન અને સ્વદોષ-

દર્શન બે ય સાથે એક જ આત્મામાં રહી શકતા નથી. જેઓ પારકાના દોષોને જોવા દ્વારા ચૂંથે છે તેઓ કદી પણ પોતાની જાતના એકાદ પણ દોષને જોવા સફળ બનતા નથી.

ખરેખર તો આપણી જાત જ એટલા બધા અગણિત દોષોથી ઊભરાઈ, ગંધાઈ ઊઠી છે કે જો તે જોઇએ તો બીજાના દોષોને જોવા માટે આખી જિંદગીમાં ક્યારે ય એક પળ પણ ન મળે.

સ્વદોષદર્શન કરવાથી બે લાભ થાય છે. એથી સ્વગુણ-દર્શન અને પરદોષદર્શન બે ય બહુ ખરાબ અવગુણોનો નાશ થાય છે.

પરદોષદર્શનથી બેવડું નુકસાન થાય છે. એનાથી પરગુણદર્શન અને સ્વદોષદર્શ - બે ય લાભ ખતમ થઈ જાય છે.

યાદ રાખો કે આ બધું ધર્મના આરંભના વખતે જ વિચારવાનું છે. સ્વદોષદર્શન અને પરગુણદર્શન જે પામે નહિ; પરદોષદર્શન અને સ્વગુણદર્શનને જે ખતમ કરી શકે નહિ તે આત્મા ગમે તેટલા ત્યાગ, તપ કરે કે કોઈ મહાન્ શાસનપ્રભાવક બને તેનાથી બીજા કદાચ તરી જશે પણ તે પોતે તો નહિ જ તરી શકે.

ક્યારેક તો અજૈન ધર્મના ત્યાગીઓની આ બાબતની વિશેષતા જોઈને અને જૈન ધર્મના કોક ત્યાગીની આ બાબતની શૂન્યતા જોઈને હૈયામાંથી તીણી ચીસ નીકળી

જાય છે! રડતું મન બોલી ઊઠે છે કે શું આ રીતે આ ત્યાગી જાતનું કે જગત્નું કલ્યાણ કરી શકશે ?

આગથી દાઝેલો પાણીમાં જાય; અને પાણીમાં જ આગ પેદા થાય તો પછી જવું ક્યાં ?

મહોપાધ્યાયજીએ સાચા સંસારત્યાગીનાં જે લક્ષણો અધ્યાત્મસાર ગ્રન્થમાં બતાવ્યાં છે તેમાં કહ્યું છે કે, "સાચો ત્યાગી, વિરાગી આત્મા પારકાના દોષની બાબતમાં મૂંગો, બહેરો અને આંધળો હોય. એવો એ બનીને જ પોતાની અંદર પલાંઠી મારીને નિરાંતે બેસી શકે અને આત્માના અનંત દોષ-શલ્યોનું સૂક્ષ્મતાથી અને પૂરી શાન્તિથી દર્શન કરીને તેનું ઉન્મૂલન કરી શકે.

પરાયા દોષોના દર્શનના રગડા કેટલા અને તેમાં અશાન્તિ કેટલી બધી ? આવો આત્મા સ્વદોષદર્શન માટે સમય જ ક્યાં મેળવી શકે ?

સ્વદોષદર્શન કરે છે; તે ગીતાર્થ ગુરુ પાસે એનું આત્મનિવેદન (આલોચના-ભવાલોચના) કર્યા વિના રહી શકતો નથી. એનું જે તપ વગેરે સ્વરૂપ પ્રાયશ્ચિત્ત મેળવે છે તેને જલદીથી વહન કર્યા વિના ટકી શકતો પણ નથી. એવા પ્રાયશ્ચિત્તની પ્રત્યેક પળે એની આંખો ચોધાર આંસુએ રડતી રહે છે. જીવનને કેવી રીતે પાયમાલ કરી નાખ્યું ? તેનાં સંવેદનોથી તે હરેક પળે કંપી ઊઠે છે! ધન્ય છે; આવા સ્વદોષને જ જોનારા અને પરદોષ પ્રતિ મૂક, અન્ધ અને બહેરા બની ગયેલા આત્માને! કોટિ કોટિ વંદન એનાં ચરણોમાં !

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૮) લોચની ઉપેક્ષા ન કરવી.

સામાન્યતઃ દર છ મહિને [ફાગણ અને શ્રાવણમાં] લોચ કરાવવાનો હોય છે. કોઈ મગજની બીમારી જેવા આગાઢ કારણે ફાગણ માસમાં લોચ ન કરાવી શકાય તે બને, પણ સંવત્સરી પ્રતિક્રમણ પૂર્વે તો લોચ કરવો જ જોઈએ. તે વખતે ય માથામાં ગૂમડાં થઇ જવાં વગેરે આગાઢ કારણ આવી પડ્યું હોય તો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કાતર કે અસ્ત્રો ફેરવીને પણ મુંડન કરાવી લેવું પડે. આવું મુંડન કરાવનારને શાસ્ત્રનીતિ મુજબ દર પંદર દિવસે કે દર મહિને કાતર કે અસ્ત્રાથી ફરજિયાત મુંડન કરાવતા રહેવું જ જોઈએ; જેથી સહુને જાણ થાય અને દંભનું સેવન થઈ જવા ન પામે.

પણ આ તો આગાઢ કારણની વાતો થઇ. બાકી તો વર્ષમાં બે વખત લોચ કરાવવો જ જોઇએ. લોચના તો અનેક લોકોત્તર લાભો છે પણ આ કડક–નિયમનો બીજો લૌકિક લાભ એ છે કે જે તે અયોગ્ય વ્યક્તિ દીક્ષા લેતાં હજાર વાર આપમેળે અટકી પડે છે, આથી મુનિ-સંસ્થામાં બગાડ પેસતો આપમેળે અટકી જાય છે. જો આ લોચ–નિયમને ઢીલો મૂકવામાં આવશે તો આખી મુનિ-સંસ્થા અયોગ્ય-પ્રવેશને કારણે શિથિલ થઈને પાયમાલ થશે. પોતાનું માનવંતુ વ્યક્તિત્વ ગુમાવી બેસશે.

મુનિ-સંઘની ગૌરવાન્વિતને વિશિષ્ટતાને જાળવવા ખાતર પણ દરેકે બે વખત લોચ કરાવવો જોઈએ.

(૯) નિત્ય એકાશન અને ઉણોદરી

જો શારીરિક આરોગ્યનો ખાસ વાંધો ન હોય તો 'એગભત્તં ચ ભોયણં'નો શાસ્ત્રવાદ બરોબર આચરવો જોઈએ. બીજો મોટો તપ કદાચ ન જ થાય; અને માત્ર અખંડિત એકાશન તપ કરાય તો પણ તે ખોટું નથી.

અખંડિત–એકાશન–તપ કરનારા ભાગ્યવાન મહાત્માઓ આજે પણ સારી સંખ્યામાં છે. દીક્ષાગ્રહણના દિવસથી ૧૦, ૧૫, ૨૦–૨૦ વર્ષ સુધી એકાશનનું અખંડ વ્રત આજે પણ છે.

પરન્તુ કેટલાકને આ વ્રત ૧૦, ૧૫ વર્ષ બાદ પણ છોડવું પડયું છે. આરોગ્ય બગડવાથી જ તેમણે આ વ્રત મૂકયું હોય એ સમજી શકાય તેવી વાત છે. પણ આવી સ્થિતિ પેદા કેમ થઈ ?

તેનું મુખ્ય કારણ એકાશનમાં પેટ ભરીને કે તેથી પણ થોડું વધુ વાપરવા અંગેનું લાગે છે. આપણે ત્યાં 'ઉણોદરી'નું જે વ્રત બતાવ્યું છે તે આ એકાશનમાં જો જોડવામાં આવે તો પ્રાયઃ આ વ્રત મૂકવાની ફરજ ન પડે.

બેશક, ઉપવાસ કરવો સહેલ છે; પણ ઉણોદરી અઘરી છે. પરન્તુ તેના વિના અખંડ-વ્રતધારણનો અપાર આનંદ માણી શકાય તેમ નથી.

(૧૦) ઓઘો બે ટાઇમ; ૧૫ દી'નું પ્રતિલેખન

શાસ્ત્રવિધ મુજબ રજોહરણ બે ય પ્રતિલેખનના સમયોમાં છોડીને પ્રતિલેખન કરીને બાંધવું જોઇએ. તેમાં પ્રાતઃકાળે પાંચ વસ્ત્રોના પ્રતિલેખન વખતે; અને સાંજે વસ્ત્ર પ્રતિલેખનના છેડે આ વિધિ કરવાની હોય છે.

મન ફાવે ત્યારે આઠ, નવ કે અગિયાર વાગ્યે અથવા સાંજે સંધ્યા સુધીમાં ગમે ત્યારે આ વિધિ કરાય નહિ કે દિવસમાં એક વાર અથવા પંદર દિવસે એક જ વાર રજોહરણ ખોલીને બંધાય નહિ. રોજના બિનવપરાશની તમારી ઉપધિનું પ્રલિલેખન દર ચતુર્દશીએ કરવું જ જોઇએ. તમામ વસ્ત્રો અને તમામ પુસ્તકોનું (પૂંજણીથી) પણ પ્રતિલેખન કરવું જોઈએ. પાટ, પાટલાને તે દિવસે વિશેષ સૂક્ષ્મતાથી પ્રતિલેખવા જોઈએ. પેક કરેલું બોક્સ હોય તો તે પણ ખોલીને તેની ચીજોનું પ્રતિલેખન કરવું જોઈએ.

પહેલી સંયમ-વિધિઓ ! પછી જ પરાર્થનાં કહેવાતાં કાર્યો ! પરાર્થના નામે સ્વાર્થને કદી ઉપેક્ષિત ન સમજવો.

સવાલો અને જવાબો

સવાલ (૫) : શિષ્યો ગુરુની વાત ન જ માને તો શું કરવું ?

જવાબ : જો આવું બનતું જ હોય તો ગુરુએ આત્મનિરીક્ષણ કરવું અને જોવું કે તેમણે પોતાના ગુરુની વાતો માની હતી ખરી? જો ના.... તો જવાબ જડી ગયો. જો હા....તો એ વિચારવું કે જે વાત શિષ્યો પાસે કરાવવી છે તે પોતે કરે છે ખરા? જો પોતે ન કરતા હોય તો પોતે તે આચરણ શરૂ કરવું એટલે તરત શિષ્યો પણ તેમ કરવા લાગશે.

છતાં ય જો શિષ્યો સાનુકૂળ ન બને તો તેમને વાત્સલ્યપૂર્ણ શબ્દોથી હિતશિક્ષા આપવી. જરૂર પડે તો છેલ્લે ઠપકાની ભાષામાં પણ થોડુંક કહી શકાય. આચારાંગ સૂત્રમાં રાજા દ્વારા શિષ્ય ઉપર ધાક બેસાડાવીને ગુરુએ શિષ્યને સીધો કરી દીધાનો પ્રસંગ પણ આવે છે.

શિષ્યો ઉચ્છૃંખલ બની જાય; આમન્યામાં ન રહે તો તેનાથી ક્યારેક ઘણાં મોટાં અહિતો થવા સંભવે છે. ક્યારેક મોટી શાસનહીલના પણ થઈ જવા પામે. આવી સ્થિતિમાં નવા શિષ્યો કરવાનું બંધ કરવું જરૂરી લાગે છે, જેથી જૂના શિષ્યોનાં તોફાન નવા સાધુમાં ન પ્રવેશે.

વિસ્તાર તો બગીચાનો કરાય; ઉકરડાનો કદાપિ નહિ.

'અયોગ્ય'ને દીક્ષાઓ આપી દેવાની ગુરુની ભૂલનું આ પરિણામ તો નહિ હોય ને? એકાદ પણ અયોગ્ય વ્યક્તિનો ગ્રુપમાં પ્રવેશ થાય તો આખા ગ્રુપનાં સુખશાન્તિ અને આત્મહિત ઠેબે ચડી જતાં હોય છે. હાથે કરીને પેટ ચોળીને શૂળ ઊભું કર્યા જેવી આ વાત નથી?

સવાલ (૬) : તપ ન જ થાય તો? જ્ઞાન ન જ ચડે તો? વડીલોની ભક્તિ ન જ થાય તો?

જવાબ : કોઈ શારીરિકાદિ ખાસ કારણોસર તપ ન જ થાય તો તેથી નિરાશ ન થઈ જવું. તેવી વ્યક્તિએ વધુમાં વધુ ત્યાગ કરવો, નવકારશી કરવી પડે તો દૂધમાં સાકર ન નંખાવવી, ખાખરો લુખ્ખો જ લેવો. બેની જરૂર હોય તો એકથી જ ચલાવી લેવું. આવું દરેક બાબતમાં ત્યાગનું વિશિષ્ટ જીવન જીવી શકાય.

એ જ રીતે વધુ ગાથાઓ ભલે ન ચડે – કંઠસ્થ ન થાય – પણ તો ય ગોખવાનો ઉદ્યમ તો કરવો જ. રોજ ત્રણચાર કલાક તો ગોખવું જ. આનાથી જ્ઞાનાવરણીયાદિ કર્મનો જોરદાર ક્ષયોપશમ થશે. આ ભવે નહિ તો આવતા ભવે સીધું કેવળજ્ઞાન પણ મળી જશે.

એ જ રીતે ગ્લાનતા આદિ કારણે ગુર્વાદિ વડીલોની સેવા ન થઈ શકતી હોય તો તેમના પ્રત્યે ભારોભાર બહુમાનભાવ તો રાખવો જ. 'મારા ગુરુ' એ જપ શ્વાસે શ્વાસે ચાલતો રહે; રૂંવે રૂંવે તેમના દર્શનાદિનો આનંદ પ્રસરતો રહે તે કાંઈ નાની–સૂની આરાધના નથી.

સવાલ (૭) : વડીલ ગુર્વાદિની પ્રકૃતિ ખરેખર વિષમ હોય તો શું કરવું ?

જવાબ : ચંડરૂદ્રાચાર્યજી કેવી વિષમ પ્રકૃતિ ધરાવતા હતા ? છતાં તેમના શિષ્યે કુલવટ દાખવી તો તેમને કૈવલ્ય પ્રાપ્ત થયું.

જો વડીલ ગુર્વાદિ પાંચ મહાવ્રતોના અચ્છા આરાધક હોય અને જિનાજ્ઞાના પૂરેપૂરા – કટ્ટર – ચાહક હોય તો તેમની પ્રકૃતિની ક્રોધ વગેરે વિષમતાઓને શિષ્યે સહન કરી લેવી તે જ શિષ્યની ખાનદાની છે. દીક્ષા દઈને જે ગુર્વાદિ વડીલે સંસારસાગરમાં ડૂબતા ઉગાર્યા છે એ એક જ ઉપકાર એવડો મોટો છે કે તેની સામે તેમની પ્રકૃતિની વિષમતા એ કોઈ એવી મોટી વાત નથી કે જે તેમનો ત્યાગાદિ કરાવવા સુધી આપણને લઈ જાય ! સંસારમાં તે સ્ત્રી જ ખાનદાન અને કુલપ્રસૂતા કહેવાય છે જેને સાસરે ક્રોધી પતિ મળ્યો તો ય તેની સેવામાં પરાયણ બનીને જીવન જીવે છે. આવી સ્ત્રીનું દૃષ્ટાન્ત લઈને સ્વકીય જીવન જીવવાની કોશિશ કરવી જોઈએ.

વડીલનાં કડવાં વેણથી અકળાઈ જાય તે શિષ્ય કહેવાને લાયક જ નથી. સંવેગરંગશાળામાં કહ્યું છે કે, “ધિક્કાર છે, તે શિષ્યોને; જેને કડવાં વચન કહેતાં ગુરુને ખંચકાટ થાય છે.”

વિષમ પ્રકૃતિને આપણે સહન કરો; પ્રકૃતિને ય ફરવું જ પડશે. વિષમ મટીને સમ થવું જ પડશે. પણ તે માટે પણ અધીરા ન થઈએ. ધીરજ ધરીને—ફલાશંસા રાખ્યા વિના બસ...ગુરુસેવા કર્યા જ કરવી.

સંવેદન

પકડી લો; ઓલા માંચડાને

આષાઢી વીજળીઓ ઝબૂકી રહી છે. ભયાનક કડાકા ગજવતી ભીષણતા ફેલાવી રહી છે. થોડી વારે બારે ખાંગે મેઘલા તૂટી પડચા. બપોરનો સમય છતાં ચોફેર અંધારું જામવા લાગ્યું. સાગરમાં પાણી ચડવા લાગ્યાં. થોડી વારમાં ઘોડાપૂર ધસમસ્યાં. ભયની સાયરનો વાગવા લાગી. પણ તે પહેલાં તો સાબરે પોતાની બાથમાં કેટલાં ય ઝૂંપડાંને ઉપાડી લીધાં હતાં. કુતૂહલી લોકો ટોળે વળીને દૂર દૂરથી સાબરના ઘોડાપૂરની કુદરતી લીલાને આછા અજવાળે નીરખી રહ્યા હતા.

તણાતાં વૃક્ષો, ચીસો પાડતાં કૂતરાં વગેરે પશુઓ, કોઈ લાકડાને વળગીને તણાતી અબળા...બધું ય ધસમસતા વેગમાં વેગથી પસાર થતું હતું. જીવસટોસટના ખેલ ખેલતા જીવોને જોવામાં ય કુતૂહલી લોકો આશ્ચર્ય, આનંદ અને નિઃસ્તબ્ધતાનો અનુભવ કરતા હતા.

પણ અમાવસ્યાની અંધારી રાતે ય ચમકતી વીજળીની કોર તો અજવાળી જ હોય છે તેવું એક દૃશ્ય કુદરતે અહીં સર્જ્યું હતું. લગભગ કિનારા ઉપર રહેલો એક વડલો અડીખમ ઊભો હતો. પાણીની થાપટો એને ધરતી ઉપર ઢાળી શકી ન હતી. લોખંડી પાટાઓને વાળી નાંખનારા, મોટાં તોતિંગ મકાનોને ઢાળી દેનારા પૂરમાં આ વડલો પણ પ્રશ્ન હતો. શે અડીખમ રહી ગયો ? એ સહુના લમણે ઝીંકાતો દાતરડા જેવો એ ઊભો હતો અને કેટલાકના જાન બચાવતો ય હતો એ પરમ સુખદ આશ્ચર્ય હતું.

વડલાના માથે કોક માંચડો હતો. માંચડે કોક સાપ હતો, એક ઘોડો ચડી ગયો હતો, એક પંખી ય બેઠું’ તું; કેટલાક માનવો ય બેઠા હતા.

એ બધા ય તણાતા સહુને સાદ દઈ ને કહેતા’તા, “એ...આમ ચાલ્યા આવો, અહીં માંચડે ચડી આવો.... બચી જશો.” આ સાદ સુણીને જે આવ્યા તે બચ્યા, બાકીના સહુ ડૂબી ગયા.

ઘોડાપૂર ધીમે ધીમે ઊતરી ગયાં. વિષય અને કષાયની વકરેલી વાસનાઓ એ આપણી જીવન-સાબરમાં ઉમેટેલાં ઘોડાપૂર જ છે ને ? તણાય છે, અનેક આત્માઓ; ગુમાવે છે જાન અને જીવન ! પ્રાણ અને પ્રતિષ્ઠા !

બજી રહી છે, સાયરનો સદ્‌ગુરુઓની વાણીની ! પણ સાંભળે છે કોણ ? સાંભળે તો ય સમજે છે કોણ એના સંકેત ? આ બધાની વચ્ચે ઊભો છે જીવનદાતા વડલો; જિનશાસનનો...માંચડો છે; ધર્મક્રિયાઓનો અને મૂળિયાં છે; જિનાગમોનાં...

એની ઉપર જે જઈ બેઠાં છે, તે છે; ચાંકોશીઓ નાગ; જાતિ-સ્મરણવાળો ઘોડો; મહાત્મા ગરુડરાજ જટાયુ; અને કંઈ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકોનો માનવગણ ! જેને બચવું છે તેને આજે ય બચવું મુશ્કેલ નથી. જે કોઈ ઓલા માંચડાનું શરણ લે છે એ અમર બને છે; માંચડો તો કદી ડૂબનાર નથી; લગીરે તૂટનાર નથી, કેમકે વડલો જ ભારે મજબૂત છે. એનાં મૂળ ક્યાંય ટસનાં મસ થાય તેમ નથી.

ભલે આ હૂંડા (ભૂંડા) એવી અવસર્પિણીનો કાળ

ગણાતો હોય; પણ જેને તરવું જ છે તેને તો આ કાળમાં ય ડુબાડનારો કોઇ જન્મ્યો નથી, અને જેને ડૂબવું જ છે એને તારવા કોઇ કરુણાનો મહાસાગર પેદા થઈ શકે તેમ નથી.

જગતની કરુણાથી ધર્મનો આરંભ કરો; તમારી નક્કર આરાધનાથી એનો વિરામ લો. બચાવાય તેટલું જગત કે ઘર બચાવો....બાકી વાતમાં કાંઈ માલ નથી. ઘણાં બચી શકે તેવો આ કાળ નથી. પણ હા....બધાં ડૂબી જાય તેવો ય આ કાળ નથી.

તો ચાલો, ઓલા માંચડાને જ વળગી જઇએ. જ્યાં ઘૂઘવાતા ઘોડાપૂરનાં નીર કદી પહોંચી શકનાર નથી; કોઇને ડુબાડી શકનાર નથી.

સ્વજનો અને સ્નેહીજનો સાથે આવો તો સારી વાત છે; નહિ તો અશરણભાવના અને એકત્વભાવના ભાવીને માંચડે ચડી જવું એ જ શ્રેયસ્કર માર્ગ છે.

વિશ્વમાત્રની અનોખી અજાયબી રૂપ આ માંચડો છે. એના સ્વરૂપનું વર્ણન સાંભળે તો મોટા રૂસ્તમનાં ય રુવાંડાં ઊભાં થઈ જાય તેમ છે. પણ માંચડાના આશ્રિતો! એક વાત સાંભળી લો કે આ માંચડાની બહુ ઝાઝી વાત જગતમાં કરજો મા! એનાં બહુ વખાણ પણ જાહેરમાં કરજો મા! નહિ તો.... અનેક લુચ્ચા લોકો તેમાં બેસવા આવશે. એના વિકાસના નામે એનો વિનાશ કરવાના પ્રયત્નો કરીને એક વાર તો જોરદાર અંધાધૂંધી મચાવી દેશે! (તેમાં તેઓ સફળતા નહિ જ પામે એ બીજી વાત છે.)

પાઠ : ૪

સર્વજીવ-સ્નેહપરિણામ

વાસ્તવિક ધર્મના આરંભમાં જે ગુણો પડેલા છે તેમાંનો એક છે; સર્વજીવ-સ્નેહપરિણામ.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના ચારિત્રધર્મને સર્વજીવ-સ્નેહપરિણામ સ્વરૂપ કહ્યો છે. ચોથા ગુણસ્થાનવર્તી સમ્યક્ત્વનાં પાંચ લિંગોમાં પણ જીવ માત્ર પ્રત્યે અનુકંપા – કરુણા જણાવાઈ છે.

માર્ગાનુસારી અરે ! આદિધાર્મિક અવસ્થામાં પણ સર્વ જીવો પ્રત્યે દયાનો પરિણામ જણાવવામાં આવ્યો છે.

આવો સ્નેહ પરિણામ જો સંસારત્યાગીના જીવનમાં ક્યાંક પણ – કોઈ એકાદ વ્યક્તિ પ્રત્યે પણ – ન જોવા મળે તો ? શું મુનિજીવનમાં ક્યાંય-કોક પ્રત્યે અરુચિ, દ્રોહ, દ્વેષનો પરિણામ હોઈ શકે ખરો ?

મુનિજીવનના સ્નેહપરિણામની મધુરતાની તો શી વાત કરવી ! જો ખરેખર એ મધુરતાનો પ્રભાવ જોવો હોય તો કૃષ્ણ મહારાજાના સંસારીપણાના મોટા ભાઈ બલદેવમુનિના જીવન તરફ દૃષ્ટિપાત કરો. તેઓએ જે વનમાં રહીને સાધના કરી હતી તે આખું વન તેમના અંતરમાં ઊભરાઈને

છલકાયેલા સ્નેહપરિણામની ગાઢ અસરથી પરિપ્લાવિત બની ગયું હતું. જાત્યવૈરી પશુઓ પોતાના વૈરભાવનો ત્યાગ કરીને સ્નેહપરિણામથી ઊભરાઈ ગયા હતા. રે ! એટલું તો હજી બીજા કોઈ રમણ મહર્ષિ આદિમાં ય જોવા મળશે; પણ અહીં તો ઘટના ખૂબ આગળ વધી હતી. એ પશુ-યોનિના અનેક જીવો આ 'વિશ્વમિત્ર' મુનિના સાનિધ્યથી સમ્યક્ત્વ અને દેશવિરતિનો પરિણામ પામ્યા હતા. કેટલાકને જાતિસ્મરણજ્ઞાન થયું હતું. તેમાંના કેટલાક તપ કરવા લાગ્યા હતા; કેટલાક જીવનનો મોટો ભાગ કાયોત્સર્ગમાં રહેતા હતા. આવાં દશ્યો જોઈને ત્યાં પધારેલા પાંડવ–મુનિઓ સ્તબ્ધ બની ગયા હતા.

જો મુનિવ્રતસ્વામીજી ઘોડાને ય સ્નેહપરિણામથી નવડાવતા હોય; જો પ્રભુ–વીર ગોશાળા અને ચંડકોશિયાને પણ ક્રમશઃ ૪થા પમા ગુણસ્થાને વહાલથી ચડાવીને દેવલોકની ઊંચી ગતિના રસ્તે વળાવતા હોય તો આજની દુનિયાના આપણે – ધર્મભેદ, પક્ષભેદ, ગચ્છભેદ કે કોમભેદ ધરાવતા જીવોને વહાલથી કેમ સત્કારી ન શકીએ ? રે ! આપણને આપણા જ ધર્મના, પક્ષના, ગચ્છના સાધર્મિકો પ્રત્યે તિરસ્કાર કેમ પેદા થઈ શકે !

અરે ! અરે ! રાત ને દી સેવા કરતા શિષ્ય ઉપર નફરતનો ભાવ શા માટે પેદા થાય છે.

જેમને અધ્યાત્મ–ગીતામાં સિદ્ધભગવંતના સાધર્મિક કહેવામાં આવ્યા છે એ વિશ્વમાત્રના સર્વ જીવોમાંના

એકાદા પણ જીવ તરફ દ્રોહાદિનો પરિણામ ! હાય ! આપણું શું થશે ?

વંદન છે, તે ધર્મરુચિ અણગારને ! જેમણે આ સ્નેહપરિણામને કારણે જ કડવી તુંબડીના સ્પર્શે મૃત્યુ પામતા જીવોને મોતથી મોકળા કરીને જાતે મોતને વધાવી લીધું !

પૂજન કરીએ, તે અન્નિકાપુત્ર આચાર્યનું; જેમને મરણાન્ત કષ્ટની કારમી વેદના વખતે પણ પોતાના લોહીનાં પડતાં બિંદુઓથી પાણીના જીવોને થતા ત્રાસથી અત્યંત ત્રાસ પેદા થયો !

પુદ્ગલાશક્તિને લીધે બીજા જીવોને પીડા આપવામાં કદી પાછી પાની થઈ નથી. હવે એ અનાદિ અપકારનો છેદ ઉડાડવો હોય તો પુદ્ગલાનંદી મટીને આત્માનંદી થઈને સહુને સ્નેહનું દાન કરીએ; મોકળા હાથે, મોકળા મને...

ના...ના...આ સિવાય તો પરપીડાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત સંપૂર્ણ તો નહિ જ બની શકે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧૧) ઔષધિ છેવટે ભળાવો :

ખરો નિયમ તો એ છે કે કોઈ પણ ખાદ્ય, પેય કે

માલિશની તૈલાદિ વસ્તુ – ઔષધિ સુદ્ધાં – આપણી પાસે ન હોવાં જોઈએ. જ્યારે, જે વસ્તુનો જેટલી માત્રામાં ખપ પડ્યો ત્યારે, તે વસ્તુ, તેટલી જ માત્રામાં લાવીને તેનો તે જ દિવસમાં ઉપયોગ કરી દેવો જોઈએ. જેવું ગોચરી અંગે તેવું જ આરોગ્યના ઔષધિ, તેલ વગેરે અંગે.

પરન્તુ હાલ આ વિષયમાં યથાયથ પાલન થતું જોવા મળતું નથી. તો છેવટે એટલું કરવું યોગ્ય છે કે દિવસે લાવેલી ઔષધિઓ કે તેની પોટલી સૂર્યાસ્ત થતાં પહેલાં ગૃહસ્થને સોંપી દેવી; પોતાની પાસે રાખવી નહિ. બીજે દિવસે જ્યારે જરૂર પડે ત્યારે તે વસ્તુઓ પાછી લાવવી અને વળી સાંજ પહેલાં ભળાવી દેવી. જો આમ કરવામાં ન આવે અને રાત્રિ દરમ્યાન પણ પોતાની પાસે રાખી મૂકવામાં આવે તો તે વ્યક્તિને રાત્રિભોજનનો દોષ લાગે છે.

જો શાસ્ત્રીય નિયમો પ્રમાણે ચાલીશું તો પ્રાયઃ આરોગ્ય જ બગડશે નહિ; તેમ થતાં ઉપર્યુક્ત વ્યવસ્થાનો કે દોષનો સવાલ જ ઊભો થશે નહિ.

(૧૨) અતિ વહેલો કે મોડો વિહાર ન કરવો :

શાસ્ત્રવિધિ પ્રમાણે તો દિવસના ત્રીજા પ્રહરમાં જ વિહાર કરવાનો છે. છતાં કારણાવશાત્ પ્રથમ પ્રહરમાં અને વિશેષ કારણે તો સૂર્યોદય પૂર્વે પણ – પ્રકાશ થઈ ગયા બાદ – વિહાર થઈ શકે છે.

પરન્તુ આથી પણ વહેલો – સાવ અંધારામાં વિહાર કરવો તે ઉચિત નથી. તેમાં ય વળી નિષ્કારણ સાવ અંધા-

રામાં વિહાર કરવો તે તો ખૂબ જ અનુચિત છે. આ રીતે સાંજે સન્ધ્યા-સમય પછી અંધારુ થઈ જાય ત્યાં સુધી વિહાર કરતા રહેવો તે ય તદ્દન અનુચિત છે.

ખરેખર તો કામળીનો કાળ થયો એટલે વસતિની બહાર નીકળવું તે જ ઉચિત ન ગણાય.

આપણે આ મર્યાદાઓને કમ સે કમ સમજી તો લેવી જ રહી. જેથી અવિધિ સેવતી વખતે પણ તેનો જોરદાર ડંખ તો રહે જ; હૈયું ધિટ્ટ બનીને ચીકણાં કર્મો તો ન જ બાંધે.

દોષ સેવાય તો પણ કાળ, જમાનો વગેરેના નામે દોષનો બચાવ કરવાનું સૌથી હીચકારું પાપ તો આપણે કદી ન કરીએ.

(૧૩) બીજા પામી જાય તેવી ગોચરી :

વ્યાખ્યાનકાર ગીતાર્થ મુનિ વ્યાખ્યાન દ્વારા બીજા જીવોને જેટલું પમાડી શકે તેનાથી ઘણું વધુ ગોચરી લાવનાર સાધુ કે સાધ્વી પમાડી શકે. પણ તે માટે તેઓ ગીતાર્થ કે ગીતાર્થ નિશ્રિત હોવા જ જોઈએ. આથી જ ગોચરી તેમને જ મોકલવાનું જણાવાયું છે.

ગોચરી વહોરવાની રીત, વહોરવાના પદાર્થને લેવામાં મર્યાદા, માપ....આસપાસનું વાતાવરણ, તે ઘરની જરૂરિયાત વગેરે બધું વિચારીને જ વસ્તુ વહોરાય. રે ! એક વાર વસ્તુની જરૂર હોય તો પણ જો તેને ત્યાગવાથી – નહિ વહોરવાથી – ત્યાં ઊભેલો યુવાન કે યુવતી જૈન સાધુ-સંસ્થા

ત્યાગભાવ ઉપર અહોભાવ પામી જતા હોય તો તેમ પણ કરવું જોઈએ. તે વખતે 'જરૂરિયાત'નો વિચાર ગૌણ કરી દેવો જોઈએ. આ દંભ નથી પણ આ એકલી પરાર્થવૃત્તિ છે.

ગોચરી લેવા જનાર વ્યક્તિ જો લાલસુ હશે તો આ કામ કદાપિ નહિ કરી શકે. નિર્દોષ અને આવશ્યક એવા પણ પદાર્થનો ત્યાગ કરી દેવો એનાથી કયારેક જે લાભ થઈ જાય છે એ લાભ – એ વસ્તુ વહોરી લાવીને વાપર્યા બાદ સ્વાધ્યાયાદિ કરીને પણ કયારેક હાંસલ કરી શકાતો નથી.

ઇલાચીમુનિ આદિના પ્રસંગો ચરિત્રગ્રંથોમાં સુવર્ણાક્ષરે આલેખાયેલા છે; જેમાં ગોચરી–મર્યાદાનું પરિપૂર્ણ પાલન કરતા મુનિને જોઈને ઇલાચી નટ, વાંસડા ઉપર કૈવલ્ય પામી ગયો !

આપણી ગોચરીવિધિ સહુને ધર્મ પમાડતી જ હોવી જોઇએ; લાલસુપણાથી અધર્મની પ્રભાવના કરતી તો ન જ હોવી જોઇએ.

સવાલો અને જવાબો

સવાલ (૮) ત્યાગી-જીવનની સફળતાનો મૂળ મન્ત્ર શું ?

જવાબ : વર્તમાનકાળના ત્યાગી–જીવન ઉપર દષ્ટિપાત

કરતાં એની સફળતાનો મૂળ-મંત્ર એક જ લાગે છે, "પ્રતિકૂળતા એ જ મારું જીવન છે." આમેય જેટલી અનુકૂળતા, સગવડ, પુણ્યોદયની પ્રાપ્તિ તેટલી પતનની વધુ શકયતા. જેટલી પ્રતિકૂળતા, અગવડ, કષ્ટની પ્રાપ્તિ તેટલી ઉત્થાનની વધુ શકયતા લાગે છે. વિશ્વમાં ય આવું જ દેખાઈ રહ્યું છે. ત્રિલોકગુરુ શાસનપતિ પ્રભુ-વીર કર્મનો ક્ષય કરવા માટે વધુ પ્રતિકૂળતાને જરૂરી સમજીને અનાર્ય દેશોમાં પધાર્યા હતા. મહાપુરુષોએ પ્રતિકૂળતાને કોઈ દિવસ અવગણી નથી કે તેનાથી તેઓ ભાગી છૂટયા નથી.

વર્તમાનકાલીન મુનિજીવનમાં જે કાંઈક પણ અનિચ્છનીય ખળભળાટ જોવા મળે છે તેના મૂળમાં અનુકૂળતાનું અર્થીપણું અને પ્રતિકૂળતાનું દ્વેષીપણું લાગે છે.

દીક્ષા લેતા પહેલાં જ મુમુક્ષુ વ્યક્તિને કર્મગ્રન્થાદિનો અભ્યાસ કરાવવાની સાથે પ્રતિકૂળતાના અર્થીપણાનો મહિમા અને તેનો જ ભાવી જીવનમાં ભારોભાર ખપ જો સારી રીતે સમજાવી દેવામાં આવે તો ગુર્વાદિના કઠોર વચનાદિથી ભડકી જઈને મુનિજીવનથી ભાગી જવાના, નાસી જવાના કે મરી મરીને ત્યાં જ જીવન પૂરું કરી નાંખવાના જે થોડાક પણ પ્રસંગો બને છે તે પ્રસંગો કદી ન બને.

પણ ખેદની વાત એ છે કે ગુરુમાં પડેલું શિષ્યનું લાલચુપણું કયારેક મુનિજીવનની ભરપૂર સુખ, સગવડો અને અનુકૂળતાઓની જૂઠી જૂઠી લાલચો રજૂ કરી દેવામાં આવે છે. આથી એક શિષ્ય વધે છે પરન્તુ પછી તો એ

માથાનું શૂળ બને છે. જીવન પણ ઉભયનું આર્ત્તધ્યાનમય બની જાય છે.

બહેતર છે કે શિષ્ય ઓછા થાય; પરન્તુ મુનિજીવનની કઠોરતાની વાતો – ભાર દઈને પણ કહેવી જોઈએ; જેથી આ જીવનમાં પ્રવેશ કરનાર વ્યક્તિ એટલું બરોબર સમજીને પ્રવેશ કરે કે પ્રતિકૂળતાઓ અને ઇચ્છાનિરોધોને જ મારે મારા શ્વાસ–પ્રાણ બનાવવાના છે. જ્યાં સુધી એ ધબકતા રહેશે ત્યાં સુધી જ મારું મુનિપણું જીવશે.

સવાલ (૯) : શું તપ કરવો જ જોઈએ ? સ્વાધ્યાય કે વડીલસેવા વધુ કરીએ તો ન ચાલે ?

જવાબ : મોક્ષ પામવા માટે અસંખ્ય યોગો છે. કોઈ એક યોગમાં નિષ્ણાતપણું (માસ્ટરી) મેળવવા સાથે શેષ સર્વ યોગોને અને તેના આરાધકોને કોટિ કોટિ હાર્દિક વંદન કોઈ આત્મા કરે તો તેમાં શું વાંધો ? કોઈ સ્વાધ્યાયમાં, તો કોઈ ગ્લાનાદિની સેવામાં; તો કોઈ તપ તો કોઈ પરાર્થકરણમાં નિષ્ણાતપણું મેળવે. હા....શેષ બીજા યોગો પ્રત્યે તેના હૈયે લેશ પણ ઉપેક્ષા ન જોઇએ. તેના આરાધકો પ્રત્યે ભારોભાર આદર જોઇએ.

પરંતુ એક વાત જણાવી દઉં કે તપ એ તપ જ છે; એ આપણા જીવનનો સંરક્ષક સિપાઈ છે. સ્વાધ્યાય, વ્યાખ્યાન વગેરે સાથે જો તપ ભળે તો વાસનાના તોફાનનો ક્યારે ય ભય ન રહે. અન્યથા આ ભીતિ સતત ઊભી રહે ખરી.

શાસ્ત્રમાં આંબિલ અથવા ઉપવાસ આદિને જ તપ કહેલ છે તે ખ્યાલમાં રાખવું.

છતાં આ વિષયમાં વ્યક્તિગત ખુલાસો તો ગીતાર્થ ગુરુ ભગવંત જ આપી શકે.

સવાલ (૧૦) : ક્યારેક સાવ નવરા પડી જવાય છે; એવા શૂન્યાવકાશ વખતે શું કરવું ?

જવાબ : મુનિજીવનમાં નવરાશ ? શી રીતે ? કેટલી બધી આરાધનાઓ છે ? રે ! ફુરસદ મળે જ ક્યાંથી ? જે સાધુ બે સમયનું પ્રતિક્રમણ બરોબર કરતા હોય; બોલ બોલીને જ બે ય સમય તમામ પ્રતિલેખન કરતા હોય; દૂર દૂર સુધી ગોચરી વહોરવા જતા હોય, બહાર સ્થણ્ડિલ જતા હોય, જોરદાર સ્વાધ્યાય કરતા હોય, ગુર્વાદિની સેવાનો સારામાં સારો લાભ લેતા હોય–તેમને નવરાશ મળે જ ક્યાંથી ?

છતાં ય જો નવરાશ મળતી હોય તો પરમેષ્ઠિ–જપ કરવો; તદુપરાંત સ્તવન, સજ્ઝાયો વગેરે ગોખવા; તદુપરાંત કોઇ શાસ્ત્રગ્રન્થનું પ્રતના પાનામાં થોડું થોડું હસ્તલેખન કરવું. આ હસ્તલેખનનું કાર્ય કેટલું જરૂરી છે, તે મુનિજીવનની બાળપોથીના પહેલા ભાગમાં એક ઠેકાણે મેં સમજાવ્યું છે.

આ રીતે પણ નવરાશ તો ટાળવી જ. જેઓ પાસે આવું કોઇ કાર્ય હોતું નથી; તેઓ ગપ્પાં મારીને, વિકથાઓ કરીને જો સમય પૂરો કરે તો બહુ મોટા દોષના ભાગીદાર બની જાય.

ખાસ કરીને ગોચરી અંગેની વાતો દ્વારા ઘણો સમય વેડફાઇ જતો જોવા મળે છે. આ બાબતમાં ગંભીરપણે વિચારીને મોક્ષાભિલાષી સાધુ, સાધ્વીઓએ કોઈ દઢ નિર્ણય કરી લેવો જોઈએ.

'ખાલી પડી જતું મગજ (નવરાશનો સમય) એ શેતાનનું કારખાનું છે' એ અંગ્રેજી કહેવતને આપણે ક્યારે ય ન ભૂલીએ.

સંવેદન

જસલોકે જોયું; મેં નકર્ગાર !

કોઇ કારણવશ મુંબઇથી અદ્યતન હોસ્પિટલ જસલોકમાં જવાનું થયું. કામ પતાવીને પાછા ફરતાં પાછળથી કોકે બૂમ પાડી.... "ઓ ગુરુજી ! ઊભા રહો....અહીં પધારો...." હું તરત પાછો ફર્યો. એક સ્પેશિયલ રૂમમાં મને લઈ જવામાં આવ્યો.

ત્યાં એક બહેન હતાં. સાવ બળી ગયાં હતાં. માત્ર બાવીસ વર્ષની વય હતી. મૃત્યુ ઝપાટાબંધ નજીક આવી રહ્યું હતું. બહેન કાંઈક સ્વસ્થ હતાં.

મારું મન શંકા-કુશંકાથી ઘેરાઈ ગયું. એ બળી ગઈ હશે ? કે એના પતિએ જ એને બાળી નાખી હશે ! કોઈ બીજાના પ્રેમને લીધે સ્તો...

ત્યાં એક આધેડ વયની સ્ત્રી મારી પાસે આવી. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. એ પેલી અભાગણી સ્ત્રીની માતા હતાં. એ માતાનું આ એકનું એક પેટનું સંતાન હતું. દીકરી ઉપર ભારે વહાલ હતું. લાડકોડથી ઉછેરીને સાસરે વળાવી'તી...ત્યાં બે જ વર્ષમાં સંસાર સમેટાઈ ગયો. પતિ અને સાસુએ ભેગાં થઈને આ અબળાને ફૂંકી નાખી હતી.

માંગલિક સંભળાવવા સિવાય મારા ય કોઈ હોશ રહ્યા ન હતા. કર્મની વિષમતાને વિસારતો, ઊંડા નિસાસા નાખતો હું બહાર નીકળી ગયો.

થોડોક આગળ વધ્યો. બીજી બૂમ પડી. વળી પાછો કોક સ્પેશિયલ રૂમમાં દાખલ થયો !

જલોદરથી પીડાતો ત્રીસ વર્ષનો એક યુવાન છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. સાવ બેભાન હતો. ખૂણામાં એની યુવાન પત્ની બે માસુમ બાળકોને લઈને ઊભી હતી : સૂનમૂન ! અવાચક્ ! આઘાતભરપૂર ! એના ભાવીના પંથ તરફ એની નજર હતી. એનું સોહાગણ–સ્વપ્ન રોળાઈ ગયાનો નિર્ણય મક્કમ હૈયે એ કરી ચૂકી હતી.

એના સગા ભાઈ પાસેથી જાણવા મળ્યું કે પુષ્કળ દારૂ અને બેફામ દુરાચારને કારણે એના બનેવીએ જીવન અકાળે પૂરું કરી નાખ્યું હતું. ખેર....આજે એ બનેવી પણ પ્રાણથી છૂટશે અને સાથોસાથ એની બહેન પણ પતિની છૂટા હાથની મારપીટ અને ગાળાગાળીમાંથી છુટકારો પામશે !

'અભાગણી' જાહેર થયેલી બહેનના ભાઈનું પ્રત્યેક વાક્ય મારા અંતરમાં ઠસોઠસ વૈરાગ્ય ભરી રહ્યું હતું.

હું બહાર નીકળી ગયો. વળી પાછી બૂમ. સ્પેશિયલ રૂમ!

રૂમમાં દાખલ થતાં જ મનમાંથી સવાલ જાગી પડયો કે શું આ આવી બધી કથાઓ સ્પેશિયલ રૂમમાં ભજવાતી હશે! જનરલ વોર્ડમાં આમાંનું કશું નહિ હોય? રામ જાણે.

ચાર વીસી વટાવી ગયેલો જણાતો એક સાવ વૃદ્ધ આદમી જાણે મરવાની રાહ જોતો હોય તેમ તેનું મોં કહેતું હતું.

અને....હા.... મારી કલ્પના સાચી હતી તેની ખબર પાંચ જ મિનિટમાં મને પડી. મેં વાસક્ષેપ, માંગલિક શ્રવણ-વિધિ પતાવી ત્યાં જ બુશ–શર્ટ અને પેન્ટમાં અદ્યતન રીતે સજ્જ એક યુવાન આવ્યો. એના પગમાં ધમધમાટ હતો; એના મોં ઉપર તિરસ્કાર હતો. આવતાંની સાથે બરાડી ઊઠયો, "પપ્પા! દવા કેમ લેતા નથી? નર્સ ફરિયાદ કરે છે! આટલા બધા રૂપિયા ખર્ચું છું તેનો પછી અર્થ શો? આના કરતાં તો તમારે પતી જવું જોઈએ. સમાજની બીકે મારે આ બધું કરવું પડે છે તે માટે. મારો ટાઇમ વેસ્ટ થાય છે તે તો જુઓ!"

બુઢ્ઢા બાપે માંડ અડધા બેઠા થઈને થોથરાતા શબ્દોમાં દીકરાને કહ્યું, "દીકરા હરેક પળે જમડાની રાહ જોઉં

છું, પણ એ આવતો નથી. એ આવી જાય તો મારાથી તારો છુટકારો તો થાય; પણ મારો ય મારાથી છુટકારો થાય. એક પળ પણ જીવવાની ઈચ્છા નથી, પણ મોત દોહ્યલું થયું છે, ત્યાં શું કરું ? હવે તો તું જ મને પતાવી દે તો સારું. તું ય છૂટે ! મારો જાન છૂટે !"

આ સાંભળતાં મારું મન ડૂસકાં લઈને રડી પડયું. અરેરેરે ! સુખી લોકોના સ્વર્ગમાં કેવું નર્કાગાર ! ક્રોડો રૂપિયાનું બનેલું આ જસલોક છે ? જમલોક છે કે સાક્ષાત્ નર્કાગાર છે ? એનો વિચાર કરતાં હું બહાર નીકળી ગયો !

હાય ! ઓ માનવ ! આ નર્કાગારને જોઈનેય જો તને ભોગસુખો તરફ ધિક્કાર પેદા ન થતો હોય તો ધિક્કાર છે તને ! અને તારી અવળચંડી બુદ્ધિને !

જાગ.... જાગ.... ઓ માનવ ! જાગ....

પાઠ : ૫

આ કેવી અનાથતા !

ઈમા હુ અન્ના વિ અણાહયા નિવા !
તમેગચિત્તો નિહુઓ સુણેહિ.
નિયંઠધમ્મં લહિઆણ વિ જહા,
સીઅંતિ એગેબહુ કાયરા નરા.

ઉપરનો આ શ્લોક ઉત્તરાધ્યાયન સૂત્રના અનાથી મુનિના અધ્યયનમાંથી લીધો છે. પોતાની જીવનકથા કહ્યા બાદ અનાથી મુનિ, મહારાજા શ્રેણિકને ઉપર્યુક્ત શ્લોક દ્વારા જણાવે છે કે, " હે રાજન્! મેં જે મારી અનાથતાનું વર્ણન કર્યું તેનાથી ક્યાંય ચડી જાય તેવી બીજી અનાથતા છે તે તું એકાગ્રચિત્તો સાંભળ.

જે આત્માઓ સંસારને ત્યાગીને મુનિજીવનનો સ્વીકાર કરે છે અને પછી તે જીવનનાં દેહની સુખશીલતામાં પડીને શ્રમણજીવનની આરાધનામાં શિથિલ બને છે તે કાયરત-કાયર આત્માઓ જેવા અનાથ જગતમાં બીજા કોઈ નથી."

માંડ મળેલો માનવભવ ! માંડ હાથે આવી પડેલું રજોહરણ-રત્ન ! અને....અનાદિના અનાડી સંસ્કારોના તોફાન દ્વારા આ નિર્ગ્રન્થ-જીવનની પાયમાલી ! ઓ, નિર્ગન્થ !

તારાથી ટાઢ, તડકાનાં દુઃખ ખમાતાં નથી! તારાથી ભૂખનાં દુઃખ સહાતાં નથી! તારાથી અપયશ-અપમાન વેઠાતાં નથી!

તારે પુણ્યોદયને ભોગવી લેવો છે! બસ....સાધુના વેષે પક્કા સંસારી જેવું મદમસ્ત ખાનપાન અને એશારામનું જીવન જીવી લેવાની તાલાવેલી જાગી છે!

સબૂર! જે કરવું હોય તે કરજે. પણ એક વાર આંખ મીંચીને તારા સંભવિત ભયાનક પરલોકને તું નજરમાં લઈ લે!

જો ત્યાં કેવાં કેવાં કાતિલ દુઃખોના વંટોળ જામ્યા છે! જો ત્યાં ચીસો અને ચિચિયારીઓ સંભળાય છે!

અરે આ દેવગતિની વ્યન્તર કે વાણવ્યન્તરની દુનિયામાં આવેલા તારા જેવા જ વિચારવાળા આત્માઓને જો! ન ત્યાં જીવી શકે; ન ત્યાંથી – મરીને– નીકળી પણ શકે! દસ હજાર કે તેથી પણ વધુ વર્ષનું નિશ્ચિત આયુ! હીનતમ પુણ્યના ઉદય સાથે મોહનીય કર્મના પાપની ઉદયકાલીન વેદનાઓ સહવા સાથે પૂરું કર્યા વિના છૂટકો જ નહિ. એ આત્માઓના સાધુવેષવાળા વરઘોડા ક્યાં ગયા! ઓચ્છવો ક્યાં ગયા? પદવીદાન અને ઓઢાડાતી કામળીના ગંજ ક્યાં ગયા? માનચાંદ દેતી સભાઓ ક્યાં છે? વ્યાખ્યાનોમાં એકઠો થતો માનવમહેરામણ ક્યાં છે? ગોચરીમાં મીઠાઈઓથી અને ફ્ળોથી ભરાતાં પાતરાં ક્યાં છે? પેલા બધા શિથિલાચારમાં હા જી હા....ભણતા જીહજૂરીઆ ભગતો ય ક્યાં છે?

ઓ નિર્ગ્રન્થ! હવે આ જગતની સામે જો! આ જૈનસંઘ સામે નજર કર! જમાનાવાદ અને ભોગવાદના

સાણુસાઓએ એને – કેટલા મોટા અંશમાં – ભીડચો છે! ધર્મી દેખાતા માનવોના પણ હૈયે કેવી કૃતઘ્નતા અને નઠોરતા વ્યાપી છે!

ઓ, લખી રાખ કે જેમ જેમ આ જગત વધુ ને વધુ નઠોર થતું જશે તેમ તેને ઉદ્ધારવા માટે તારે તારા જીવનમાં વધુ ને વધુ કઠોર થવું જ પડશે. તારી વધુ પડતી કઠોર જીવનચર્યા જોઇને જ કદાચ આ નઠોર હૈયામાં કોઈ સદ્ભાવ પેદા થઈ શકશે.

અનાથી મુનિએ મુનિજીવનની એશારામીને જે ચાબકો માર્યો છે એ તો હદ કરી નાખી છે. સહુનો નાથ બનવાને સર્જાયેલો નિર્ગ્રન્થ પોતે જ અનાથ!

રે! આખું જગત જયારે પુદ્ગલાનંદમાં પડીને 'અનાથ' બન્યું છે ત્યારે તો કોકે તેના નાથ બનવું જોઇએ...તેને સાચા રસ્તે દોરવનારા રાહબર બનવું જોઈએ.

નિર્ગ્રન્થ વિના તો આ 'નાથપણું' કોણ પામી શકે? પણ એ નિર્ગ્રન્થ જ 'અનાથ' હોય તો?

સ્વયં અનાથ...વળી શી રીતે અનાથનો નાથ બની શકશે?

ઊઠો....ઊઠો....આપણે સહુ સ્વના હિત માટે, અને પરના–સર્વના – હિત માટે પણ અનાથી મુનિએ દર્શાવેલી અનાથતાને દૂર કરીએ.

નિર્ગ્રન્થના પાંચમા પદને લાંછનરૂપ આપણું જીવન સત્વર ત્યાગીએ.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧૪) કટકો સાથે લઇને ગોચરી જવું :

કાંઈ પણ વહોરવા જતી વખતે એક કટકો (લૂણું) સાથે લઈ જ જવો. વહોરાવતી વખતે ગૃહસ્થના પ્રમાદાદિથી કોઇ પણ ટીપું વગેરે જમીન ઉપર પડી જાય તો તરત આપણે જ લૂછી નાખવું જોઇએ. જો તે લૂછવાનું કામ ગૃહસ્થને સોંપીશું તો તેના કટકાથી તે લૂછશે અને તે કટકો કાચા પાણીથી ધોશે. એ બધી દોષ-પરંપરામાં મૂળ નિમિત્ત આપણે બનીશું; એટલે આપણને ઘણો કર્મબંધ થશે. આ આપત્તિમાંથી ઉગરવા માટે પોતાના કટકાથી પોતે જ લૂછી લેવું તે યોગ્ય છે.

એમાં જો ઘી જેવા દ્રવ્યનો છાંટો વગેરે પડેલ હોય તો તે લૂછ્યા બાદ કશું ય વહોર્યા વિના નીકળી જવું જોઈએ.

આવા પશ્ચાત્કર્મના દોષને લીધે જ આપણે કેળું છાલ સાથે રાખવા દઈને અડધું જ લઈએ છીએ. જેથી આખું ય ઉતરાવીને છાલ દૂર કરાવતા નથી; પરંતુ અડધું કેળું આખી છાલ આપણા નિમિત્તથી ઊતરે નહિ.

જ્યારે જમીન લૂછવી પડે ત્યારે તે કટકો પાતરા વગેરેને લૂછવામાં વપરાય નહિ એ તો સમજાય તેવી વાત છે.

(૧૫) અત્યંત ન છૂટકે : આધાકર્મ-દોષ :

ખાસ આપણને ઉદ્દેશીને બનાવેલી વસ્તુ તે આધાકર્મી કહેવાય. પછી તે ભોજન હોય કે વસતિ હોય.

આ વસ્તુનો ઉપયોગ બને ત્યાં સુધી ન કરવો. શાસ્ત્રકાર પરમર્ષિઓએ આ વસ્તુને ગાયના લોહી–માંસ બરોબર જણાવીને એના ઉપભોગની ત્યાજ્યતા સ્પષ્ટ કરી દીધી છે.

છતાં ક્યારેક ન છૂટકે – અસમાધિનું નિવારણ કરવા માટે – આધાકર્મી વસ્તુનું પણ સેવન કરવું પડે છે. એવા વખતે અંતરને ખૂબ બળતું–જલતું રાખવું.

જો આ રીતે આંતરપરિણતિની રક્ષા થઈ જશે તો અપવાદમાર્ગે સેવેલો તે દોષ આત્માનું અહિત કરવામાં સફળ નહિ થાય.

પણ જ્યારે ય આ દોષનું સેવન કરવું પડે ત્યારે તેમાં ગીતાર્થ ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરવી; પોતાની જાતે – સત્તા હાથમાં લઈને – આ દોષની સેવ્યતા નક્કી કરી લેવાનું જોખમ કરવું નહિ.

ગોચરી લાવનાર મુનિ ગીતાર્થ હોય તો એટલા કુશળ હોય છે કે ગુર્વાજ્ઞાથી દોષિત વસ્તુ લાવીને પણ જે ગ્લાનને વસ્તુ આપવાની છે તેને ગંધ પણ આવવા ન દે તે વસ્તુ દોષિત છે.

ગ્લાન મુનિ સહજ રીતે મળેલી તે વસ્તુ વાપરે. જેથી તેના ચિત્ત–પરિણામને આંચકો ન આવે કે લાંબે ગાળે ધિટ્ઠ ન થઈ જાય. યાદ રાખજો કે આધાકર્મીદોષનું

નિષ્કારણ સેવન બ્રહ્મચર્યાદિ સર્વ વ્રતોનું જડમૂળથી નિકંદન કાઢી નાખનારું છે.

(૧૬) ચોમાસું બેસતાં પહેલાં :

વર્ષા શરૂ થતાં પહેલાં કેટલી ય બાબતની જયણાઓ કરી લેવી જોઈએ. અન્યથા ઘણી મોટી હિંસા થવાનો સંભવ રહે.

જો કપડાં અતિશય મેલાં થઈ ગયાં હોય – એવાં મેલાં કે તેમાં વર્ષાઋતુનો ભેજ મળે અને પસીનો ભળે તો તે સુકાય જ નહિ તો – તેનો વર્ષા થતાં પહેલાં કાપ કાઢી લેવો જોઈએ. જો આમ કરવામાં ન આવે તો ભેજ અને મેલ ભેગો થતાં તો કપડામાં ફુગ વગેરે અનંતકાય પણ ઉત્પન્ન થઈ જાય.

જે વધુ ઘડા હોય તે તમામના મુખ કટકાથી બાંધી દેવા જોઈએ. જેથી ખુલ્લા ઘડાઓમાં બાવા, જાળાં વગેરે થવાની શક્યતા ઊભી ન રહે.

આ સિવાય જ્યાં જ્યાં અનંતકાયની ઉત્પત્તિની શક્યતા જણાતી હોય ત્યાં ત્યાં જાતે જયણાપૂર્વક ચૂનો ઘસી દેવો જોઈએ. આવાં કાર્યો ગૃહસ્થને સોંપવાં નહિ. તેઓ જો જયણામાં એટલા સાવધાન નહિ હોય તો ચૂનો દેતી વખતે જ કેટલીક હિંસા કરી નાખશે, જેનો દોષ આપણને લાગી જશે.

જયણાનાં વિશિષ્ટ સાવચેતીવાળાં કાર્યો તો મુખ્ય વ્યક્તિએ જાતે જ કરવાં જોઈએ. એમાં તો નૂતન સાધુનું પણ કામ નહિ.

(૧૭) જાત જાતનાં ફેશનેબલ પાકીટો :

ખરેખર તો પાકીટ જ ન હોવું જોઈએ. શાસ્ત્રવિધિ મુજબ તો સીધોસટ ચોરસ કટકો હોય; જેમાં પુસ્તક લપેટી લેવાનું હોય અને તેને જ ગાળામાં લઈને ગળે લટકાવી દેવાનું હોય.

પણ હવે પાકીટો આવ્યાં છે. ખેર, છેવટે એટલું તો કરવું જ કે પાકીટ તદ્દન સાદું હોય, 'થેલો' જ હોય; જરા ય મોહ ન પોષાય તેવું હોય.

તેમાં એકે ય ખાનું ન જ હોય. ખાનામાં જીવ પેસી જાય તો બિચારું મરી જાય; ખાનાનું પ્રતિલેખન પણ શે કરવું ?

પાકીટને ચેઈન પણ ન જોઈએ. ટૂંકમાં, એ જૂના જમાનાના થેલા જેવું હોય; પુસ્તકો ભરવાનું માત્ર જરૂરી મનાતું સાધન હોય.

સવાલો અને જવાબો

સવાલ (૧૧) : શું સંસ્કૃત, પ્રાકૃતાદિ ભાષાજ્ઞાન વિના ન ચાલી શકે ? હાલ ગુજરાતીમાં ઘણા અનુવાદો બહાર પડે જ છે !

જવાબ : ગુજરાતી એ ગુજરાતી; સંસ્કૃતાદિ ભાષા-

એની તોલે એ ન આવી શકે. મૂળભાષામાં જે શાસ્ત્રપદાર્થો જોવા મળે એની મજા જ કોઈ જુદી છે. ગુજરાતીનું તો ન છૂટકે શરણ લેવું જોઈએ.

જો આપણે જીવનનું સારામાં સારું ઊર્ધ્વીકરણ કરવું હોય તો સંસ્કૃત વગેરે ભાષાઓ; ખૂબ સારી મહેનત કરીને તૈયાર કરવી જોઈએ. કદાચ તેના વ્યાકરણ-ગ્રન્થો ન ભણી શકાય તો પણ 'હૈમ-પ્રવેશિકા'ના બધા ભાગો ખૂબ સારી રીતે તૈયાર કરવા જોઈએ. તે રીતે પ્રાકૃત – માર્ગોપદેશિકા પણ તૈયાર કરવી જોઈએ. આ પછી ન્યાય-ગ્રન્થોમાં તર્કસંગ્રહ, મુક્તાવલિ અને દિનકરી જેટલું પણ કેમ સે કમ કરી લેવું જોઈએ.

જો આટલું ઠોસ અધ્યયન થશે તો જ લોકપ્રકાશ, વિશેષાવશ્યક વગેરે ગ્રન્થોને તથા મહોપાધ્યાયજીના અનેક ગ્રન્થોને અને હરિભદ્રી ગ્રન્થોને એના મૂળ સ્વરૂપમાં ભણી શકાશે. અને ત્યારે જ તેના પદાર્થોની વાસ્તવિક ઊંડાણવાળી સમજ આવશે અને ત્યારે જ તે પદાર્થો જીવનમાં પ્રવેશ કરીને જીવંત બનશે.

જ્યાં સો રૂપિયા કમાવાના છે ત્યાં દસ જ રૂ. કમાવવા હોય તો તેટલું ગુજરાતી કામ નભી જાય ખરું.

સવાલ (૬૨) : મુનિજીવનમાં ખૂબ જરૂરી બે જ બાબતો જણાવો કે જેને મુનિજીવનના શ્વાસ અને ઉચ્છ્વાસની ઉપમા આપી શકાય ?

જવાબ : એ બે બાબતો છે : સંયમની યાત્રા અને આહારની માત્રા.

આ યાત્રા અને માત્રા છે; મુનિજીવનના ધબકતા શ્વાસ અને ઉચ્છ્વાસ. વિધિ અને નિષેધરૂપ જિનાજ્ઞાઓનું શક્તિ મુજબ પાલન અને જેનું પાલન ન થઈ શકે તેનો કટ્ટર પક્ષપાત એ સંયમની યાત્રા છે. જેમ આપણું લક્ષ એકાન્તે મોક્ષ છે, તેમ આપણો પક્ષ એકાન્તે જિનાજ્ઞારૂપ જિનશાસન છે. પાલન કેટલું કરવું ? એમાં કાળ, સંઘયણ વગેરેની પણ કેટલીક વાર સહાયતાની જરૂર પડે છે; પરન્તુ પક્ષપાતમાં તે કોઈની જરૂર નથી. માત્ર આપણા વિશિષ્ટ અધ્યવસાયની જરૂર છે. મહોપાધ્યાયજી જેવાએ પણ કહ્યું છે કે, "પાલનમાં અમે ઊણા ઊતરીએ છીએ તો ય ઓ, ત્રિલોકગુરુ ! તારા પ્રવચન ઉપરની અમારી ભક્તિ તો રૂંવે રૂંવે ઠાંસી ઠાંસીને જ ભરી છે ? અને અમને લાગે છે કે એ પ્રવચનભક્તિ જ કદાચ અમારા સંસારસાગરને પાર ઉતારતી નાવડી બની રહેશે.

સંયમયાત્રાની પૂર્ત્તિમાં 'આહારની માત્રા' જોઈશે જ. જેઓ દવાની જેમ આહારની માત્રાને સમજતા નથી અને વધુ પડતા પ્રમાણમાં દૂધ વગેરે પદાર્થોનું સેવન કરે છે તેઓ ગમે તેટલું સુંદર સંયમજીવન જીવવાની ખ્વાહેશ ધરાવતા હોય પણ તેમાં તેઓ નિષ્ફળ જાય છે; કેમકે આહારનો અતિયોગ અને મિથ્યાયોગ ત્યાં પથ્થરની શિલા પડીને ટકરાતો હોય છે.

રે ! પાણીની પણ માત્રા હોય છે એ વાતથી કેટલા સુજ્ઞાત હશે ?

સવાલ (૧૩): મુનિજીવનમાં પણ જે કોઈ આહારાદિ સંબંધમાં કુસંસ્કાર પડેલો હોય અથવા પ્રકૃતિગત જે ક્રોધાદિ દોષો પડેલા હોય તેને દૂર કરવાનો કોઈ રસ્તો ખરો ? ગમે તેટલો જપ કરવા છતાં તે દોષ નિર્મૂળ ન થતો હોય તો શું કરવું ?

જવાબ : જો કે જે દોષ ઘર કરી ગયો હોય તેને જેમણે નિર્મૂળ કરી નાખ્યો હોય તેમના નામનો જપ જ આ વિષયમાં શ્રેષ્ઠ ઉપાય છે; તો પણ તે જપની સાથોસાથ તે દોષ પ્રત્યે તીવ્ર તિરસ્કારભાવ તો હોવો જ જોઈએ. જો એવો તિરસ્કારભાવ ન હોય; ઊલટી એ દોષ પ્રત્યે કૂણી લાગણી પણ રહેતી હોય તો જપ પણ નિષ્ફળ જાય તો નવાઈ નહિ.

દોષને દફનાવી દેવાની તાકાત જપ સાથેના તિરસ્કારમાં છે. જપ એ દોષમુક્ત-ગુણીજનના ગુણની અનુમોદના છે; તો તિરસ્કાર એ દોષની ગર્હા છે. એક હકારાત્મક સાધના છે; બીજી નકારાત્મક.

બે ય ભેગી મળે કે તરત ઈષ્ટસિદ્ધિ થાય.

કદાચ આ બે ય કરવા છતાં દોષ દૂર ન થતો હોય તેમ લાગે તો અધીરા થવું નહિ. હવે દોષમુક્તિની દિશામાં કદમ માંડયો છે; અને આગળ વધવાની ગતિ ચાલુ છે તો સિદ્ધિનું બિંદુ આવશે જ; કદાચ પંથ લાંબો કાપવાનો હોય તો તેમાં ધીરજ રાખ્યા વિના બીજો કોઈ રસ્તો નથી.

ક્યારેક નિર્મૂળ થતી ખાંસી વધુ જોરથી આવીને જેમ કફને બહાર ફેંકવા માંડે છે; અથવા નીકળવા લાગેલું

ભૂત વધુ જોરદાર ધમપછાડા કરવા લાગે છે; અથવા તો બુઝાતો દીપક વધુ જોરથી જલે છે તેવું ક્યારેક કોકને દોષના નિર્ગમન સમયે પણ બનતું હોય છે. આવા સમયે ઉપર્યુક્ત આશ્વાસન લેવું, પણ અકળાવું નહિ અને સાચો રસ્તો અશ્રદ્ધાળુ થઈને કદી છોડવો નહિ.

સંવેદન

ઓ, કિરતાર ! મને આધાર તારો...

કેવો મદમસ્ત મહાલતો હતો મારો આતમ ! પુણ્યનો જોરદાર ઉદયકાળ ચાલતો હતો માટે સ્તો...ચારે બાજુથી સફળતા ! બધી બાજુથી અનુકૂળતા !

જન્મતાં જ ગર્ભશ્રીમંત !
રૂપે દેખાવડો !
બુદ્ધિએ તગડો !
માતપિતાને લાડકવાયો !
ભાઈ–બહેનોને વહાલો !
સ્કૂલોમાં અગ્રેસર !
કોલેજોમાં સર્વેશ્વર !
આકર્ષકતા, યૌવન, સંપત્તિ, સૌંદર્ય, લાવણ્ય... બધી વાતે પહેલો !

મારાં બારેય સ્વર્ગ મને અહીં જ જણાતાં હતાં; મારે મોક્ષની કોઈ જરૂર ન હતી. સાધુસંતો અને વૈરાગી બાવાઓને તો ત્યારે હું સાવ અછૂત માનતો. ધર્મની વાતો સાંભળવાની તો મને જોરદાર 'એલર્જી'' હતી.

ક્રિયાકાંડ કરવાની તો વાત ઉચ્ચારવાના ય કોઈમાં હોશ ન હતા – સગા માબાપમાં ય નહિ !

હું હતો તરકડો ! તરવરીઓ કોલેજિયન !

મારે કોઈની જરૂર ન હતી. પણ એ યૌવનના મદ-મસ્ત જામ પીધા...ખૂબ પીધા....મને પૂછશો જ મા કે મેં શું પીધું ?

એથી એક દી હું માંદગીમાં પટકાયો ! રોગે ઘેરાયો ! ન કલ્પી શકાય તેવાં દર્દો મારી ઉપર ચડી બેઠાં ! ડોકટરોની મહેનત અવળી જ પડતી ચાલી ! મેં ઊંઘ ગુમાવી; ભૂખ ગુમાવી; શાન્તિ ગુમાવી.

હું રાતે પણ જેમતેમ બરાડવા લાગ્યો. ત્યારે જ મને ખબર પડી કે મારી ઉપર પણ કોઈ સવાશેર છે ખરું.

ત્યારે જ મને ખબર પડી કે સંપત્તિ એ કાંઈ જીવનનું સર્વસ્વ નથી.

ત્યારે જ મને ખબર પડી કે પુરુષાર્થથી પણ પર કોઈ તત્ત્વ છે ખરું....

અને તે બધું શું છે ? તે જાણવાનું અને વાંચવાનું મેં શરૂ કર્યું.

ધીમે ધીમે મને જગતનું દર્શન થયું. તે નશ્વર છે;

તેના સ્વજનો અશરણ છે; રૂપરંગે મઢેલી કાયા અશુચિથી ભરપૂર છે વગેરે....

પછી મને પુણ્ય અને પાપકર્મોની સત્તા સમજાવા લાગી.

પછી મને આત્મ-તત્ત્વનું ભાન થવા લાગ્યું. એની ત્રણ અવસ્થાઓ મેં જાણી : બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા....

અને તે વખતે 'પરમાત્મતત્ત્વ'ને મેં જાણ્યું. તેમાં જ મને મારા શુદ્ધ આત્મતત્ત્વની ઝાંખી થઈ....

અરે.... અરે.... આ શું ? ઉઘાડી આંખે મેં જગત જોયું'તું.

મીંચેલી આંખે મને જગત્પતિ દેખાયા. મારો સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા જોવા મળ્યો.

જગતના કોઈ પણ આનંદની બધી જ ચરમ સીમાને ય વટાવી જતો આનંદ આ પળોમાં હું અનુભવવા લાગ્યો.

એના પુણ્યપ્રભાવે જ મને અપાર ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત થઈ; શરીરમાં શાતા ફરી વળી. ટૂંક સમયમાં હું નીરોગી બની ગયો.

અહા ! નવું જીવન ! નવી દૃષ્ટિ ! હવે મને પેલી મારી જાત ઉદ્ધત, ઉચ્છૃંખલ, નપાવટ, નફ્ફટ, નીચ શબ્દોથી નવાજવા જેવી લાગી. ખરેખર તે વખતે હું લગામ વિનાનો માતેલો આખલો હતો. એથી પણ ભૂંડો હતો. ખતરનાક હતો.

હવે સૌ પ્રથમ વિધિપૂર્વક પાપશુદ્ધિ કરી લેવી છે. પછી ધર્મમય જીવનનો આરંભ કરવો છે. અને પછી તરત જ સર્વસંગત્યાગના પંથે ડગ માંડી દેવો છે ! વિશિષ્ટ કોટિનું તપ, જપ અને સંયમનું સુંદર જીવન જીવવું છે. ગુરુદેવમાં તુંહી તુંહી બની જવું છે. અનંતી કાર્મણ-વર્ગણાનો પ્રત્યેક સમયે ભુકડો બોલાવવો છે.

પણ ઓ કિરતાર ! આ બધું ય મારા પુરુષાર્થે થઈ શકે તેમ નથી. હું તે વળી કોણ ? એનામાં શક્તિ કેટલી ?

જો તારી કૃપા મળી જાય તો મારા માટે મેરુ જેવું આ કામ અણુ જેટલું નાનું બની જાય. તારી કૃપાથી તો સાગર પણ ખાબોચિયું બની જાય.

બસ.... કિરતાર ! હવે મને તારો આધાર છે ! તારી કૃપાનું એક જ કિરણ મારી ઉપર ફેંક. પછી જો એના પ્રભાવે હું આંતરજગતનાં ક્યાં શિખરો સર નથી કરતો ? કઈ ક્ષિતિજોમાં પ્રવેશ નથી કરી શકતો ?

દે દે....કૃપામય ! કૃપાનું એક જ કિરણ મને દે...

પછી જોઈ લે મારો ઝપાટો.

પાઠ : ૬

ક્યાં જોવા મળશે, આવું ગ્રુપ ?

ભારતભરમાં જૈનસંઘના માત્ર તપાગચ્છના લગભગ ૧૫૦૦ સાધુ ભગવંતો અને ૪૫૦૦ સાધ્વીજી મહારાજો = કુલ ૬૦૦૦ સાધુ–સાધ્વીજી ભગવંતો ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ કરી રહ્યાં છે. અનુમાનથી લાગે છે કે તેઓ બધા મળીને લગભગ એક હજાર ગ્રુપોમાં વહેંચાયેલા હશે. પોતપોતાની શક્તિ મુજબની આરાધના દરેક ગ્રુપમાં થતી હશે; પરન્તુ...

એવું કોઈ ગ્રુપ હશે ખરું ? જેમાં સહુ વિવિધ જિનાજ્ઞાઓનું સ્વરૂપ જાણીને; આવું ધન્યતમ શાસન પામ્યાથી રૂંવે રૂંવે આનંદવિભોર બનતા હશે ? ક્યારેક આંખેથી હર્ષનાં ચોધાર અશ્રુ વહી જતાં હશે ?

જેમાં સહુ અરિહંત ભક્તિમાં ઓતપ્રોત રહેતા હશે ? જિનાલયે ચૈત્યવન્દન કરતાં પ્રભુભક્તિમાં રસતરબોળ બની જતા હશે ? જેમાં સાચા અર્થમાં સંવિગ્ન અને ગીતાર્થ હશે; આશ્રિતો પ્રત્યે નિષ્પક્ષભાવનું ભરપૂર વાત્સલ્ય વહાવતા હશે ? જેઓ બ્રહ્મચર્યના કટ્ટર પાલક હશે ? જેઓ વાચના-

દાતા હશે ? શાસ્ત્રજ્ઞાનના, અને મુનિજીવનની વિધિ નિષેધ-રૂપ આજ્ઞાઓના પક્કા જ્ઞાતા હશે ?

જેમાં શિષ્યવર્ગ ગુરુનો પરમ-ભક્ત હશે ? જેમના પ્રતિલેખન માટે કે માત્રુ પરઠવવા વગેરે બાબતોમાં શિષ્યો પડાપડી કરતા હશે ? જેમના આસનેથી ઊઠવા માત્રથી લશ્કરી સૈનિકની જેમ તમામ શિષ્યો પોતાના આસને ઊભા થઇ જતા હશે ?

જેમાં તમામ એકાશનથી ઓછું વ્રત નહિ કરતા હોય; મિષ્ટ વગેરેના સહુ ત્યાગી હોય; ઔષધ લેવાની પ્રાયઃ જરૂર પડતી ન હોય ?

જેમાં કદી એકબીજાને સંઘર્ષ થતો ન હોય; મોં ચડી જતાં ન હોય; બલકે એકબીજા માટે સહુ મરી પડતા હોય.

જેમાં સૂત્રપોરસી, અર્થપોરસી વગેરે તમામ શાસ્ત્રોક્ત સ્વાધ્યાય-કાળ સચવાતા હોય. વસતિમાં પ્રવેશ થાય કે તરત સ્વાધ્યાયના ઘોષથી ભરપૂર વાયુમંડળનો સ્પર્શ થતાં આગન્તુકના હૈયે આહ્લાદ ઊભરાઇ જતો હોય ?

જેમાં તપ કરવાની સ્પર્ધા ચાલતી હોય; ગુરુદેવને પ્રસન્ન કરવા માટે જરૂરી વધુ સ્વાધ્યાયની હોડ બકાતી હોય ? 'તહત્તિ' સિવાય ગુરુદેવને બીજો કોઇ જવાબ દેવાનો ન હોય ?

જેમાં કાળ વગેરેના સમયોમાં ગુરુદેવ પાસે બધા વીંટળાઇને બેઠા હોય અને મુનિજીવનની ચર્યા સંબંધમાં કે શાસ્ત્રના કોઈ પાઠના સંદર્ભમાં તત્ત્વચર્ચા કરતા હોય ?

જેમાં છાપું, માસિક, સાપ્તાહિક – કશું ય ક્યારે ય શિષ્યગણમાં કોઈ વાંચતું ન હોય? પ્રતિક્રમણ બાદ પણ ધૂમ સ્વાધ્યાય ચાલતો હોય; આચાર્ય, વૃષભ વગેરેના શાસ્ત્રોક્ત નિદ્રા-કાળ બરોબર જળવાતા હોય!

જેમાં નિષ્કારણ દોષિત ભિક્ષાનો સદાય પણ ત્યાગ હોય; યોગવિધિ સંપૂર્ણપણે શાસ્ત્રીય હોય; ગૃહસ્થોની સાથે બેસીને કદી કોઈ શિષ્ય વાતોનાં ગપ્પાં કદી ન મારતો હોય?

જેમાં સહુની ભાષામાં મધુરતા હોય; કપડામાં મલિનતા હોય; જીવનમાં નીતરતી પવિત્રતા હોય? નિંદા ન હોય, કુથલી ન હોય, આક્ષેપ ન હોય, પ્રતિ–આક્ષેપ ન હોય!

સર્વત્ર જિનાજ્ઞાપાલન કે પક્ષપાત!

સર્વત્ર જીવમાત્ર પ્રત્યે સ્નેહપરિણામ; જડમાત્ર પ્રત્યે વિરાગ!

સર્વત્ર બહિર્મુખતા પ્રત્યે સૂગ! અન્તર્મુખતાનો આદર! આગન્તુક મુનિઓ પ્રત્યે સદ્ભાવ!

ગૃહસ્થો પ્રત્યે ઉદાસીનભાવ!

ગુરુદેવ પ્રત્યે પરિપૂર્ણ બહુમાનભાવ

ગ્લાનાદિ પ્રત્યે વૈયાવચ્ચનો ટોચભાવ!

જેમાં બધા બોલતી વખતે મુહપત્તિનો ઉપયોગ બરોબર રાખતા હોય,

જેમાં સહુ પૂંજી-પ્રમાર્જીને જ વસ્તુ લેતા-મૂકતા હોય,

જેમાં સહુ નિર્દોષ સ્થણ્ડિલભૂમિએ જતા હોય;

જેમાં સહુ નિર્દોષ ગોચરીના આગ્રહી હોય ? આવાં જે જે ગ્રુપો; જ્યાં જ્યાં વિચરતાં હોય તેમને – તેમની સુવિશુદ્ધ સંયમજીવન-પ્રભાને કોટિ કોટિ ઉછળતા ભાવ-ભર્યા પુનઃ પુનઃ પ્રણામ.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧૮) ફોટા : ફિલ્મ : ટી. વી.

ફોટો એટલે આપણી ભીતરમાં પડેલા દેહાધ્યાસનો જ ફોટો નહિ ? ફોટો એ દેહમાં આત્મબુદ્ધિરૂપ બહિર્મુખતાનો મુખ્ય દ્યોતક છે. જો મુનિમાં અન્તર્મુખતા નહિ જોવા મળે તો 'અન્તર્મુખતા' એ માત્ર શબ્દકોશમાં જ મળશે ને ?

ફોટાથી ખૂબ છેટા રહેવું જરૂરી લાગે છે. એમાંથી જ અંજનશલાકા આદિની ફિલ્મો થઈ...અને તે ધાર્મિક (!) હોવાથી ઉપાશ્રયોમાં પણ ક્યાંક બતાડાઈ ! જેથી કોક મુનિઓએ પણ જોઇ !

આગળ વધીને વાત ટી. વી. સુધી પણ પહોંચી.

ભવિષ્યમાં અનુમોદના માટે; ઘરમાં દર્શન કરવા માટે જરૂરી કહેવડાવાતાં આ સાધનોથી લાભ કરતાં નુકસાન વધુ જણાય છે.

મુનિજીવનના શુદ્ધ બહિર્ભાવનો પ્રાપક, પાલક અને પોષક આ વ્યવસાય એટલે? મુનિસંસ્થાના પ્રાણ અને પ્રાણભૂત સમ્યક્ત્વાદિનો નાશક વ્યવસાય!

આપણે આનાથી ખૂબ જ આઘા રહીએ તો સારું.

અન્યથા ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવાદિની ફિલ્મો ઊતરે, કે શ્રીપાળનાં નાટકો ભજવાય તેનો વિરોધ અર્થહીન બનીને રહેશે.

(૧૯) ટપાલ–પ્રવૃત્તિ ઓછી રાખવી :

ગૃહસ્થોની જેમ આપણે ય 'વ્યવહાર' અશુભ-વ્યવહાર વધી પડે તો જુલમ થઈ જાય ને! આપણા સાન્નિધ્યમાં ઉજવાતા મહોત્સવો વગેરેની કંકોત્રીઓ પણ આપણે જ લખવાની? આ પોસ્ટ–પ્રવૃત્તિ કેટલી બધી વિરાધનાઓથી ભરપૂર છે તે શું આપણે નથી જાણતા? ગૃહસ્થોનું કામ ગૃહસ્થોને જ કરવા દો. આપણે સાક્ષાત એક કામ કરીએ; અને બીજાઓ કરે તેમાં દોષ બાબતમાં આભ–ગાભનું અંતર છે.

બીજી પણ નિરર્થક ટપાલો ન લખવી જોઈએ. ગૃહસ્થોની તબિયત વગેરેના સમાચાર તે વળી ત્યાગીઓએ પુછાવાય? "તબિયત સાચવજો! બાબાને સ્કૂલમાં બરોબર ભણાવજો; દીકરાના લગ્ન થઈ ગયા હશે, દીકરીને સારું ઘર મળ્યું હશે." આ તે બધા શું જૈનશાસનના સાધુના શબ્દો હોય?

વધુ પડતા વ્યવહારને લીધે જ આપણા જીવનનું–

ન સમજી શકાય તેવી ધીમી રીતથી સરિયામ પતન થઈ જાય છે.

'બ્રહ્મચર્યથી પતન એ જ મુનિજીવનનું પતન' સમજવાની ભૂલ આપણે કદી ન કરીએ.

સ્વજનો સાથે આવી વધુ પડતી લાગણીશીલતા જે ત્યાગીઓ રાખતા હોય છે તેઓ તેમના નિકટના સ્વજનના મૃત્યુથી રડી પણ જતા હોય છે; તેમને ધંધામાં ગયેલી નુકસાની જાણીને બેચેન પણ થઈ જતા હોય છે. તેમની માંદગીના સમાચાર જાણીને ડોકટર વગેરેની ભલામણ પણ કરતા હોય છે.

હાય ! સંસાર છોડયા પછીનો આ કેવો સવાયો સંસાર !

(૨૦) મંજન વ્યાયામ અંગે :

શ્રી દશવૈકાલિક સૂત્રમાં સંસારત્યાગીને દંતમંજનનો નિષેધ કરવામાં આવ્યો છે. યોગશાસ્ત્રમાં ધ્યાનસિદ્ધિ માટે હઠયોગરૂપ વ્યાયામને આવશ્યક તરીકે સ્વીકારવામાં આવ્યું નથી. બેય વિધાનો શાસ્ત્રીય છે; તદ્દન યથાર્થ છે. પરન્તુ આપદ્ધર્મ તરીકે–વર્તમાનકાળમાં આ બેયનું સેવન કેટલાક ત્યાગીઓ કરતા હોય તેમ જણાય છે.

આમાં વર્તમાનકાળનો અત્યન્ત હલકો, ભેળસેળીઓ ખોરાક વધુ ભાગ ભજવતો હોય તેમ લાગે છે. જેનું પેટ ન બગડે, તેના દાંત કદી ન બગડે. પણ જો ખોરાક પેટ બગાડનાર હોય તો ત્યાં શુદ્ધ અને સાત્ત્વિક ખોરાક

'નિર્દોષ' તો ક્યાંથી લાવવો? જેવાતેવા ઘી, તેલ અને દૂધ, સાકર વગેરે જ 'નિર્દોષ' ખોરાક તરીકે ઉપલબ્ધ બને છે. ક્યાં એ ભૂતકાળનો ખોરાક? ક્યાં આજનો ખોરાક?

તદુપરાન્ત, રસજન્ય રોગોની સાથે હવે ઋતુજન્ય રોગો, વાંઈરિસો, પ્રદૂષણના રોગો ઉમેરાયા છે; જેને ગમે તેટલી સાવધાનીએ પણ નિવારી શકાતા નથી.

સવાલો અને જવાબો

સવાલ (૧૪): જે સાચું સાધુપણું પાળે તે આ કાળમાં આ ભરતક્ષેત્રમાં કાળધર્મ પામે તો નિયમથી વૈમાનિક દેવલોકે જ જાય તો ત્યાં તેનું પતન ન થાય? શું દેવલોકે જવા માટે સાધુપણું છે?

જવાબ : સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ આ નિયમ લાગુ થાય છે. દેવલોકમાં જવા માટે સાધુપણું હોઈ શકે જ નહિ; સાચું સાધુપણું મોક્ષના લક્ષ વિનાનું સંભવે નહિ. પરન્તુ આ સાધુપણું પાળતાં જે દેવ, ગુર્વાદિ પ્રશસ્ત વિષયો ઉપર રાગભાવ રહે છે (જે પ્રાથમિક કક્ષાઓમાં જરૂરી પણ છે) તેના કારણે થયેલો પુણ્યબંધ દેવલોકની ગતિ આપે છે.

પરન્તુ સાચું સાધુપણું જેઓ પાળે છે તેમનું સમગ્ર જીવન વિષયોથી એટલું બધું વિરક્ત હોય છે કે સામાન્યતઃ તેમનામાં વિષયવિરાગના ગાઢ સંસ્કાર પડી ગયા હોય છે. આથી દેવલોકમાં પણ તેમને ત્યાંના વિષયો પ્રત્યે રતિભાવ જાગ્રત થતો નથી. એ રતિભાવ તો તેમને થાય, જેમણે સાધુવેશના સ્વાંગ નીચે વાસનાઓને માંડ માંડ દાબી રાખી હતી અથવા વાસનાઓને ખાનપાનાદિ દ્વારા પોષી હતી.

વળી જેમ માનવગતિનું મુનિજીવન પાપકર્મનો ક્ષય કરનારું બને છે તેમ તેવા મુનિઓને દેવજીવન મળે તો તે દેવજીવન ભોગો ભોગવવા દ્વારા પુણ્યકર્મનો ક્ષય કરનારું પણ બને છે. વળી તે દેવાત્માઓ તીર્થંકરદેવોની દેશના અને તીર્થાદિની યાત્રાઓમાં જ મોટો સમય પસાર કરીને પણ વિશિષ્ટ કોટિની આરાધના કરતા રહીને પાપક્ષય પણ કરતા હોય છે. આમ તેમના માટે તો દેવજીવન પણ એક પ્રકારની સાધનાનું જીવન જ બની રહે છે.

મુશ્કેલી તેમને ત્યાં પડે છે; જેઓ અધકચરા સાધુ-જીવનને જીવીને દેવલોકમાં ગયા છે ! ત્યાં તેમનાં જોરદાર પતન થાય તો તેમાં નવાઈ પણ શી છે ?

સવાલ (૧૫) : જો સાધ્વીજીઓ સાધુ ભગવંતો સાથે બિલકુલ પરિચય ન રાખે તો તેમની જરૂરિયાતો પૂરી પડે ખરી ?

જવાબ : અરેરેરે ! આ તે કેવો આરાધકભાવની મસ્તીશૂન્ય, મરવા જેવો સવાલ ? શું એ વિશિષ્ટ પુણ્ય

ધરાવતા મુનિઓ ઉપર સાધ્વીજીનું જરૂરિયાત–પૂર્તિનું જીવન છે ? તો તો પછી એમ પણ કહેવું પડશે કે મુનિઓનું જીવન પણ પેલા શ્રીમંત–ભક્તોથી જ આગળ ધપે છે માટે તેમણે તે ભક્તોની ખુશામત કરતા જ રહેવી જોઈએ.

રે ! ત્યાગી તો એના 'શ્રામણ્ય'ની મસ્તી ઉપર જીવે છે અને કદાચ કોઇ અશુભોદયે કે અલ્પ પુણ્યોદયે કોઈ જરૂરિયાતની પૂર્ત્તિ ન થઇ તો ત્યાગી તો આનંદ-ઘનનું બચ્ચું છે ! એને વળી ઓછું શેનું આવી જાય ? કે સંસારી ઘર શેનું યાદ આવી જાય ?

"મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ !" એવા પાઠ ગોચરી વહોરવા નીકળતા સાધુ કે સાધ્વી ભણ્યા હોય છે. પછી આવી કેવી નમાલી વાત !

ગમે તે કારણે પણ સાધુઓનો પરિચય સાધ્વીજીઓ માટે જરા ઇચ્છનીય નથી. વડીલ સાધ્વીજીઓ સાથે નાની વયના અપરિણત સાધ્વીઓ પણ હોઇ શકે છે. તે બધાના હિતનો વિચાર જો કરવો હોય તો આ પરિચય કોઇ પણ સંજોગોમાં કરવા જેવો નથી. જરૂરિયાત-પૂર્ત્તિ માટે સાધુઓની શ્લાઘા કરવી કે તેમના કેટલાક કાપાદિના કામ કરી આપવા તે બધું અત્યંત અનુચિત છે. આવા પરિચયમાંથી જ અનિષ્ટોના ભડકા થાય છે. જેના પરિણામે કેટલાકની જીવની બાજીઓ હારમાં રોળાઇ ગઇ છે.

સવાલ (૧૬) : સાથે રહીને બધા ઉપાયો કરવા છતાં પરસ્પર મનદુઃખનાં કારણો વારંવાર ઉપસ્થિત થતાં હોય તો શું કરવું ?

જવાબ : જો બધા જ ઉપાયો અજમાવ્યા પછીની આ ફરિયાદ હોય તો હવે એટલું જ સલાહભર્યું લાગે છે કે તેવી બે વ્યક્તિઓએ પ્રેમથી થોડા સમય માટે જુદા જુદા સારા ગ્રુપમાં ગોઠવાઇ જવું. વડીલોના ય વડીલો હોય છે. તેમની સાથે એક વ્યક્તિ ગોઠવાય અને એક વ્યક્તિ સ્વસ્થાને રહે...

વિયોગના સમયમાં કેટલીક વાર એકબીજાને સમજવાની અને પોતાની ભૂલોને નજરમાં લાવવાની તક મળી જાય છે. આથી બે વચ્ચેનું અંતર પાછું સંધાઇ જતું હોય છે.

સંવેદન

ચાલો, નારકના દર્શને

અનંતનો આ યાત્રી એક દી નારક જોવા માટે નીકળી પડ્યો. સ્વર્ગે જવું મુશ્કેલ છે; નારકમાં જવું તેમાં શી વાર ? સડસડાટ નીચે ઊતરી જતાં પહેલી નારક આવી ગઈ.

વર્ણન ન થઇ શકે એવાં એ ભયંકર દશ્યો હતાં. જો છાતી વજ્જર જેવી કરવામાં ન આવે તો ચોક્કસ ફાટ જાય તેવું ત્યાં ભીષણ તાંડવ ખેલાતું હતું. ચિચિયારીઓ ચીસો, મારપીટો, મરણ સમયની કણસતી વેદનાઓ, નાસ-

ભોગ, આજીજી, કાકલૂદી...શું ત્યાં હૃદયદ્રાવક ન હતું? એ જ સવાલ હતો.

એક નારકે કારમી તરસના માર્યા પરમાધાર્મિક દેવાત્મા પાસે કરગરીને પાણી માગ્યું. મૂછમાં હસતો એ દેવાત્મા ત્યાંથી વિદાય થયો. એક જ પળમાં જામ ભરીને ધગધગતો સીસાનો રસ લઈ આવ્યો. "લે બચ્ચા! આ પાણી પી."

જામમાંથી નીકળતી વરાળ જોઈને જ ધ્રુજી ઊઠેલા એ નારકે એ 'પાણી' પીવાની ઘણી આનાકાની કરી પણ બધી નિષ્ફળ ગઈ! દેવાત્માએ તેને પકડીને, જડબું ખોલીને એ 'પાણી' પાઈ દીધું. એ બબડવા લાગ્યો, "મર્ત્યલોકમાં શેઠીઓ હતો. તેના કંપાઉન્ડ આગળ આવીને ગરીબ આદમી પાણી યાચતો તો ગુરખા પાસે લાતો મરાવીને કઢાવતો. નાલાયક! હવે અહીં પાણી માંગે છે!"

દેવાત્માના શબ્દો સાંભળીને આ યાત્રી તો બાપડો થીજી જ ગયો.

બીજે ક્યાંક એક નારકને ઊંચકીને ભડભડ જલતા અગ્નિમાં ફેંકી દેવામાં આવ્યો.

બાજુમાં જ એક નારકને ધગધગતી – લાલચોળ લોઢાની પૂતળી સાથે આલિંગન દેવડાવવામાં આવ્યું. દેવાત્માઓ બોલ્યા, "દુરાચારી! માનવ થઈને જાતીય–પાપો કરવામાં પાછું વાળીને કદી જોયું નથી!

કરવત વડે ખોપરી ચીરતા, વિકરાળ પંખીઓ વડે શરીરના માંસની મિજબાનીઓ કરાવતા. ઊંધા ઊભા પકડીને બે પગો ખેંચીને ચીરી નાખતા દેવાત્માઓને જોઈને તો ચક્કર આવવા લાગ્યા !

હાય ! આનું નામ નારક ! યાત્રી ત્યાં વધુ સમય થોભી ન શકયો. પાછો વળી જઈને મર્ત્યલોકમાં ચાલી આવ્યો.

ઘણા દિવસો અને ઘણી રાત્રિઓ સુધી એ દૃશ્યોની ભયંકર અસર યાત્રીના મન ઉપર રહી ગઈ. પણ જ્યારે સ્વસ્થ થયો ત્યારે તેણે વિચાર કર્યો કે, 'નારક' એ ખરેખર શું છે ? એની કદાચ નારકની વાતો કરનાર ધર્મી જનોને પણ પૂરી ખબર નહિ હોય. મારે વિશ્વના સઘળા ય લોકોને આ દુર્ગતિ સમજાવવી છે, અને સહુને કહેવું છે કે, "જે ક્ષણિક સુખોને ભોગવવામાં તમે આંધળા–ભીંત થઈ જાઓ છો તેની પાછળ અતિશય વિરાટ દુઃખોના ડુંગર માથે તૂટી પડે છે. આ વાત તમે કોઇ ન ભૂલો. નાનકડા કોઈ સુખ ખાતર, નિંદા–કુથળીના રસ ખાતર; યશકીર્તિની ભૂખ ખાતર, મિષ્ટાન્નાદિ પદાર્થોના સ્વાદ ખાતર તમે હજારો વર્ષોની કાળઝાળ અને વિકરાળ દુઃખની અગનખાઈમાં ધકેલાઈ જવાય છે. અરે, ઓ માનવો ! તમે આવું કદી ન કરો."

માનવજીવન પામીને ભોગરસે ભાન ભૂલેલાને અને મુનિજીવન પામીને એશારામીમાં કે અહંકાર–તિરસ્કારમાં ખોવાઇ ગયેલાઓને નારકની આ કથા મારે કહેવી છે.

બીજા જ દિવસથી અનંતનો યાત્રી ચોરે ને ચૌટે લોકોનાં ટોળાંને ભેગા કરવા લાગ્યો અને નારકની દર્દભરી સીતમગાર કથા કહેવા લાગ્યો. તેણે સહુને કહ્યું કે તમારામાંના કેટલાક સ્નેહીજનો સ્વજનો અને ગુરુ (વડીલ)જનો પણ તે દુનિયામાં ચાલ્યા ગયા હોય તો જરા ય નવાઈ ન પામશો.

નાનકડા પણ સુખનો તીવ્રતાથી ભોગવટો કરવામાં આવે તો તે પણ નારકના દ્વારે આત્માને મૂકી દેવાને સમર્થ હોય છે.

અનંતના યાત્રીની એ વાત સાંભળતાં ટોળામાંના અનેક પુણ્યાત્માઓ સ્તબ્ધ થઈ ગયા અને વિધિવત્ પાપશુદ્ધિપૂર્વક નવું જીવન નવેસરથી જીવવાનો દૃઢ સંકલ્પ કરીને છૂટા પડવા લાગ્યા.

બીજા જ દિવસથી એ ભવ્યાત્માઓએ એમનું ઘર ધર્મમય બનાવ્યું. આત્મકલ્યાણનું મંગળમય ધામ બનાવ્યું.

પાઠ : ૭

આરાધકો ! સાવધાન

જેઓ તપ કરે છે, સ્વાધ્યાય ખૂબ કરે છે, વ્યાખ્યાનો દ્વારા લોકોપકાર કરે છે, જેઓ આહારના ત્યાગી છે, કપડાના ખાખી છે, ભોગસુખના વિરાગી છે.... તે બધાં આરાધક કહેવાય છે. આમાંના એવા આરાધકોની આપણે અહીં વાત કરવી છે, જેઓ પોતાને આરાધક માને છે; ના....એટલું જ નહિ પણ પોતે આવું બધું કરતા હોવાથી આરાધક છે એવું જણાવે છે કે દેખાડે છે.

આવા આરાધકોને સાવધાનીનો એક સૂર સંભળાવવો છે. આવા આરાધકો આરાધનાની જે પર્વતીય ધાર ઉપર ચાલી રહ્યા છે તે ધાર ખૂબ જ સાંકડી છે. એટલું જ નહિ પણ તે ધારની બે બાજુ મોં ફાડીને ઊભેલી વિકરાળ ખીણો છે. જો જરાક ચૂકે તો તે ખીણમાં એવા ગબડી પડાય કે હાડકું ય હાથમાં ન આવે.

આમાંથી એક ખીણનું નામ છે; અહંકાર.

અને બીજી ખીણનું નામ છે; તિરસ્કાર.

જેમના જીવનમાં આ બે દોષોએ ઓછેવત્તે અંશે પણ પ્રવેશ કર્યો હોય તે બધા આરાધકોને જણાવવું

છે કે, તમે તમારી આરાધનાને પચાવી શકયા નથી. આથી તમને તેના અજીર્ણ ઉપર અહંકાર પેદા થયો છે અને જેઓ તમારી જેમ તપ, જપાદિ કરી શકતા નથી કે કરતા નથી તેમના પ્રત્યે તેમને તિરસ્કારનો ભાવ પેદા થયો છે.

જેઓ પાસે એવી આરાધના નથી તેમને જે અહંકાર કે તિરસ્કાર પ્રાપ્ત થતો નથી તે અહંકાર અને તિરસ્કાર ઉપર્યુક્ત આરાધકોના વર્ગને પ્રાપ્ત થતો હોય છે. કયારેક એમ પણ બને કે અનારાધકો કરતાં ય આ આરાધકો વધુ ભવ-ભ્રમણનું દુર્ભાગ્ય પામી જાય.

જો આરાધના આરાધન-ભાવપૂર્વકની હશે તો તેમાંથી કદી આવા અહંકાર અને તિરસ્કાર પેદા થઈ શકશે નહિ. અન્યથા નમસ્કાર ગણનારો પણ તેના ગણવાનો અહંકાર પામીને; નહિ ગણનારા ઉપર તિરસ્કાર યાવત્ ધિક્કાર પેદા કરશે.

ખરેખરો નમસ્કારભાવ તે છે; ખરેખરો નમસ્કાર ગણનારો તે છે જેને તે નહિ ગણનારા પ્રત્યે; રે ! તે નમસ્કારને તિરસ્કારનારા પ્રત્યે પણ તિરસ્કાર કદાપિ જાગતો નથી બલકે ઉત્તરોત્તર વધુ ને વધુ કરુણાભાવ પેદા થાય છે.

સ્વાધ્યાયશૂરાને અભણ ઉપર; તપસ્વીને નિત્ય નવકારશી કરનાર ઉપર; ત્યાગીને અત્યાગી ઉપર જો તિરસ્કાર પેદા થશે તો તે પોતાનું સમગ્ર આરાધનાનું જીવન ધોઈને સાફ કરી નાખશે.

પીઢ સાધુઓને નૂતન સાધુઓની ભૂલો તરફ; બાળ–સાધુ કે સાધ્વીજીની રમતો તરફ; અહં સાથેનો તિરસ્કાર અને ધિક્કાર પેદા થતાં પ્રાયઃ વાર લાગતી નથી. આના પરિણામે તેઓ એકાન્તમાં બેસીને તે બધાની ઠાવકા મોંએ નિંદા કરતા હોય છે.

કેવા ખેદની વાત છે કે પરદોષની નિંદા કરવા સુધી પહોંચનારને પોતાની ભૂલો તરફ દૃષ્ટિ પણ જતી નથી.

ઘણા અનારાધકો, નૂતનો અને બાલદીક્ષિતોનાં જીવન આરાધક (!) વડીલોના આવા અહંકારપ્રયુક્ત તિરસ્કારના અભિગમોથી બરબાદ થઈ જતાં હોય છે.

યોગ્ય શિક્ષણપદ્ધતિના અભાવે જ તેમનું જીવન રહેંસાઈ જતું હોય છે. હવે એ વડીલોને કોણ સમજાવે કે, "તમારા અહંજનિત તિરસ્કારભાવની ઊની ઊની લહાય જ આશ્રિત વ્યક્તિના જીવન–છોડને સળગાવવાનું કામ કરી રહી છે !

ભારે દુઃખની આ વાત છે. ન જાણે કેટલાય જીવોનો વિકાસ સ્થગિત થઈ જતો હશે. બધાને મૂકીને આવેલા અને અહીંના બધાને જ પોતાના મા–બાપ, ભાઈ–બહેન તરીકે જોનારા જો અહીંથી પણ લાત ખાશે તો એ જશે ક્યાં ? દુર્ગતિમાં જ ને ? તો એમને એવી સ્થિતિમાં મૂકનારાનું પણ દુર્ગતિ સિવાય બીજું શું થશે ?

ક્યારેક ગ્રુપના મુખ્ય વડીલ બધી રીતે પ્રકૃતિથી સુંદર હોય છે તો બીજા રત્નાધિકોમાં કોઈની પ્રકૃતિ એટલી વિચિત્ર હોય છે કે તેના કારણે પણ લઘુ સાધુ

કે સાધ્વીજીની સંયમ-પરિણતિને જબરદસ્ત ધક્કો લાગી જતો હોય છે,

આનો ઉપાય શું ? ઉપાય એ જ કે એવા આરાધકો પોતાના એ મહાદોષને કાબૂમાં લે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૨૧) એલોપથી-ઔષધો ત્યાગવા જેવાં :

હવે તો જેની ઉપર ચારે બાજુથી પસ્તાળ પડી રહી છે; જે રોગનાશક હોવાને બદલે અનેક રોગોનું ઉત્પાદક સાબિત થતું જાય છે તે 'એલોપથી'નું ઔષધ બને ત્યાં સુધી સંપૂર્ણ ત્યાગવા જેવું છે.

આ ઔષધો શરીરની ઘણી શક્તિને તોડનારાં છે. કદાચ તે રોગને દાબીને આયુષ્ય લંબાવતા હશે તે પણ લાંબુ આયુષ્ય 'રોગી' તરીકે જ પૂરું કરવાનું હોય છે. આ વિજ્ઞાન રોગીને મારે છે; રોગને તો દાબીને વ ભીતરમાં-જીવતો જ રાખે છે.

આ ઉપરાંત આ વિજ્ઞાન પ્રાણીઓના પ્રયોગની ક્રૂર રિબામણરૂપ હિંસાના ઘાતકી પાયા ઉપર ઊભું છે. એટલું જ નહિ; પણ એની સીત્તેર, એંસી કે નેવું ટકા

જેટલી ઔષધિઓ પ્રાણીજ હોઈને અભક્ષ્ય છે. ખાસ કરીને શક્તિદાતા તમામ ઔષધ.

આપણા દેહમાં અભક્ષ્ય અને અપેય પડ્યા પછી આપણું આધ્યાત્મિક સત્ત્વ શી રીતે જીવતું રહે ? ગમે તેમ કરીને – થોડું વધુ સહી લેવાનું રાખીને પણ આ 'એલોપથી'નો ત્યાગ કરવો જોઇએ.

આપણી પાસે ઘણા બધા રોગોનું સર્વથા નિરાકરણ કરી નાંખતું અમોઘ શસ્ત્ર – ઉપવાસ – ક્યાં નથી ? નવકારમંત્રના જપ સાથે જરૂર પ્રમાણે ત્રણથી સાત જેટલા જ ઉપવાસ કરી જુઓ અને જુઓ તેનો ચમત્કાર ! ઉપવાસ તો આપણા માટે સોપારીનો કટકો !

ચિત્તપ્રસન્નતા, ઉપવાસ, ઊણોદરી, બ્રહ્મચર્ય અને વિહાર....આ પાંચ તો જૈન-સાધુના આરોગ્યની જીવતી-જાગતી જડીબુટ્ટીઓ છે. જેનું ચિત્ત ઉદ્વિગ્ન રહેતું હોય; જે કદી ઉપવાસ ન કરતા હોય; જે દાબીને વાપરતા હોય; બ્રહ્મચર્ય-પાલનમાં નબળા હોય, વધુ પડતો સમય એક જગાએ રહ્યા કરતા હોય તેમને જ રોગોની સેના ઘેરી લઈ શકે. પંદર દિવસનો એકાદ ઉપવાસ પણ વીજળીના કરંટ જેવું ફળ બતાડી દે છે. પશુઓ પણ રોગ થતાં ખાવાનું છોડી જ દે છે ને !

જે એક વાર દવાના ફંદે પડશે તેને સદા દવાઓ ખાવી પડશે; અને ત્યાં સુધી એલોપથીથી દૂર રહો. લેવી જ પડે તો આયુર્વેદિક (કે હોમીઓપથી) જ ઔષધિ

લો. તે દવાઓ દોષ સેવીને પણ લેવી સારી; અને 'એલોપથી' નિર્દોષ મળે તો ય નકામી.

એલોપથી પ્રાણમુક્તિના દિવસે પણ આપણને રોગ-મુક્ત કરનાર નથી. તેમ થાય તો જ તેના ડોકટરો વગેરેનાં ખીસાં ભરાતાં રહે. સ્વાર્થના ઘાતકી પાયા ઉપર જ એ વિજ્ઞાનની રચના થઈ છે, પછી ક્યાં વાત રહી ?

(૨૨) મલિન કપડાંમાં સાવચેતી રાખવી :

મલિન કપડાં એ તો મુનિજીવનનું ભૂષણ છે; દૂષણ જરા ય નથી. એના કારણે બ્રહ્મચર્યાદિની રક્ષા સુલભ અને સરળ બની જાય છે. પરંતુ આ બાબતમાં એક સાવચેવેતી ખૂબ ધ્યાનમાં લેવા જેવી છે.

આ જ મલિન વસ્ત્રો શાસનહીલનાનું ઉઘાડું અને વ્યાપક નિમિત્ત બની જાય તો તે વખતે તેના સંબંધમાં વિચારવું જ પડે. દા. ત., વૈદ્યને આરોગ્ય જોવાનું હોય; કટ્ટર શુચિવાદી બ્રાહ્મણ પાસે પાઠ લેવાનો હોય; વિશિષ્ટ પુણ્યવાન્ અજૈન વ્યક્તિ વંદનાદ્યર્થ આવનાર હોય તો તેવા સમયે તે કપડાનો કાપ કાઢી લેવો તે ખૂબ જરૂરી છે; આવશ્યક પણ છે. જો તેમ ન થાય અને આગન્તુક વ્યક્તિને તેના તેવા સંસ્કારને લીધે દુગંછા, તિરસ્કાર વગેરે થાય તો તે દુર્લભબોધિ બને; જેમાં આપણે નિમિત્ત બની જઇને ચીકણો કર્મબંધ કરીએ.

બીજો અધર્મ ન પામી જાય તેની કાળજી કરવાનું

આપણને શાસ્ત્રકારોનું સાફ સાફ ફરમાન છે, તે કદાપિ ન ભૂલવું.

બાસ્તા જેવાં ધોળાં કપડાં પહેરવાના શોખીન કરતાં આ માલધારી મુનિઓ અત્યંત બહુમાન અને ધન્યવાદને પાત્ર છે; પરંતુ ગીતાર્થ ગુરુદેવના ઉપર્યુક્ત સૂચન વખતે તેઓ પોતાનો કોઈ આગ્રહ કદાગ્રહમાં ન પરિણમાવે તેવી તેમની પાસે અપેક્ષા પણ રહે છે. જો તેઓ શાસ્ત્રના જ વચનને એકાંતિક રીતે પકડીને ગીતાર્થ–ગુરુના અભિપ્રાયથી પણ વિરુદ્ધ જાય તો તેઓ અપરિણત કહેવાય.

નિષ્કારણ પુષ્કળ અપવાદ સેવી તે અતિપરિણત છે, જ્યારે એકલા ઉત્સર્ગનો આગ્રહી અપરિણત છે. બેયનું હિત સંભવિત નથી.

હિત તો માત્ર પરિણત આત્માનું છે, જે સંવિગ્ન અને ગીતાર્થ–ગુરુની આજ્ઞાને સદૈવ શિરસાવંદ્ય કરીને અમલમાં મૂકે છે.

સવાલો અને જવાબો

સવાલ (૧૭) : ક્યારેક ખરેખર વળગાડ જણાય છે તો તે માટે આપણે ત્યાં કોઈ ઉપાય ખરો ?

જવાબ : આ અંગેના નક્કર ઉપાયો અનેક હશે, પરન્તુ મારા ખ્યાલમાં એક ઉપાય છે.

વળગાડવાળી વ્યક્તિ પોતે ૪૧ દિવસ સુધી રોજ ૪૧ વખત સંતિકરંની બીજી–ત્રીજી ગાથા ગણે. દરેક વખત આ બે ગાથાથી પૂર્વે અને છેલ્લે ૧–૧ નવકાર ગણવો.

દા. ત., એક નવકાર		
બીજી, ત્રીજી ગાથા		આ એક વખત થયું.
પુનઃ એક નવકાર		આવું ૪૧ વખત.

આગાઢ કારણ સિવાય આ જપ ૪૧ દિવસ દરમિયાન ખંડિત થાય તો ફરીથી ૪૧ દિવસ માટે શરૂ કરવો. જો વળગાડવાળી વ્યક્તિ પોતે આ જપ ન કરી શકે તો બીજી વ્યક્તિ પોતાની સામે થોડાક પાણીની પાતરી રાખીને આ જપ કરે અને પછી તે પાણી વળગાડવાળી વ્યક્તિને ત્રણ નવકાર બોલાવીને પીવડાવી દે.

આ આપણો ધાર્મિક ઉપાય છે. ઝટ ઝટ જેનાતેના દોરા વગેરે કરવા તે ઉચિત જણાતું નથી.

આ સિવાય હંમેશ ૨૭, ૪૧ કે ૧૦૮ ઉવસગ્ગહરંનો જપ કરવામાં આવે તો 'પાણી પહેલાં પાળ' બંધાયા જેવું થાય, જે જરૂરી લાગે છે.

સવાલ (૧૮) : મુનિજીવનમાં જપની જરૂર ખરી ?

જવાબ : મને વ્યક્તિગત અનુભવો ઉપરથી એમ લાગે છે કે નિયત, અખંડ અને સદ્ભાવપૂર્વક જપથી અમુક પ્રકારનું બળ પેદા થાય છે જે રાગ, દ્વેષાદિના તીરની સામે કવચનું કામ કરે છે.

મન્ત્રજપમાં શ્રેષ્ઠ અને આવશ્યક જપ છે, મન્ત્રાધિરાજ પરમેષ્ઠિ–નમસ્કારનો.

તે પછી જે જપમાં વિશેષ ઉલ્લાસ પેદા થાય તે કરી શકાય. સામાન્યતઃ ઋષિમંડળના જપને, તેનું સ્તોત્ર બોલવાપૂર્વક વિશેષ પસંદગી આપવામાં આવે છે. મહાનિશીથના યોગોદ્વહન કરનારા મુનિઓ 'વર્ધમાન-વિદ્યા' ગણે છે જ્યારે પૂજનીય સૂરિભગવંતો સૂરિ-મન્ત્રના પટનું આરાધન કરતા હોય છે.

ગમે તેમ; પણ હંમેશા એકથી બે કલાકનો જપ થાય તે જરૂરી લાગે છે. છતાં આ વિષયમાં ગીતાર્થો જે જણાવે તે પ્રમાણે.

સવાલ (૧૯) : સાધ્વીજીને પુરુષ–ડોકટરો અને સાધુ-મહારાજને લેડી–ડોકટ્રેસો અડે અને આરોગ્યના ઉપચાર કરે તે આપદ્ધર્મ તરીકે યોગ્ય ગણાય ખરું ?

જવાબ : અંગત રીતે મને તો આપદ્ધર્મ તરીકે પણ આ બાબત યોગ્ય લાગતી નથી. આનાથી ઘણા મોટા અનર્થો પેદા થવાથી પૂરી શકયતા છે. આજે તો રોગો પણ એવા પેદા થયા છે કે છાશવારે ને છાશવારે સાધુ કે સાધ્વીજીને ઓપરેશનાદિ માટે અનેક દિવસો સુધી હોસ્પિટલમાં રહેવું પડે છે.

આ સ્થિતિમાં જો ઉપર્યુક્ત છૂટ લેવામાં આવે તો કયારેક કોઇકના જીવનનું અહિત થઈ જાય. વળી એક દરદીની સાથે સેવા કરનારી એક કે બે વ્યક્તિ પણ

હોસ્પિટલમાં હોય છે. આ છૂટછાટ જોવાથી તેમને પણ સહેલાઈથી નુકસાન થવાની પૂરી શક્યતા છે.

જો જરાતરામાં આપદ્ધર્મનો આશ્રય લેવાની વાત કરીશું તો તેની પરંપરા ખૂબ જ ઘાતક બનીને રહેશે, તે કરતાં તો બહેતર છે કે દર્દ જીવતું રહે. સહન કરીને કર્મક્ષય માટે યત્ન કરીશું, બાકી આજના કાળમાં જે પ્રકારની સગવડ જોઇએ તે મળવાની પૂરી શક્યતા છે; એટલે ઉપર્યુક્ત અપવાદ સેવવાની જરૂર પડે તેમ નથી.

આની સાથે બીજી પણ એક વાત કરી દઉં કે સાધ્વીજીને વિહારમાં માણસ રાખવાનું અનિવાર્ય હોય તો તેમણે બાઇને જ રાખવી જોઇએ. એવું જ સાધુ મહારાજે પુરુષને જ રાખવો જોઇએ.

બેશક, આજની ત્યાગી–સંસ્થા મહદંશે સુંદર કોટિનું સંયમ પામે છે, છતાં આવી બધી કાળજીઓ લેવી જોઇએ જેથી નવી શિષ્ય–સંતતિ પણ ઉચ્ચ કક્ષાના સંયમના આદર્શો જાણે અને એ રીતે તે પણ જીવે.

સવાલ (૨૦): આજે 'મટન–ટેલો' [પશુની ચરબી]-વાળા સાબુ મળે છે, તો તેનો ઉપયોગ કરવો કે નહિ?

જવાબ : આવી વસ્તુનો ઉપયોગ ન થાય તે જ ઇચ્છનીય છે. આવા સાબુને બદલે ડીટર્જન જાતના સાબુઓ અને તેના પાઉડરો મળે છે; જેમાં 'મટન–ટેલો' આવતો નથી. એ સિવાય અહિંસક સાબુ પણ તપાસ કરતાં મળી આવે છે. તેનો ઉપયોગ થાય તે ઇચ્છનીય છે.

બાકી પરિસ્થિતિ એવી આવી રહી છે કે ઘઉં વગેરે લોટમાં, દૂધના પાઉડરોમાં પણ માછલીનો લોટ તથા ઘીમાં પશુઓની ચરબી વગેરે ફરજિયાત ભેળવાશે. તાજેતરમાં જ એક મુનિના પાતરામાં માછલીના લોટની રોટલી આવી ગઇ હતી, જે વખતે આપણે બધાએ સંયમની આરાધના કેવી રીતે કરવી ? તે મોટામાં મોટો સવાલ થઇ પડશે. જો આર્યત્વ નહિ તો જૈનત્વને અને તેથી ઊંચા સાધુત્વને જીવાડવું અત્યન્ત મુશ્કેલ બની રહેશે.

સંવેદન

વીરની કીકીમાં ઊભરાતું દર્શન

એ હતી ! જીવિતસ્વામી પરમાત્મા વીરની પ્રતિમા ! ના....એ હતા; ત્રિલોકગુરુ, દેવાધિદેવ, શાસનપતિ, સાક્ષાત્ વીર-પ્રભુ !

દર્શન કરતાં આતમને અનેરો આહ્લાદ થયો. દર્શન જામતું ગયું...એની ચરમ સીમાએ પહોંચ્યું. આતમ અને પરમાતમ બેયની કીકીઓ જાણે એક થઇ ગઇ અને આતમને એમાં શું દેખાયું ? સિનેમાની પટ્ટીનાં દશ્યો પડદા ઉપરથી જેમ ક્રમશઃ પસાર થતાં જાય તેમ આતમને ત્યાં પાંચેય કલ્યાણકમય પ્રભુ વીરનું સમગ્ર જીવન દેખાયું.

દશમા દેવલોકમાં અનાસક્ત ભાવે અસંખ્ય વર્ષોનો કાળ પસાર કરતો પ્રભુ-વીરનો તારકતમ આત્મા દેખાયો અને એકાએક.... વીજના ઝબૂકાની જેમ આયુષ્ય પૂર્ણ કરીને મર્ત્યલોકમાં સડસડાટ ચાલ્યો આવતો એ આતમનો તેજલિસોટો ! પ્રભુનું ચ્યવન-કલ્યાણક ઉજવાયું.

થોડી જ વારે; માતા ત્રિશલા ! દેવોના રાજા ઇન્દ્રનું આગમન ! મેરુ-પર્વત ! અસંખ્ય દેવો ! ઇન્દ્રના ખોળામાં બાળ-વીર ! મેરુનું કંપન ! પ્રભુનું પૂજન ! પુનઃ ત્રિશલા દેવી પાસે પ્રભુનું સ્થાપન ! જન્મકલ્યાણકની ઉજવણી થઈ.

બાદ ગૃહસ્થ-જીવન ! યૌવનકાળ ! વર્ધમાનને લગ્નાર્થે વિનવતી માતા ત્રિશલા ! યશોદા સાથે લગ્ન ! પુત્રીનો જન્મ ! માતાપિતાનો સ્વર્ગવાસ ! નંદિવર્ધન-વિલાપ ! અને...લોકાન્તિક દેવોનું આગમન ! પ્રભુનું મહાભિનિષ્ક્રમણ ! દીક્ષા ! લોચ ! દેવદૂષ્ય !

વન તરફ સાવ એકાકી ચાલ્યા જતા પ્રભુ ! ચોધાર અશ્રુ સાથે વિલાપ કરતા; લથડતા પગલે મહેલ તરફ પાછા ફરતા નંદિવર્ધન !

પ્રભુનું દીક્ષા-કલ્યાણક ઉજવાયું.

૧૨।। વર્ષની ઘોર સાધનાનો આરંભ થયો. ગોવાળ ! શૂલપાણિ ! ગોશાલક ! ચંડકૌશિક ! ચંદનબાળા ! સંગમક ! અતિઘોર ઉપસર્ગો જોયા ! ઉપસર્ગે ઉપસર્ગે હૈયામાં ઊંડી વેદના થવા લાગી ! તીર્થંકરદેવના તારક આત્માની પણ રે ! કર્મરાજ તને શરમ નડતી નથી ! હાય ! પણ કેવી અનોખી ચિત્તપ્રસન્નતા ! સંગમના કાળચક્ર પ્રસંગે

ય કેવાં સુપ્રસન્ન ? પણ અન્તે... ગોદોહિકા આસને બિરાજમાન પ્રભુ ! લોકાલોકપ્રકાશક કૈવલ્યની પ્રાપ્તિ !

પ્રભુ; પ્રભુ થયા.

ભગવાન, ભગવાન થયા.

તારક; તારક થયા.

પ્રભુનું કેવળજ્ઞાન–કલ્યાણક ઉજવાયું. ગ્રામાનુગ્રામ વિહાર કરતા; સમવસરણમાં બેસીને બાર પર્ષદાને પ્રતિબોધતા; વિશ્વમાત્ર ઉપર કરુણાની સહજ વર્ષા કરતા ! ચોત્રીસ અતિશયોથી સંપન્ન પ્રભુ ! શાસનસ્થાપના ! સંઘસ્થાપના ! દ્વાદશાંગી પ્રકાશ ! ગણધરપદારોહણ ઇન્દ્રભૂતિ ગૌતમ ! " વીર ! વીર ! " " ગોયમા ! ગોયમા ! " ધ્વનિનો વારંવાર નાદ !

અપાપાપુરી ! ૧૬ પ્રહરની દેશના ! ભસ્મગ્રહ-પ્રશ્ન ! પુણ્યપાલ રાજવીનાં સ્વપ્નોનું વર્ણન ! યોગનિરોધ ચતુર્દશમ ગુણસ્થાન ! એક જ સમયમાં સિદ્ધાશિલાની ઉપર અવસ્થાન ! સિદ્ધત્વ !

કીકીમાં કીકી મળી અને ત્રિલોકગુરુનું કેવું અદ્ભુત જીવન-દર્શન થયું !

રે ! આતમ ! તને આવા નાથ મળ્યા છે પછી તું અનાથની જેમ – મુફલીસની જેમ – રાગદ્વેષભર્યા; વાસનાની ધૂળમાં આળોટતા ધૂળિયા સંસારી-જીવો સાથે દોસ્તી બાંધીને નાદાન રમત રમી રહ્યો છે ? ઊઠ.... ઊઠ.... ઓ આતમ ! ઊભો થા.... તારું આ જીવન નથી ! તારી

આ રમત ન હોય! પ્રભુ-વીરનો સેવક વાસનાઓનો ગુલામ કદી ન હોય! વીરનું નામ લે, તારામાં તત્ક્ષણ વીરતા ઉત્પન્ન થઈ જશે, કાયરતા અને કાયરતતા હિમની જેમ ઓગળી જશે.

ચાલ....ઊઠ... જીવન ઘણું તો પસાર થઈ ચૂક્યું છે. હવે તો જે મળી જીવનની મહામૂલી પળો !

પૂજન કરજે રાત દી, પ્રભુ-વીરનું !

એની આજ્ઞાઓનું યથાશક્તિ પાલન કરજે, અને શેષ આજ્ઞાઓનો કટ્ટર પક્ષપાત કરજે. તારો ઉદ્ધાર, મારો ઉદ્ધાર, આપણા સૌનો ઉદ્ધાર એ પૂજન, પાલન અને પક્ષપાતના ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને જ સંભવિત છે.

પાઠ : ૮

જમાનાવાદ અને લોકહેરી

જિનશાસનની સેવારૂપ રક્ષા કરવાની જવાબદારી પ્રધાનપણે જે શ્રમણ-શ્રમણી સંઘના માથે છે એ નિર્ગ્રન્થ-સંઘને છિન્નભિન્ન કરીને ખતમ કરી નાખવાની તે તાકાત નથી તો બ્રિટિશરોમાં કે નથી તો દેશી-અંગ્રેજોમાં ! નથી તો સુધારાવાદની ઉમરાણ મચાવતા જૈનોમાં કે નથી તો કોઈ નાસ્તિકમાં !

એ તાકાત એ જ ચતુર્વિધ સંઘના પ્રધાન અંગભૂત નિર્ગ્રન્થ (શ્રમણ-શ્રમણી) સંઘના જ જમાનાવાદ અને લોકહેરીની સક્રિય તરફેણમાં ઘડેલી છે.

જો નિર્ગ્રન્થ સંઘ જિનાજ્ઞાને જ પ્રધાન બનાવીને દેશ, કાળ, પરિવર્તન, નવસર્જન, પ્રગતિની જૂઠી ઉમરાણમાં અંજાયા વિના સુંદર રીતે સંયમજીવનનું પાલન કરતા રહે તો વિશ્વની એ મહાસત્તાઓ ભેગી થઈને પણ જૈનસંઘનો નાશ કરી શકે તેમ નથી.

પણ આ નિર્ગ્રન્થ સંઘ ઉપર નજર કરતાં ક્યાંક કેટલેક ઠેકાણે જમાનાવાદી રીતરસમો તરફ કૂણી લાગણી

અને લોકોનાં માન સન્માનાદિ મેળવી આપતી લોકહેરીની સભાનપણે સ્વીકૃતિ ડોકાં દેવા લાગી છે એ ભારે ખેદની બીના છે.

જૈનસંઘનો સર્વનાશ બોલાવવાનું સામર્થ્ય મિથ્યાત્વ, અવિરતિ, કષાયમાં છે; પણ વર્તમાનકાળમાં તો તેથી ય વધુ સામર્થ્ય જમાનાવાદનું ઉઘાડેછોગ સન્માન કરવાની પ્રવૃત્તિ અને લોકહેરીના આદરમાં છે એમ સ્પષ્ટપણે જણાય છે.

આ નિર્ગ્રન્થ-સંઘનાં એવાં કેટલાંક તત્ત્વોને કોણ સમજાવે કે, "તમે જે રસ્તે પગલું માંડી રહ્યા છો તે માત્ર આપઘાતી પગલું નથી પણ સર્વઘાતી પગલું છે. તમે ત્યાંથી પાછા ફરો."

કેટલાંક કારણોસર જે નિર્નાયકતાની પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે; જે મૈત્રીનું વાયુમંડળ નષ્ટપ્રાયઃ થયું છે એણે ઘણા બધા કોયડાઓ સર્જ્યા છે એમ લાગે છે. જો માત્ર છ માસ માટે કોઈ ગૃહસ્થનું ઘર નિર્નાયક સ્થિતિમાં આવી પડે તો તે ઘરનો સઘળો સુખ અને શાન્તિપ્રદ વ્યવહાર રમણભમણ થઈ જાય તો નિર્ગ્રન્થ-સંઘની વર્ષોની નિર્નાયકતા; એકવાક્યતાનો અભાવ; અમૈત્રીભાવ અને અનિચ્છનીય ટીકા–ટિપ્પણની હવા બધા ભેગા થઈને કયું અહિત કરવામાં ઉણા પડે ?

ખેર....સંઘની વાત અહીં અસ્થાને અને અનધિકૃત લાગે છે. દરેક શ્રમણ અને શ્રમણીએ પોતા પૂરતો કે

પોતાના સમુદાય પૂરતો તો એટલો અમલ કરવો જ જોઈએ કે તેમાં ક્યાંય હજારો મિથ્યાત્વોને પેદા કરનારો જમાનાવાદ નામનો રાક્ષસ આંટાફેરા કરે નહિ; કે પોષાય નહિ. અને કોઈ પણ વ્યક્તિ માનપાન–ભૂખી થઈને જિનાજ્ઞાનો લોપ કરાવતી લોકહેરીમાં તણાય નહિ.

જો હરેક ગ્રુપ આવો નિર્ણય લેશે તો ય મહદંશે આ આપત્તિથી ઊગરી શકાશે.

પણ આ બધું પરલોકદૃષ્ટિ, આજ્ઞાભંજનના પાપની તીવ્ર ભીતિ પેદા થાય તો જ શક્ય બને. જે પરલોક પ્રત્યે સભાન નથી અને પાપો પ્રત્યે અત્યન્ત ભીરુ નથી તે સાધુ હોય તો ય છૂપો નાસ્તિક છે. આવી વ્યક્તિ તો સાધુના સ્વાંગમાં આ લોકનાં ભોગસુખોથી રસલહાણી લૂંટવા માટે જ સાબદી રહેવાની.

આવા સાધુને એમનું ભક્તમંડળ પણ મળી જ રહે છે. પછી એમનું પણ શાસન ચાલવા લાગે છે કે જે શાસન જિનશાસનને જફા પહોંચાડતું રહે છે. એટલે જ દીક્ષા આપતાં પહેલાં પાત્રતાની પૂરેપૂરી ચકાસણી કરવાની ખૂબ જરૂર છે, અન્યથા અયોગ્યની દીક્ષાથી પેદા થનારાં બધાં પાપોના ગુણાકાર બનીને ગુરુના આત્માને લાગુ થવાના છે.

આ વિકરાળ વિષમતાઓ પ્રત્યે આપણે જેટલા જલદી જાગી જઇએ તેટલું વધુ સારું છે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૨૩) વિજાતીય સંપર્ક ત્યાગવાં :

મુનિજીવન વધુમાં વધુ સ્વાશ્રયી હોવું જોઇએ. પોતાની કોઇ પણ બાબત [માત્રુ પરઠવવું, ઓઘો બાંધવો, કાપ કાઢવો, લૂણું કાઢવું, પ્રતિલેખન કરવું વગેરે] ખાસ કારણ વિના બીજા મુનિઓને આપવી જોઇએ નહિ; આવી પ્રતિજ્ઞા જ હોવી જોઈએ.

કેટલીક વાર મુનિઓ સાધ્વીજીને કાપ કાઢવા માટે કામળી વગેરે આપતા હોય છે. સાધ્વીઓ પણ આવા ભક્તિના લાભ આગ્રહપૂર્વક માગતા હોય છે. આ ઠીક નથી. જ્યાં ઓઘો, પાતરાદિ પણ જાતે ટાંકવાના કે રંગવાના હોય છે ત્યાં આ કાપની વાત તો રહી જ ક્યાં ?

ભક્તિની પણ મર્યાદા હોય. જે ભક્તિ કાલાંતરે નુકસાન પહોંચાડવાની અલ્પ પણ સંભાવના ધરાવતી હોય તેવી ભક્તિ કદી થાય નહિ. આવા સંપર્કના વ્યવહારોની વિપરીત અસર નૂતન, અપરિણત, યુવાન સાધુ-સાધ્વીઓને અવ્યક્ત રીતે થતી હોય છે. આથી પણ આવા વિજાતીય સંપર્કો ન રખાય તે જ ખૂબ ઉચિત છે.

(૨૪) ભાજનો ઉઘાડાં ન મૂકવાં :

પાણીના ઘડા, ફીણવાળી ડોલ, પાણી ઠારેલી પરાત વગેરે કદી ખુલ્લાં મૂકવાં ન જોઇએ. ખુલ્લાં ભાજનો

જીવોની હિંસાનું કારણ બની જતાં ઉપકરણ મટીને અધિકરણ બને છે. ડોલમાં જો ફીણ પડયું હોય તો તેમાં માખી પડતાંની સાથે જ ચોંટી જાય છે.

(૨૫) એંઠી પાતરીમાં પાણી; પરાત પાસે કાપ :

ઘડાથી એંઠી પાતરીમાં કદી પાણી ન લેવું. ઘડાનું પાણી જરાક પણ જોરથી તે પાતરીમાં પડે કે તરત તે પાણી એંઠું થઈને તેનો છાંટો પાછો તે જ ઘડામાં પડી જાય. પૂરી સાવધાની રાખવાથી વાંધો ન આવે, પણ પાપભીરુ આત્માએ આવું સાહસ કરવાની જરૂર નથી. એક નિયમ જ બનાવી દેવો કે પાતરી વગેરે પૂરેપૂરા લૂછયા પછી જ તેમાં ઘડા વગેરેનું પાણી લેવું.

આ જ રીતે જ્યાં પાણી ઠારેલું હોય તેની નજીકમાં કાપ ન કાઢવો કે લૂણાં પણ ન કાઢવાં. જરાક બેદરકાર રહી જવાશે તો તરત તે પરાતના પાણીમાં છાંટા ઊડી જશે.

(૨૬) સાંજે દેરાસરજી :

જો વસતીથી સો ડગલાંની અંદર જ જિનાલય હોય તો સાંજે પણ દર્શન કરવા જવું જોઈએ. અન્યથા આ નિયમ નહિ. પણ સાંજે જિનાલયમાં દર્શન કરવા જનારે દીવા-લાઈટ થતાં પહેલાં જ દર્શન કરી આવવાનો નિયમ રાખવો જોઇએ. ક્યારેક સમયસર જવાનું ચૂકી જવાય તો દીવા-લાઇટમાં તો ન જ જવું. 'ન ગયાનો' અમુક દંડ રાખી દેવો.

એક વાત ખ્યાલમાં રાખવી કે ગમે તે સમયે એકથી વધુ સમયે જિનાલયોમાં ચૈત્યવન્દનાદિની અનુકૂળતા ન હોય ત્યારે અરિહંતચેઇઆણં.... અન્નત્થ.... એક નવકાર.... સ્તુતિ....રૂપ લઘુ ચૈત્યવન્દન તો બધા જિનાલયે કરવું.

(૨૭) સજાતીય–સ્પર્શ નિષેધ :

જો કે આપણું મુનિજીવન જ તપ અને ત્યાગ-પ્રધાન છે એટલે બ્રહ્મચર્યનું નિર્મળ પાલન કરવું એ સરળ આરાધના બની જાય છે. છતાં ક્યારેક નિમિત્તો જ એવાં ઊભાં થાય તો પૂર્વસંચિત કર્મો તોફાન કરી બેસે તે સંભવિત પણ છે. એમાં ય વિજાતીય નિમિત્તોથી તો હજી પણ અનેક લજ્જાદિ કારણોસર પણ દૂર રહી શકાય છે, પરન્તુ ક્યારેક સજાતીય નિમિત્તો કોઈ અહિતના પગરણ માંડી દે ખરા.

એવું ન થાય તે માટે એક નિયમ જ બનાવી દેવો જોઈએ કે સજાતીયને પણ સ્પર્શસુદ્ધાં ન કરવો. ગ્લાનત્વાદિનું કારણ હોય તો તેવા વખતે વડીલની રજા મેળવવી.

ઉઠાડવાની બાબતમાં ઓઘાના સ્પર્શથી જ ઉઠાડવા.

ગૃહસ્થનાં સંતાનોને કદી રમાડવાં નહિ. પાસે બેસાડીને ધર્મ-પ્રેરણા માટે પણ – નિર્દોષભાવે ય – વહાલ બતાડવું નહિ. તેમને રમાડવા જેવી ચેષ્ટા કરવી નહિ.

મોહરાજની કળા ખૂબ જ અકળ છે. આપણે તેમાં અજાણતાં ય ફસાઈ જઈએ તે અત્યન્ત સંભવિત છે.

આ વિષયમાં જેઓ અતિ વધુ મક્કમ રહે છે તેમને પ્રાયઃ કોઈ મુશ્કેલી ઊભી થતી નથી. અને બીજી બાજુ, છૂટ-છાટ લેનારાનું અહિત થયા વિના રહેતું નથી.

સવાલો અને જવાબો

સવાલ (૨૧) : સૌથી સુંદર તપ કયો :

જવાબ : મારી દૃષ્ટિએ આંબિલ.

કેમકે તેનાથી દેહ ટકી રહે છે. એટલે દીર્ઘકાળ સુધી તે થઈ શકે છે. વિગઈઓની તેમાં હકાલપટ્ટી છે એ ખૂબ સુંદર વાત છે. શરીરનાં પોષક તત્ત્વો જે કઠોળમાં વધુમાં વધુ જણાવાયાં તે કઠોળ જ આંબિલનો મુખ્ય ખોરાક છે.

વર્તમાનકાળમાં ઘી, તેલ બગડયાં છે, અને બીજી બાજુએ પેટ પણ બગડયાં છે ત્યારે ઘી, તેલ અને મરચાં, તળેલાંનો ત્યાગ કરવાની સહજ રીતે જ્યારે જરૂર ઊભી થઈ છે ત્યારે તેની સુંદર વસ્તુ શોધવાની કે ઊભી કરવાની જરૂર નથી, એ તૈયાર પ્રક્રિયા છે, આંબિલની.

અનંત કાળથી ચાલી આવતી જૈનશાસનની આ પ્રક્રિયા પ્રદૂષણોથી બગડેલાં ફળ, ફૂલ સુદ્ધાંના કાળમાં કેટલી બધી યથાર્થ અને અત્યન્ત આવશ્યક છે? તે વિચારીએ ત્યારે આંબિલના તપ ઉપર આફ્રીન પોકારી જવાય તેવું છે.

દરેકે વર્ધમાન-તપની પદ્ધતિથી અવારનવાર ઓળીઓ કરતા જ રહેવી જોઇએ, જેથી શરીર અને આત્મા બેયનું આરોગ્ય સચવાઈ રહે.

સવાલ (૨૨) : સંયમધર્મની સૌથી મોટી વિરાધના કયી કહી શકાય ?

જવાબ : સંયમધર્મની સૌથી મોટી વિરાધના વિરાધેલા અંગનું અ-પ્રાયશ્ચિત્તીકરણ છે.

દોષ નાનો હોય કે મોટો તેનું જો યથાર્થ રીતે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો તે દૂર થઇ જાય છે; અન્યથા નહિ. ગાંઠ કેન્સરની; અને કાંટો પગનો...

આ બેમાં વધુ જોખમી તે જ છે; જેનું ઉન્મૂલન કરવામાં આવતું નથી.

દઢ પ્રહારીએ કેન્સરની ગાંઠ જેવું પાપ કર્યું પણ તેણે ઉન્મૂલન કર્યું. જ્યારે રૂકિમએ માત્ર વિકારી નજરે પરપુરુષનું દર્શન કર્યું પણ તેનું ઉન્મૂલન ન કર્યું તેથી દઢપ્રહારી તે જ ભવે મોક્ષમાં ગયા અને રૂકિમ મહાન સાધ્વી થવા છતાં દીર્ઘ સંસારી થયા !

મુનિજીવનમાં સ્વાધ્યાય, તપ, સેવા ભલે કરાય પણ પ્રાયશ્ચિત્ત તો કરવું જ જોઇએ. મનના પણ તમામ આવેગોની રજૂઆત કરીને શુદ્ધિ અચૂક કરવી જોઇએ.

પ્રાયશ્ચિત્તવિહોણું ઉત્કૃષ્ટ પણ મુનિજીવન એ બદામ જેટલું પણ મૂલ્ય ધરાવતું નથી એની સહુ નોંધ લે.

સવાલ (૨૩) : કયારેક પવન પડી જાય છે તેવી પરિણામ-ભગ્નતા ચિત્તમાં આવી જાય છે ! બધું બેકાર જેવું લાગી જાય છે. એ વખતે શું કરવું ?

જવાબ : ચિત્તમાં આવું જ્યારે પણ બનતું હોય ત્યારે તે કયા નિમિત્તથી બન્યું તે શોધી કાઢવું અને નિમિત્તોથી દૂર રહેવા પ્રયત્ન કરવો; જેથી ફરી તેવું ન થાય.

ક્યારેક કોઈ પણ નિમિત્ત વિના પણ આવું બને છે. તે વખતે સહજ રીતે ઉદયમાં આવતાં કેટલાંક અશુભ કર્મો કારણ બને છે, આવા સમયે પરમેષ્ઠિ નમસ્કાર અને પંચસૂત્ર (પહેલું)નો વારંવાર પાઠ કરવો. પરમેષ્ઠિ ભગવંતોને વંદના એવાં અશુભ કર્મોનું નિવારણ કરી નાખે છે.

બાકી મુનિજીવનમાં તેજી–મંદી જેવું ચાલ્યા કરે; તડકા–છાંયડા આવ્યા કરે તો ય તેથી નિરાશ ન થઇ જવું. ઘણી મુસીબતે આપણને આ સંયમ-રત્ન પ્રાપ્ત થયું છે. તેને માત્ર માનસિક હતાશાઓ, ખેદ કે નિરુત્સાહિતાથી અથવા નાનાં નાનાં બાહ્ય છમકલાંઓથી એળે જવા દઈશું તો આપણા જેવા બેવકૂફ બીજા કોઈ નહિ ગણાય.

અને પરિણામ સ્થિરતાના બધા પ્રયત્નો કરવા છતાં પણ કર્મવશાત્ પતન થઈ જાય તો ય તે ભવિતવ્યતાને આધીન બાબત છે. એવું કાંઈ પણ થતા પૂર્વે જે કાંઈ ધર્મ–કમાણી કરી લીધી તે તો મિથ્યા થઇ શકનાર નથી. મોક્ષૈકતાન ચિત્તથી જે ધર્મારાધના કરી તે તૂટી પડી તો ય સોનાનો ઘડો તૂટી પડ્યા બરોબર છે; તેનું મૂલ્ય પૂરેપૂરું જ આવવાનું છે.

કાલની કોને ખબર છે? શું નું શું ન થઈ જાય ? માટે જ 'આજ' આપણી.... 'આજ' માં.... 'અત્યારમાં' જ....જે આરાધનાઓ કરી લેવાય તેટલી કરી લઈએ.... પછી કાલનું આરોગ્ય; કાલનો અધ્યવસાય, કાલનું જીવન....કોને ખબર કેવાં હશે ?

કદી નિરાશ થજો મા.... પરિણામથી પડો તો ય ઉત્સાહી બનીને ઊભા થઇ જજો....તરત આગળ ચાલવાની ગતિ વેગ પકડી લેશે.

સંવેદન

ખીલા ઠોકાણા; વીરના કાનમાં

ગુસ્સાના આવેશમાં આવીને ભાન ભૂલેલા ઓ ભરવાડ ! તેં વિશ્વતારક વીર-પ્રભુના કાનમાં ખીલાં ઠોકયા ! ઓ, પાપી ! તેં આ શું કર્યું ?

ધન્ય છે; તે ખરક વૈદ્યને અને તે વિણગ્પુત્રને....

તમે વીર-પ્રભુના કાનમાં ઠોકાયેલા ખીલા બહાર ખેંચી કાઢયા ! પ્રભુએ તીવ્ર વેદનાથી જોરદાર ચીસ પાડી ! સંગમકના કાળચક્રે પણ જેમણે ઉંહકારો નથી કર્યો તે વીર-પ્રભુને ખીલા ખેંચાતી વખતે કેટલી ભયાનક વેદના થઇ હશે ? જે થયું તે...

ધન્ય છે; વણિગ્પુત્ર તને; તેં કમાલ કરી છે ! પણ ઓ, વણિગ્પુત્ર ! તને ધન્યવાદ દેતાં મને મારી જાત ઉપર

ધિક્કાર વરસાવવાનું દિલ થઈ જાય છે. મારી જાત મને અત્યારે યાદ આવે છે, હાય ! કેવાં એણે કામ કર્યાં છે !

વીર અને વીરનું શાસન ! બે વચ્ચે કોઇ ફરક નથી. વીરે સ્થાપેલું વીરશાસન એ વીરનું જ અવિભાજ્ય અંગ છે, આજે એ વીર નથી પણ વીરશાસન તો જીવંત છે !

હાય ! મેં વીરશાસનને કેવા કેવા ખીલા ઠોકયા છે.

મારી સ્વચ્છંદ મનોવૃત્તિ, મારી ઉચ્છૃંખલતા, મારી તુચ્છતા, મારી વાસના; માયા, કપટ અને માનપાનની તીવ્ર સંજ્ઞાને કારણે મેં એવાં એવાં કુકર્મ કર્યાં છે જે ખીલા બનીને વીરશાસનના અંગમાં સીધા ભોંકાયા છે.

મેં મારા સુખ અને સ્વાર્થને તાત્કાલિક પોષવાની વૃત્તિમાં કદી એ જોયું નથી કે આથી વીરશાસનને મેં કેટલો મોટો ફટકો માર્યો છે !

એક નાનકડું દૃષ્ટાન્ત આપું. મને તિથિના દિવસે પણ કેરી ખાવાની ઇચ્છા થઈ. મેં જાહેર કર્યું કે "પાકાં ફળો તિથિના દિવસે બેશક વાપરી શકાય. એમાં કોઈ દોષ નથી." બસ....મારા અને મારા આશ્રિતોના જીવનમાં આ પાપ પ્રવેશીને પ્રસરી ગયું. વીરશાસનના પર્વતિથિના પરમ કલ્યાણકર નિયમને ખીલો મારી દીધો !

ન જાણે, આવા તો કેટલા ખીલા મેં અને મારી અંગત દુર્વૃત્તિઓએ માર્યા હશે !

શાસન-સેવા કરવાની તો દૂર રહી પણ ખીલા મારવાની પ્રવૃત્તિ સદા બની રહી.

પેલી અજ્જા સાધ્વી મને યાદ આવે છે કે પોતાના

તીવ્ર પાપોદયથી પ્રેરાઇને 'અચિત્ત પાણી પીવાનો ત્યાગ કરવાનો વિચાર કરી દીધો. કેવો ભયાનક ખીલો !

મને પેલા કમલપ્રભાચાર્ય યાદ આવે છે, જેમણે પોતાના અપમાનના ભયથી બ્રહ્મચર્યને પણ સાપવાદ જાહેર કરવાની અતિ ભયાનક ભૂલ કરી નાખી. એક ખીલો પ્રભુશાસનને મારી દીધો !

વર્તમાનયુગના એ ચતુર્વિધ સંઘના સભ્યો ! આજે આપણે સહુ એક સંકલ્પ કરીએ કે આપણા ઐહિક સ્વાર્થોના પોષણ માટે આપણે કદી પ્રભુશાસનને ખીલો ઠોકવાની ભૂલ ન કરી બેસીએ.

ક્યાં આપણું લઘુતમ અસ્તિત્વ અને વ્યક્તિત્વ ! અને ક્યાં ૨૧–૨૧ હજાર વર્ષ સુધી અવિચ્છિન્નપણે પ્રકાશિત રહેનારા વીરશાસનનું ગૌરવવંતુ વ્યક્તિત્વ અને પ્રભુત્વ !

જો ખીલો ઠોકવાનો જ પ્રસંગ આવી પડે તો આપણા સ્વાર્થોને જ ખીલો મારીએ ! આપણા સુખને જ પૂળો ચાંપીએ ! આપણી વાસનાને ગળે જ ટૂંપો દઇએ !

પણ તેની સુરક્ષા રાખીને વીરશાસનના કોઇ પણ અંગને – સંઘને, આજ્ઞાને, મોક્ષના ઉદ્દેશને, ક્રિયામાર્ગના નિયમોને બાંધછોડ વગેરેના ખીલા કદી ન મારીએ. ત્યાં ખીલો નહિ, ખીલી પણ નહિ. રે ! તેનું સ્વપ્ન પણ નહિ. યાદ રાખીએ; ખીલા ખેંચી કાઢનારા પેલા વણિગૂના આપણે વંશજો છીએ; પેલા ભરવાડના નહિ....

પાઠ : ૯

અતિ મહત્વના દર્શનાચારના ચાર આચારો

પંચાચારમાં બીજો આચાર દર્શનાચાર છે. એના આઠ આચારો છે. એમાંના છેલ્લા ચાર ઉપર આપણે નજર કરીએ.

(૧) ઉપબૃંહણા, (૨) સ્થિરીકરણ, (૩) વાત્સલ્ય અને (૪) શાસનપ્રભાવના.

જૈનસંઘના ચારે ય વિભાગો ઉપર નજર કરતાં એમ લાગે છે કે મોટા ભાગે આ ચાર આચારો તરફનું લક્ષ ગૌણ થઈ ગયું છે. હકીકતમાં આ ચાર આચારોથી જ જૈનસંઘ પોતાના ગૌરવાન્વિત શ્વાસપ્રાણોને ધબકાવી શકે છે. જગતમાં માથું ઊંચું રાખીને ઊભો રહેવાને અધિકારી બને છે. આ ચાર આચારો સ્વલક્ષી હોવા કરતાં વિશેષતઃ સંઘલક્ષી યાવત્ સર્વલક્ષી ગણી શકાય. સંઘની લોખંડી મજબૂતાઈ આ ચાર આચારોને આભારી છે. જ્યારે જ્યારે આ આચારો ગૌણ બન્યા છે ત્યારે ત્યારે સંઘ, પક્ષ, ગચ્છ, સમુદાય, ગ્રુપ કે પ્રત્યેક વ્યક્તિ

નબળા પડ્યા છે. કદાચ વર્તમાનકાળ એવી નબળાઈનો ભોગ બનેલા ઘણા ઘટકોનો કાળ હોઈ શકે.

ટૂંકમાં આપણે ચારેય આચારોનું સ્વરૂપ અને મહત્ત્વ જોઈ લઈએ.

(૧) ઉપબૃંહણા :

બીજાના ગુણની હાર્દિક અનુમોદના અથવા પ્રશસ્ય ગુણની ખુલ્લી પ્રશંસા. જે સાધુ કે સાધ્વીજીએ સુંદર કોઈ આરાધના, પ્રભાવના કરી હોય તેની આપણે ઉચિત રીતે અનુમોદના (કે પ્રશંસા) કરવી જ જોઈએ. આવી ઉપબૃંહણા એ વ્યક્તિનું બળ ખૂબ વધારી મૂકે છે એને આરાધનામાં પુષ્કળ વેગ મળી જાય છે. ઊલટ પક્ષે, જો ગુર્વાદિ તરફથી યોગ્ય રીતે ઉપબૃંહણા ન થાય તો તે વ્યક્તિ હતાશ થાય છે. કદાચ તે આરાધનાનો યોગ છોડી પણ દેવા સુધી પહોંચી જાય છે. શાસ્ત્રમાં એવા આચાર્યનું દૃષ્ટાન્ત આવે છે, જેણે જબ્બર શાસનપ્રભાવના કરીને આવેલા પોતાના ચાર શિષ્યોની ઉપબૃંહણા ન કરતાં હતાશ થઈ ગયેલા શિષ્યોએ શાસનપ્રભાવનાની પ્રવૃત્તિઓ પડતી મૂકી. ફલતઃ પાંચેય દુર્ગતિમાં ગયા.

જે કાળમાં બહુ થોડા-થોડામાં ય અતિ થોડા સાચા આરાધકો રહ્યા છે તે કાળમાં તેમને ટકાવીને આગળ વધારવાની ખૂબ જરૂર છે. ઉપબૃંહણાથી જ એ બની શકે તેમ છે. સબૂર ! અહંકારને આઘો મૂક્યા વિના ઉપબૃંહણા આપણે કદાપિ કરી શકનાર નથી એની નોંધ લેવી રહી.

(૨) સ્થિરીકરણ :

દુષ્કર્મોના ઉદયે કે અવળા પુરુષાર્થે સંયમાદિ યોગોમાં ક્યારેક કોઇ અસ્થિરતા આવી જાય છે. આવા સમયે તેનું સ્થિરીકરણ કરવું એ ખૂબ જરૂરી છે. અસ્થિરને તિરસ્કારવાથી શું લાભ? એનું શું હિત? એથી તો કદાચ એ સંસારભેગો થઈ જાય.

એમ ન કરતાં એ આત્માને સ્થિર કરવો જોઇએ. દશવૈકાલિક સૂત્રની બે ચૂલિકા આવા સ્થિરીકરણ માટે ભરપૂર બોધ આપે છે. એક પણ આત્માને આપણે બચાવી લઇશું તો એનો કેટલો મોટો લાભ આપણને થઈ જશે? કોઈ પણ સમુદાય હોય – તે જોયા વિના – તે તે અસ્થિર થતા આત્માને આપણે બધા જ પ્રયત્નો કરીને સંયમમાં સ્થિર કરી દેવા જોઇએ. હા....તે માટે આપણા હૈયે ભરપૂર વાત્સલ્યભાવ હોવો જોઇએ. સ્વાર્થી સાધુ કે સાધ્વી આ લાભ કદાપિ પામી શકતા નથી.

અપેક્ષાએ જિનાલયોના જીર્ણોદ્ધાર કરતાં ય વધુ લાભ અસ્થિર આત્માના જીર્ણોદ્ધારમાં પડેલો છે. એની ઉપેક્ષા કેમ જ થઈ શકે?

(૩) વાત્સલ્ય :

આશ્રિતાદિના દોષોના ઝેરને એમને નસનસમાંથી નીચોવી કાઢવાની નકલ જો કોઇ ગુણમાં હોય તો તે વાત્સલ્યમાં છે. ધિક્કાર કે તિરસ્કાર–માત્રથી કદી કોઇ

સુધર્યો નથી. સુધરવાની શકયતા માત્ર વાત્સલ્યભાવમાં છે. કદાચ તેથી પણ ન સુધરે તો ય જાતને તો દર્શનાચારના આ આચાર-પાલનનો સો ટકા લાભ છે.

વિશ્વવાત્સલ્યની વાતો કરનારા આપણને સંઘવાત્સલ્ય સ્પર્શ્યું હશે ખરું ? શિષ્યવાત્સલ્યને અનુભવ્યું હશે ખરૂં ? સંઘવાત્સલ્યના અભાવે જ સંઘની સ્થિતિ વિષમ નહિ બની હોય ?

આશ્રિતો ઉપરના વાત્સલ્યના અભાવે જ એમનાં જીવન આંચકાઓ ખાઈ ખાઈને ખતમ થતાં નહિ હોય !

(૪) શાસનપ્રભાવના :

માત્ર આઠ જ પ્રકારના વાદી, કવિ, વ્યાખ્યાનકાર વગેરે પ્રભાવના કરી શકે તેવું રખે માની લેતા ! જિનાજ્ઞાનો સાચો પાલક કોઈ પણ હોય – સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા – પ્રત્યેક શાસનનો પ્રભાવક છે.

તેમાં ય ગૃહસ્થો મુખ્યત્વે દાનાદિ ચાર ધર્મોનું સુંદર આરાધના કરવા દ્વારા અને સંસારત્યાગીઓ શાસ્ત્રાજ્ઞા મુજબના જ જીવનના કટ્ટર પક્ષ અને પાલન દ્વારા પ્રભાવના કરી શકે છે. શાસનપ્રભાવના જેવો કોઈ પરાર્થકારી ધર્મ નથી માટે જ શાસનહીલના કરવા જેવો કોઇ બીજો અધર્મ નથી. માટે જ પૂજ્યપાદ હરિભદ્રસૂરીજી મહારાજાએ અજાણતાં ય 'શાસનમાલિન્ય' નહિ કરવાની સહુને પ્રેરણા કરી છે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૨૮) ઉપકરણોનો કસ કાઢવો :

જરૂર પૂરતાં જ વસ્ત્રો વગેરે ઉપકરણો – શાસ્ત્રોમાં બતાવેલી સંખ્યાનાં રાખવાં જોઇએ. આ વસ્ત્રાદિનો પણ પૂરેપૂરો કસ કાઢવો જોઇએ. જરાક ફાટે કે તેને વિદાય આપી દેવાની નીતિ ઇચ્છનીય ન ગણાય. એવા અનેક મહાત્માઓ છે, જેઓ એક જ સંથારો ૨૦ –૨૫ વર્ષથી થીગડાં દઈ દઇને પણ વાપરે છે.

ઝટ ઝટ નવાં કપડાં વાપરવાનો મોહ આપણું અહિત કરનારો છે. આપણે આપણા મુનિજીવનની મર્યાદાઓ અને નીતિઓને ચુસ્તપણે વળગી રહીએ એ જ આપણું સૌન્દર્ય છે. એને જ આપણે ખીલવવું રહ્યું.

કપડું એકદમ જીર્ણ થાય ત્યાં સુધી વાપરી શકાય. પછી તેનાં જ લૂણાં થઈ જાય.

કામળી જીર્ણ થાય તો તેનાં જ ઓઘારીઆં કે ખેરીઆં થઇ શકે.

પાતરુ તૂટી જાય તો છેવટે તેના નીચેના ભાગમાંથી દાબડીઆનું ઢાંકણું બનાવી લેવાય. બાકીના ભાગમાંથી સાયણી બનાવી શકાય.

સંથારો ફાટે તો તેમાંથી પાતરા નીચે મૂકવાનું આસનિયું બનાવી લેવાય.

આમ બુદ્ધિથી તે તે વસ્તુની ઉપયોગિતા શોધીને

ઉપકરણોનો શક્ય તેટલો વધુ કસ કાઢવાનું લક્ષ રાખવું જોઇએ. આજે તો આપણાં અનેક ઉપકરણો આધાકર્માદિ દોષવાળાં હોય છે. કેટલાંક વિલક્ષણ બનાવટોવાળાં તો કેટલાંક ખૂબ મોંઘાં પડતાં હોય છે. જો જરાતરામાં તેને વિદાય આપવાની કુટેવનો ભોગ બનાય તો તે વ્યક્તિને વારંવાર કેટલા બધા દોષો વગેરેનો ભોગ બનવું પડે ?'

શું આ આપણને પરવડે તેવી બાબત છે ?

(૨૯) ઘડિયાળ વાપરવા અંગે :

ખરેખર તો ઘડિયાળ વપરાય જ નહિ. તેમાં ચોવીસેય કલાક જે મશીન ચાલે છે, તેની અંદર વાયુ કાયાદિની ઘણી વિરાધના થતી હોય છે.

આપણા પૂર્વજો તો શાસ્ત્રોક્ત નીતિ મુજબ દિવસે દેહના પડછાયા ઉપરથી અને રાતે સપ્તર્ષિના તારાના ગણિતથી સમય જાણી લેતા. સ્વાધ્યાયના વેગ ઉપરથી પણ સમય નક્કી કરાતો.

આજે તો આપણી એવી ભાવના જ લગભગ નષ્ટ થઇ ગઈ છે. નહિ તો આજે પણ ઉક્ત ગણિતની જાણકારીવાળા મહાત્માઓ વિદ્યમાન છે.

ખેર....જો આ શાસ્ત્રવિધિનું પાલન કરવાનું સામર્થ્ય ન લાગતું હોય તો છેવટે પોતાની આરાધના માટે ગૃહસ્થોએ વસતિમાં (ઉપાશ્રયમાં) મૂકેલા ઘડિયાળથી સમયનું જ્ઞાન મેળવી લેવું જોઇએ. પણ પોતાની માલિકી જેવું ઘડિયાળ,

સદાય પોતાની પાસે રાખવું તે ઉચિત ન ગણાય. તેમાં ય વળી તેને ચાવી જાતે આપવી તે પણ ઉચિત ન ગણાય.

ખરેખર, ઘડિયાળનું આ પાપ ખૂબ વ્યવસ્થિત રીતે આપણા જીવનમાં પેંધી ગયું હોય તેમ લાગે છે. આપણા માટે આ ભારે ખેદનો વિષય બની રહેવો ઘટે.

(૩૦) રાતે લાઇટ અંગે :

રાતના સમયે ઉપાશ્રયમાં લાઈટ, ફાનસ વગેરેના પ્રકાશની અપેક્ષા ન રાખવી જોઇએ. આખી રાત ચાલતી તેઉકાયની વિરાધનાનો આ ભયંકર દોષ છે.

છતાં જો કોઈ દાદર જ એવો હોય કે જેને ચડવા-ઊતરવામાં વૃદ્ધ સાધુ કે સાધ્વીજીને પડી જવાનો પૂરો ભય રહેતો હોય; એ સ્થળ જ એવું હોય, જ્યાં જીવ-જંતુનો કે આસપાસની વિચિત્ર અજૈન વસતિના રંજાડનો ભય રહેતો હોય અથવા તો મુનિઓની જીવન-રક્ષાનો પ્રશ્ન હોય તો તેવાં આગાઢ કારણોસર આ દોષ ન છૂટકે સેવી શકાય; પણ એમાં ગીતાર્થ-વડીલ જ પ્રમાણભૂત સમજવા. બીજા કોઇએ પરિસ્થિતિ અંગેનો નિર્ણય કરવાની સત્તા પોતાના હાથમાં લેવી નહિ. કેમકે તેમ કરનારથી જો અયોગ્ય નિર્ણય લેવાઇ જશે [જરૂરિયાતને વખતે બિનજરૂરિયાતનો, બિનજરૂરી વખતે જરૂરિયાતનો] તો તેના આત્માનું ઘણું મોટું અહિત થશે.

આથી જ કલ્પસૂત્ર ગ્રન્થના સામાચારી વ્યાખ્યાનમાં વારંવાર, 'આયરિયા પચ્ચવાયં જાણંતિ' કહ્યું છે.

સવાલો અને જવાબો

સવાલ (૨૮) : જેના સંયમપરિણામ ભગ્ન થઈ ગયા છે તેનું શું કરવું જોઈએ ?

જવાબ : શક્ય હોય ત્યાં સુધી તેનું સ્થિરીકરણ કરવું જોઇએ. પરિણામભગ્ન થવામાં કોણ નિમિત્ત બન્યું છે ? તે શોધી કાઢીને તેની ઉપર વિચાર કરવો જોઈએ. જો કષાયાદિનું નિમિત્ત બન્યું હોય તો ક્ષમાપનાદિથી નિવારણ કરવું. જો બ્રહ્મચર્યની બાબત હોય તો સંસારની વિચિત્રતાઓ, અશરણતા, અસારતા, વિપાકકટુતા વગેરે સારી રીતે સમજાવવા જોઈએ અને વિગઈઓનો ઉપયોગ એકદમ ઘટાડી નાખવો જોઈએ. તેવા પ્રકારના સંગનો અને વાંચનનો ત્યાગ કરાવવો જોઈએ. આમ ખાસ કાળજી લઈને તે આત્માને સ્થિર કરાય તો તે આત્મા ઊગરી જાય; સ્થિરીકરણ વ્યક્તિને ખૂબ મોટો લાભ મળે અને શાસનહીલનાનું નિવારણ થાય.

પણ જો એમ જ લાગતું હોય કે ઘણી બધી છૂટછાટો આપવાથી જ એ આત્મા માત્ર થોડોક વધુ સમય ખેંચી શકે તેમ છે, અને એ છૂટછાટોનો ચેપ અન્યને લાગતાં બીજાઓને પણ ઉચ્છૃંખલ થવાનું કે અશિસ્ત આચરવાનું શીખવા મળે તેમ છે, તો ઘણાનાં હિતની રક્ષા માટે એ આત્માને વિદાય લેતો અટકાવવો ન જોઇએ.

વળી જે આત્માનું સ્થિરીકરણ કરવામાં આવે તેને તેની ક્ષતિઓનું પૂરેપૂરું પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. છેદ વગેરે આપવાની જરૂર પડે તો તેમાં લેશ પણ મોહ-જનિત કોઈ લાગણી આડી આવવી ન જોઈએ. એવા સમયે જો વડીલ ખોટી રીતે બચાવ કે લાગણીના પક્ષમાં ઊભા રહી જાય તો તેમનો જ ભયંકર સંસાર વધી જાય.

વળી પ્રાયશ્ચિત્ત લેવાની જો ભગ્ન-પરિણામી વ્યક્તિની સહર્ષ તૈયારી ન હોય તો તેની પાત્રતા શું? દોષસેવન કરવાનો ખરેખરો પશ્ચાત્તાપ તો તે જ છે કે તે સામે ચડીને કડકમાં કડક પ્રાયશ્ચિત્ત માગે. પછી તેમાં ચાહે તેટલું દેહશોષણ થતું હોય કે સ્વમાનભંગ થતો જણાતો હોય.

સવાલ (૨૫) : સાધ્વીજી મહારાજો પુરુષ-પંડિતો પાસે અધ્યયન કરી શકે ખરા?

જવાબ : જો સાધ્વીજી મહારાજો જ અધ્યયન અને અધ્યાપનની કળામાં સુકુશળ બની જાય તો તેમની શિષ્યાઓને પુરુષ-પંડિતો પાસે ભણવાની જરૂર જ ન રહે. એકબીજા ભણતા – ભણાવતા હોય; આ જ ઉત્તમ વ્યવસ્થા છે.

પંડિતો પાસેના અધ્યયનમાં વિજાતીય પરિચયનું નુકસાન સંભવિત છે; ભલે પછી તેની સંભાવનાના ટકા ખૂબ ઓછા પણ મુકાય. પરન્તુ આ સ્થિતિ ઇચ્છનીય તો નહિ જ.

છતાં જો તે રીતે જ અધ્યયન કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થતી હોય તો તેના અંગે વિશેષ કાળજી રાખી લેવી. યુવાન સાધ્વીજીને અધ્યયન કરવાનું હોય તો તે બીજા પણ કેટલાક સાધ્વીજીની સાથે બેસે અને પંડિત પાસે ભણે. અથવા તે પોતાના ગ્રુપના પીઢ સાધ્વીજીને સાથે લઈ જાય, જેથી તેમની સુંદર રીતે રક્ષા થઈ જાય.

આવી વ્યવસ્થા કરીને જેમને અધ્યયન કરાવાય તેમને ખૂબ જ ઠોસ અધ્યયન કરાવી દેવું. તેમના વડીલોએ તે સાધ્વીજીઓને દબાણપૂર્વક કહેવું કે, "એવી રીતે ભણી લો, જેથી ભવિષ્યમાં તમે જ બીજા સાધ્વીજીઓને ભણાવી શકો." આવા સાધ્વીજીઓ તૈયાર થવા જ જોઇએ તેવો આગ્રહ વડીલ સાધ્વીજીઓ રાખશે તો તેવા સાધ્વીજીઓ જરૂર તૈયાર થઈ જશે.

સવાલ (૨૬) : કેટલાક વિભિન્ન ગ્રુપના મુનિઓ [કે સાધ્વીજીઓ] પરસ્પર ભેગા થાય છે ત્યારે કેટલાક વડીલ વગેરેની નિંદા થાય તેવી વાતો કરે છે કે ચર્ચા ઉપાડે છે. તેમને જડબાતોડ જવાબ દેવો કે મૌન જ રહેવું ?

જવાબ : આપણા વડીલ વગેરેની નિંદા થાય તેવી વાત ઉપાડવી જ ન જોઇએ. છતાં કોઈ સંયોગમાં તેવી કોઈ વાત નીકળી ગઇ હોય તો જો સામી વ્યક્તિ સરળ હોય અને સમજવાની બુદ્ધિ ધરાવતી હોય તો શાન્તચિત્તે જરાય મિજાજ ગુમાવ્યા વિના તેને સઘળી વાત કરી શકાય. પણ જો વ્યક્તિ કદાગ્રહી હોય કે અમુક પ્રકારનો

સહજ તિરસ્કારભાવ ધરાવતી હોય તો મૌન જ રહેવું સારું ને? અથવા ત્યાંથી ઊઠી જવું સારું ને?

કદાગ્રહી સાથે આવી વાતો કરવાથી ક્યારેક તો વાતાવરણ વધુ દૂષિત થાય છે; વૈમનસ્યમાં વૃદ્ધિ થાય છે; અરે ક્યારેક સમષ્ટિગત રીતે પણ તેનાં નુકસાન ભોગવવાં પડે છે. આથી જ 'સબસે બડી ચૂપ' સિવાય છૂટકો નથી.

પરમાત્મા વીર-પ્રભુએ ચંડકૌશિકને બોધ આપ્યો પણ સંગમ પ્રત્યે સાવ મૌન રહ્યા; માત્ર આંખે કરુણાનાં અશ્રુ વહેવડાવ્યાં .... આ દૃષ્ટાંતમાં આ જ વાત પડી છે ને?

સંવેદન
માગું તારી માયા

અનાદિકાળના એકધારા પરિભ્રમણમાં પડેલા અગણિત અશુભ સંસ્કારો! વર્તમાનકાળમાં મળેલું પતનકારક દૂષિત નિમિત્તોથી ભરપૂર વાયુમંડળ! અને પાપાનુબંધી પુણ્યનો જોરદાર ઉદય! અનુકૂળતા, આકર્ષકતા, અતિપરિચય, એકાન્ત અને અંધકારસ્વરૂપ કામ-રાજનાં આધુનિક પાંચ છૂટતાં બાણોનો સતત મારો!

રે! શે બચવું?

હે ત્રિશલાના જાયા! આમાં વાસનાઓમાંથી અંશતઃ છુટકારો ય શે સંભવે? ચારે બાજુથી પાપોના પડછાયાઓએ મને ઘેરી લીધો છે!

ઓ ત્રિશલાના જાયા! લલાટે ચાંલ્લો હોય, બગલમાં ચરવળો હોય કે દેહ ઉપર ત્યાગી–જીવનનાં, શ્વેત વસ્ત્રો હોય; આની ય એ પાપોને શરમ નડી નથી!

હું એક વામન જેવો! અને મારામાંથી જ નીકળેલા પાંપના પડછાયાઓ વિરાટ રાક્ષસ જેવા!

મને જ મારાઓએ ઘેરી લીધો છે! નથી કોઈ સાંભળી શકે તેમ મારી વાત....કહી શકાય તેમ નથી, અને હવે તો સહી શકાય તેમ પણ નથી.

બધું જ ધોવાઈ ગયું છે; તન, મન અને જીવન
કરમાઇ ગયું છે; યૌવન.
હણાઇ ગયું છે; કૌવત.
બરબાદ થઇ ગઇ છે; બુદ્ધિ.
પાયમાલ થઇ છે; જીવનની મોંઘેરી પળો.
કોને કહું? કોણ સાંભળે?

એવો તે શુદ્ધ કયો રહી ગયો હશે આતમ? મોટા ભાગમાં શંકા પડવા લાગી છે. ચોરને તો બધા ચોર જ લાગે ને?

એમાં વળી શાસ્ત્રજ્ઞોએ વાવડ આપ્યા કે, આ કાળમાં, ભરતક્ષેત્રમાંથી સર્વથા વાસના–મોક્ષ કોઇનો પણ સંભવિત નથી. ચાહે તેટલી તપ–જપની સાધના કરો, અનુષ્ઠાનોની આરાધના કરો, જિનની ઉપાસના કરો.”

હાય! હવે શું થાય? વાસનામાંથી છુટકારો સંભવિત જ નથી ત્યાં શું કરવું?

પણ એક દી એકાએક કાને શબ્દો અથડાઇ ગયા અને હતાશ થઇ ગયેલા હૈયે ઉત્સાહ ભરાઈને ઊભરાઈ ગયો. આનંદ આનંદ થઇ ગયો; કોઇ રાંકને લોટરીની બે લાખની ટિકિટનો ડ્રો લાગી જાય અને તેને જેટલો આનંદ થાય તેનાથી અનંતગુણ આનંદ થઇ ગયો.

મન કૂદી કૂદીને બોલવા લાગ્યું....ભલે આજ–અત્યારે વાસના-મોક્ષ નથી, હવે કાંઇ વાંધો નહિ, કેમકે આજે પણ; અહીં પણ–આ જ ભરતક્ષેત્રમાં ત્રિશલાના જાયાની માયા તો મળી જ શકે છે.

માયા! કૃપા! આશિષ! અનુગ્રહ! અને તે ય એ, ત્રિશલાના જાયા! તારા પોતાના! અરે! અરે! જો તારી માયા મળી ગઈ તો મારે બીજું જોઇએ પણ શું? મોટાની કૃપા મળે પછી તો બીજું કશું ય બાકી ન રહે.

આ માયામાં તો સઘળી વાસનાઓનો મોક્ષ કરી દેવાની અપ્રતિહત શક્તિ પડી છે. આ ભવ જ બાદ; આવતા ભવે કે વળતા ભવે તરત જ મોક્ષ! માત્ર નવ વર્ષની વયે કૈવલ્યની પ્રાપ્તિ કરી આપવાની ખાતરી પડી છે ત્રિશલાના જાયાની માયામાં!

બસ....બસ....હવે હું કામે લાગી જાઉં છું. એ રાક્ષસી પડછાયાઓ-મારામાંથી જ નીકળીને ફેલાયેલા હવે મારામાં જ સમાવી દઉં છું.

ના....હું તે કામ નહિ કરું. ઓલા જાયાની માયા જ તે બધું કરી દેશે.

તો મારે શું કરવાનું?

મારે માત્ર માયામાં વિશ્વાસ મૂકી દેવાનો! માયાને પામવા માટે મારી કાયા એ જાયાના પૂજનમાં અને એની આજ્ઞાઓના પાલનમાં જોડી દેવાની.

બસ....જે એનો આજ્ઞાપાલક અને ચરણકમલ-પૂજક છે તેને તેની માયા મળીને જ રહે છે.

અહો! કેવું સુંદર સમાધાન જડી ગયું; આ ગીત-માંથી....હે ત્રિશલાના જાયા! માગું તારી માયા. હવે કેવું સુંદર બની જશે આજીવન! આ તન, મન અને યૌવન! હવે માયા પામીને નિર્માયાવી થઇશ.

ચાંલ્લા, ચરવાળા કે સાધુવેષને અકલંક મોતીના દાણા જેવું નિર્મળ બનાવીશ.

ચાલો; વાતો બંધ કરું. કામે લાગી જાઉં. દુષ્ટ-માંથી દેવ બની જાઉં.

જય હો; માયાના સાગર માયાતીતનો!

પાઠ : ૧૦

નિર્ગ્રન્થોથી જ જગત ડૂબશે કે તરશે

સમગ્ર વિશ્વના સુખ અને શાન્તિની કોઇ ધરી હોય તો તે આર્યદેશનાં મોક્ષલક્ષી આર્યધર્મો છે. પણ તેના ય યોગક્ષેત્રની કોઇ ધરી હોય તો સાચો જૈનસંઘ છે. તેના પણ હિતની કોઇ ધરી હોય તો તે સંસાર-ત્યાગી શ્રમણો અને શ્રમણીઓ છે. તેઓ શેષનાગ જેવા છે, જેના માથે આખી ધરતી છે. આખી ધરતીનાં સુખ અને શાન્તિ સંકળાયેલાં છે. જેટલું તેમનું જીવન ધર્મ-પ્રભાવક, તેટલું જૈનસંઘથી માંડીને આખા વિશ્વનું હિત...આખા વિશ્વમાં સુખ અને શાન્તિ, મૈત્રી અને પ્રમોદ.

ત્યારે ઋતુઓ પણ યથાસમય ફળે, ત્યારે સમંદરો પણ માઝા ન મૂકે, ત્યારે સૂરજ પણ મર્યાદા બહારની આગ ન ઓકે. લૂંટફાટ, ધાડ, ચોરી, બળાત્કારાદિ પાપો ય પ્રમાણમાં અલ્પ હોય.

જ્યારે આ શ્રમણ-શ્રમણીઓનું જીવન નબળું પડે ત્યારે બધી અવ્યવસ્થાઓ પેદા થાય.

'ન તિત્થં વિણા નિયંઠેહિ' વચન કહે છે કે,

"શ્રમણ-શ્રમણીના શ્રમણ-શ્રમણીપણા વિના તીર્થંકર-દેવ-સ્થાપિત તીર્થ ટકી શકતું નથી. આ હકીકત અત્યન્ત યથાર્થ છે. ભારત અને સમગ્ર વિશ્વમાં જે અઘોર ગરીબી, હિંસા અને નાસ્તિકતાનાં ઘોડાપૂર ધમસ્યાં છે તેને ખાળવાનું સામર્થ્ય મૂઠીભર શ્રમણ-શ્રમણીઓમાં છે. તેઓની શાસ્ત્રનીતિની આરાધનામાં છે. તેમના તપ, ત્યાગ, વ્રત અને પરમેષ્ઠિ જપમાં તથા નવપદધ્યાનમાં છે; તેમના શાસનરક્ષાના કાયોત્સર્ગો પુણ્યોત્પાદની અતિ પ્રચંડ શક્તિ ધરાવે છે. એવો પુણ્યોત્પાદ વિશ્વમાત્રના સુખ-શાન્તિમાં પરિણમી શકે છે.

પ્રત્યેક સાચો શ્રમણ કે સાચી શ્રમણી 'એકે હજારા' બરોબર છે. એની આરાધનાની શુદ્ધિની તાકાતનું કોઇ પણ શબ્દોથી વર્ણન થઇ ન શકે. એ શુદ્ધિમાંથી પેદા થતાં પુણ્યના વિસ્ફોટ (ઉદય)માં "શું શું સારું બને ?" એમ કોઇ પૂછજો જ મા ! ઊલટું "શું સારું ન બની શકે ?" એમ પૂછો.

જૈનસંઘને અને સમગ્ર વિશ્વને સાચા શ્રમણ-શ્રમણીઓની જરૂર છે. પરન્તુ આવો મુનિગણ જો વ્યાપક સ્તરે પેદા કરવો હશે તો જે વડીલગણ છે તેણે પોતાનું ધ્યાન આ તરફ સવિશેષ કેન્દ્રિત કરવું પડશે. આવી ધન્ય સ્થિતિ પેદા કરવામાં આવતી આડશો અને આડાં આવતાં દબાણોને દૂર ખસેડવાં જ પડશે. તે વખતે તેમણે જે તેવા અનિચ્છનીય મમત્વ કે મમત હોય તે બધાને સહર્ષ ત્યાગવા પડશે. ખામોશ ! મિષ્ટાન્નાદિના ત્યાગ

કરતાં પણ આ મમત્વ અને મમતનો ત્યાગ વધુ તાકાત માગે છે !

આ સિવાય પણ બીજી કેટલીક વાતો વડીલ–વર્ગે અને બીજા તમામ મુનિગણે વિચારવી પડશે.

તેમાં ખાસ કરીને શિષ્યમોહ, શરીરમોહ અને પદવીમોહને શકય તેટલો વધુ ઓગાળ્યે જ છૂટકો છે. આ ત્રણેય પ્રકારની મોહદશાને લીધે સંઘમાં કેટલાંક સ્થળે શૈથિલ્ય અને સંઘર્ષ તથા અહંકાર અને ધિક્કારનાં વલણ વ્યાપક બન્યાં છે.

આવા દુષિત વાયુમંડળને લીધે સંઘરક્ષા કે શાસન-સેવાનાં કાર્યો સૂઝતા નથી. એકલદોકલને સૂઝે અને તે તેવાં કાર્યો કરે તો તેને વેગ મળતો નથી, ઊલટું કામમાં ધક્કો મળે છે.

આપણી ઉપર પ્રભુ–શાસનનું અને જનસંઘનું કેટલું મોટું ઋણ છે એ ગંભીરપણે સમજવાની પળો એકદમ પાકી ગઈ છે. આ ઋણ જે દી સમજાશે તે દિવસથી એ શાસન અને સંઘના અભ્યુદય માટે બધું જ કરી છૂટવાની આગભરી ઝંખના પેદા થશે. તે દિવસે આડા આવતાં બધા સવાલો ગૌણ બની જશે. તે દિવસે પહેલ કરવા આપણે જ તૈયાર થશું, નાનાની સામે જવાની–ભેટવાની આપણે મોટા છતાં તૈયારી દાખવીશું.

તે વખતે આપણું જીવન શિથીલતાના સીમાડા ઓળગશે; નકામી વાતોની તળેટીઓ છોડશે; નાની નાની આરાધનાનું ચડાણ પણ અંતે પૂરું કરીને વિશિષ્ટ કોટિની

શાસ્ત્રારાધનાઓને શિખરે જઈને જ જંપશે. બસ....ત્યારે જ આપણે 'એકે હજારા' બનીશું. ત્યારે જ ડૂબતી સઘળી નૌયાઓ આપણા સૂક્ષ્મના બળે તરવા લાગી જશે. તે દિવસે બધા જોખમમુક્ત બની જશે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૩૧) વિભૂષાનો અજગર :

તદ્દન નવાં કપડાં પહેરવાની ઇચ્છા રહેવી, અથવા વારંવાર કાપ કાઢીને ચોખ્ખાં કપડાં પહેરવાની વૃત્તિ રહેવી; ટિનોપોલ વાપરવો, ખૂબ ચોખ્ખો કાપ કાઢવો, ગડી બનાવીને કપડાં સાચવવાં, કામળીને ખૂબ કાળજીથી વાપરવી, મુહપત્તિના દોરા કાતરથી દૂર કરતા રહેવા, આસનોને મોહપૂર્વક સાચવવાં, પોતાનું આસન એકદમ વ્યવસ્થિત પાથરવાની ચીવટવાળા રહેવું વગેરે.... વિભૂષાના પ્રકારો છે. જેની પાછળ મોહરાજ પોતાની મલાઈ મારી જતો હોય તેવી ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ વિભુષાના ઘરની છે.

આ સ્થિતિ બ્રહ્મચર્ય ઉપર સીધો હુમલો કરનારી બને છે. એથી વિભૂષા એ આત્મગુણોનો ભરડો લેનાર અજગર છે. દશવૈકાલિક સૂત્રમાં વિભૂસાવત્તિયં ભિકખૂ, કમ્મં બંધઈ ચિક્કણું... શ્લોકથી વિભૂષાને ચીકણા કર્મ

બાંધનારી, ઘોર સંસારમાં જીવને પટકનારી કહી છે. શરીરની ટાપટીપો એ તો 'સંસારી'નું જીવન છે. આપણે તો સંસારત્યાગી છીએ.

(૩૨) ગ્લાનાદિ સેવા :

વડીલ એવા ગુર્વાદિની સેવા તો નિત્ય હોય જ. પરન્તુ બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વીની સેવા તો ક્યારેક જ મળી જાય. આવા સમયે પોતાના સ્વાધ્યાયાદિ યોગને ગૌણ કરી દેવા જોઈએ. સ્વાધ્યાયથી મુખ્યત્વે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ થાય; જ્યારે વૈયાવચ્ચથી જ્ઞાનાવરણીય ઉપરાન્ત મોહનીય કર્મના પણ ભુક્કા બોલાઇ જાય.

વૈયાવચ્ચ, સ્વાધ્યાય અને તપ એ ત્રણ યોગો એવી રીતે આરાધવા જોઈએ કે જેથી તેની પૂર્વના યોગને જરા પણ ધક્કો ન લાગે.

'જો ગિલાણં પડિસેવઇ સો મં પડિસેવઇ' એ પરમાત્મા વીર-પ્રભુનું વચન આપણે કદી ન ભૂલીએ.

બધાં જ કાર્યો પડતાં મૂકીને પણ ગ્લાનાદિની સેવા કરવી જોઈએ. નહિ તો ક્યારેક કોઈક ગ્લાનાદિને તીવ્ર આર્ત્તધ્યાન થશે તો તેના દોષના ભાગીદાર આપણે બની જઈશું.

(૩૩) ઉદાર બનવું :

પોતાની પાસે ગમે તેવી સારી વસ્તુ હોય પણ સુયોગ્ય પાત્રને દઇ દેતાં કદી ખંચકાવું નહિ. પાત્રને દાનનો લાભ મળે જ ક્યાંથી ? આવી તક તો કદી જવા ન દેવી.

હા.... તેવા લાભ લેવા માટે સારી વસ્તુઓનો પરિગ્રહ કદાપિ કરવો નહિ; પણ સહજ રીતે પ્રાપ્ત વસ્તુનો લાભ લીધા વિના કદી રહેવું નહિ.

પછી તેવી બીજી વસ્તુ મળશે કે નહિ મળે? તેની કદી ચિન્તા કરવી નહિ. 'ત્યાગે ઉસકો આગે.'

આવી રીતે એકબીજા વચ્ચેનું સાધર્મિક – પ્રેમનું સંભારણું સંપન્ન થતાં ક્યારેક મોટા લાભો થઈ જશે.

(૩૪) અભિગ્રહો કરવા :

મુનિજીવનની રક્ષા અભિગ્રહોની નાકાબંધી કરવાથી છે. સામર્થ્ય કેળવીને – બાધાઓ તોડવાની નિર્માલ્યવૃત્તિપૂર્વક નહિ જ – જેમ બને તેમ વધુ દ્રવ્ય, ક્ષેત્રાદિના અભિગ્રહો કરવા. આથી વીર્યાન્તરાય આદિ કર્મનો જબ્બર ક્ષયોપશમ થાય છે. શાસ્ત્રમાં વિચિત્ર અભિગ્રહો [નદી વચ્ચે ઊભો રહેલો હાથી સૂંઢથી લાડુ વહોરાવે ત્યારે જ પારણું કરવું વગેરે] ખેમર્ષિ વગેરેએ કર્યાના પ્રસંગો આવે છે. આપણે પણ છરીથી કોઇ શાક વહોરાવે; બાજુમાં બિલ્લી ઊભી હોય અને કોઈ ભાત વહોરાવે ત્યારે જ તે શાક કે ભાત ખુલ્લા કરવા....વગેરે ટચૂકડા અભિગ્રહો તો જરૂરી કરી શકીએ.

(૩૫) રેચક દ્રવ્યો વધુ ન લેવાં :

પેટની વારંવાર ગરબડ, કબજિયાત થતાં ઉણોદરી, લાંબા ઉપવાસો આદિ કરવાને બદલે રોજ દિવેલ વગેરે

લેવાય તો આંતરડા ખૂબ નબળા પડી જાય. કોઈ રેચક, પાચક દ્રવ્ય લેવું જ પડે તો સૂંઠ સાથે હરડેનો પાઉડર કે ગરમાવો જ લેવા જેવો ગણાય. બીજા ઇસબગુલ, દિવેલ વગેરે યોગ્ય ન ગણાય. હરડે – (૧૦ આની + ૬ આની) રેચક નથી; પાચક છે; પ્રાયઃ તે નિર્દોષ છે; ગુણકારી છે. રેચ માટે ભોજન પહેલાં અને પાચન માટે ભોજન બાદ તે લઈ શકાય. આંબિલમાં ત્રિફળાનો પાઉડર તે જ રીતે લઈ શકાય. પણ બને ત્યાં સુધી તેના વિનાનું આરોગ્ય બનાવી દેવાય તો સારું.

(૩૬) પ્યાલો લૂછવો :

માત્રુ વગેરે બાદનો-ભીનો પ્યાલો ધાર સાથે બરોબર લૂછ્યા વિના કદી ન મૂકો. ઇંટ ઉપર મૂકી દેવા માત્રથી ખાસ કરીને ચોમાસા, શિયાળામાં – તે બે ઘડીની અંદર સૂકાઇ જતો નથી. ઉપાશ્રયમાં બે સ્થળે એવા બે મોટા કટકાં બાંધવા જોઇએ; જેનાથી પ્યાલો લૂછી શકાય. આ કટકા પણ બે ઘડીમાં સૂકાઇ જવા જોઇએ. તે માટે તેના બે છેડાને દોઢ હાથના અંતરે બાંધવા; કટકા મોટા રાખવા. (એકથી દોઢ હાથ પહોળા; ત્રણ હાથ લાંબા.) એ કટકા પવનથી ઊડ્યા કરે તેમ ન બાંધવા; નહિ તો વાયુકાયની વિરાધના થાય.

સવાલો અને જવાબો

સવાલ (૨૭) : વિહારના નિર્જન અથવા વિચિત્ર વસતિવાળા રસ્તાઓમાં સાધ્વીજીને રક્ષા ખાતર પણ માણસ લેવો જ પડે છે. તો તેમ કહી શકાય ખરું કે માણસ ન જ લેવો જોઈએ ?

જવાબ : જો રક્ષાનો સવાલ હોય તો જરૂર માણસ લેવો પડે; પણ તે પૂર્વે કહ્યા મુજબ બાઈ હોય તો સારું. કદાચ પુરુષને જ લેવો પડે તો તે અંગેની તમામ મર્યાદાઓનું પૂર્ણ પાલન કરવું. બીજું, તે માણસ પાસે પોતાની તણુખલા જેટલી પણ ચીજ ઉપડાવવી નહિ. પાણીનો ઘડો વગેરે તમામ વસ્તુઓ જાતે જ લેવાની હોય છે. કોઈ ગ્લાનાદિ હોય તો તેમનો લાભ અન્ય ત્યાગીઓ લઈ શકે છે. માણસને પોતાનું પોટલું વગેરે લેવડાવવામાં તેના દ્વારા જે કાંઈ ખાવા–પીવાદિની વિરાધનાઓ થાય તે બધામાં નિમિત્તભૂત બનવાનો દોષ આપણુને લાગી જાય.

આથી જ રસ્તે ચાલતાં તે માણસ કે (કે સાથે વળાવવા આવેલા જૈનો વગેરે) ઘાસ વગેરે ઉપર ન ચાલે તેની સમજણ પણ આપણે તેમને આપી દેવી જોઈએ. જો તેઓ ઘાસ વગેરે ઉપર ચાલે તો તેનો નિમિત્તભૂત દોષ આપણુને લાગી જાય.

સવાલ (૨૮) : ગ્લાન કે વૃદ્ધ સાધુ અથવા સાધ્વીજીએ

તેમના વડીલોની સાથે ડોળીમાં વિહાર કરતા રહેવો જોઈએ કે એકાદ જગાએ સ્થિર થવું જોઈએ ?

જવાબ : વિશિષ્ટ કોટિના શાસનપ્રભાવકોની વાતને અપવાદરૂપે વિચારીને બાજુ ઉપર મૂકીએ. બાકી હાથે કરીને ડોળીમાં વિહાર કરવો તે ઉચિત નથી જણાતું. વડીલોએ તેવી ગ્લાન કે વૃદ્ધ વ્યક્તિના સ્થિરવાસ અંગેની તમામ સગવડ કરી આપવી જોઈએ. તેવું ગામ વગેરે તેમણે શોધી આપવાં જોઈએ, જ્યાં સ્થિરવાસ કરવામાં તે અતિ ગ્લાન કે વૃદ્ધને કદી અસમાધિ ન થવા પામે. તેની સાથે વૈયાવચ્ચના વિશિષ્ટ ગુણવાળા મુનિ પણ રાખી આપવા જોઈએ.

ક્યારેક આવી વ્યવસ્થા નહિ થઈ શકવાથી અથવા વિહારમાં સાથે જ રાખવાથી વિશિષ્ટ સમાધિ સચવાશે તેવી કલ્પનાથી પણ ગ્લાનાદિને ડોળીમાં સાથે રાખવા પડે છે. કદાચ કોઈ પ્રસંગમાં આ વિચારણા પણ યોગ્ય હોઈ શકે, પણ એ ગીતાર્થનો વિષય છે.

જે પ્રદેશમાં નજીક–નજીકમાં ગામો મળી જતાં હોય તેવા પ્રદેશમાં ગ્લાન કે વૃદ્ધને (એક વાર ડોળીમાં ય ત્યાં પહોંચાડી દઈને) જો રાખવામાં આવે તો તેઓ થોડુંક થોડુંક ચાલીને નજીક–નજીકનાં અનુકૂળ ગામોમાં ચાતુર્માસ કરતા રહે. આમ તેમને સ્થિરવાસનો ય દોષ સેવવો ન પડે. જો તેટલું ય ચાલવાની શક્તિ ન હોય તો સ્થિરવાસ પણ કરી શકે. એક જ વસતિમાં ખૂણો બદલતા રહીને વિહાર–ચર્યાની સાપેક્ષતાને જાળવી રાખે.

પણ ડોળીમાં જ સદા વડીલો સાથે કે સ્વયં નિષ્કારણ ફરવું તે ઉચિત લાગતું નથી.

હવે તો ડોળીવાળાનાં ય દુઃખ કાંઇ ઓછાં રહ્યાં નથી. તેમનો ત્રાસ ક્યારેક સ્થિરવાસ કરવાની પ્રેરણા આપે તેવો અસહ્ય બની જતો હોય છે.

સવાલ (૨૯) : મુનિજીવનમાં સ્વાધ્યાયની પ્રધાનતા હોવી જોઈએ કે તપની ?

જવાબ : મુનિજીવન એટલે જ તપોમય જીવન.

મહોપાધ્યાયજીએ બત્રીસીમાં કહ્યું છે કે જેમ જેમ સંયમ-જીવનની આંતરપરિણતિ વિકાસ પામતી જાય તેમ તેમ સહજ રીતે તે આત્મા તેના શરીર સાથે જ વધુ ને વધુ જોરદાર યુદ્ધ કરવા લાગી પડે. દેહ સાથેના ખૂનખાર જંગનું સફળતમ શસ્ત્ર છે : બાહ્ય તપ.

ખાઇ-પીને ખૂબ સ્વાધ્યાય કરવો બહુ સહેલ છે. પરંતુ ભણ્યા-ગણ્યા વિના ય ઉગ્ર તપ કરવો બહુ મુશ્કેલ છે. દેહાધ્યાસ ઉપર તપ જ સીધો પ્રહાર કરી શકે છે.

પણ છતાં....

કારણવશાત્ જે આત્મા વિશિષ્ટ તપ ન જ કરી શકે તેણે તેના ભારોભાર દુઃખ સાથે સંયમના બીજા યોગો -સ્વાધ્યાય-માં બરોબર લાગી પડવું જોઇએ. કેમ કે તપની પેઢી ન ચાલી; ફડચામાં ગઇ તો તેની નુકસાની સરભર કરવા માટે બીજી કોઇ-સ્વાધ્યાયાદિની પેઢી-ધીંગી કમાણી કરતી-ચલાવવી તો જોઇએ જ; નહિ તો બે ય બાજુથી એવી બરબાદી થાય, જે ભરપાઇ થઇ શકે નહિ.

બધી વાતે શૂરા તો બહુ થોડા જ ત્યાગીઓ મળી શકશે.

સંવેદન
ઝેર અમારાં ઉતારો

ઓ, ત્રિલોકગુરુ શાસનપતિ પરમાત્મા! સચરાચર વિશ્વની મા! જગદંબા!

તારા અસીમ વાત્સલ્યની વાતો સાંભળું છું ત્યારે આશ્ચર્યવિભોર બની જાઉં છું. તેં મા બનીને કેવા કેવાનાં જીવન સુધાર્યાં! કેવા કેવાનાં પાપોનાં ઝેર નિર્મૂળ કર્યાં!

શૂલપાણિ વગેરે દેવોનાં ઝેર નીચોવ્યાં! ગોશાલક જેવા અધમાધમ આત્માના ય મિથ્યાત્વનું ઝેર ખતમ કર્યું. શત્રુને ય તે ચાહ્યો!

ખરેખર તું અજબગજબની મા છો.

જેણે તને સર્વોત્કૃષ્ટ ઉપસર્ગ કર્યો [આશય ન હતો છતાં ઉપસર્ગ બની ગયો.] તે ય દેવલોકનો દેવાત્મા બની ગયો.

દેવો અને માનવોનાં ઝેર ઉતારવાં તો હજી સહેલ હશે; પરન્તુ તેં તો ચંડકૌશિક જેવા કાળોતરા દૃષ્ટિવિષ સાપનાં ય ઝેર નીચોવી નાખ્યાં!

મારવા જ આવેલાને તેં જીવાડચો!

ડૂબવા નીકળેલાને તેં તાર્યો!

કાળોતરાની એ કથા અમારા હૈયે ભારે આશ્ચર્ય અને અપૂર્વ આનંદ પેદા કરી જાય છે. ઓ દેવ! પણ જયારે આ બધી વાતને મને ખબર પડી કે તું અલૌકિક

કોટિનો ગારુડિક છે ! દેવના અને પશુઓના ય, મિત્રના અને શત્રુના ય ઝેર ઉતારી નાંખવાની તારી કોઇ અજબ અલૌકિક કમાલ છે, ત્યારે મને મારો સ્વાર્થ યાદ આવ્યો છે. કદાચ એ વાત હું કરું તો ખોટો નહિ પડું કે જગત-માત્રનાં ઝેર ઉતારી નાખનાર તું મારી રગરગમાં વ્યાપેલું ઝેર નહિ નીચોવી શકે.

ના.... નહિ જ.... કદાચ પડકારભરી ભાષામાં કહું તો ય તે ખોટું નથી કે મારી નસનસમાં વ્યાપેલું ઝેર તું નહિ ઉતારી શકે.

ઓ જગદંબા ! શું એ ઝેર મિથ્યાત્વનું છે ? ના... ના... મારી મા ! હું તો પાકો સમકિતી છું. સુદેવાદિ સિવાય કદી કોઈને માનતો નથી; કે નમતો નથી.

શું એ ઝેર અવિરતિનું છે ? ના રે ના... તેમ પણ નથી. મેં સર્વવિરતિનો સ્વીકાર કરી લીધો છે. ભારે ઉમંગથી વરઘોડો કાઢીને નાણ માંડીને મારી પ્રતિજ્ઞાઓ કરી લીધી છે.

પેલા દેવો અને પશુઓ; મિત્રો અને શત્રુઓનાં જે ઝેર હતાં તે મિથ્યાત્વ કે અવિરતિનાં જ હશે... અને મારી મા તેને તેં દૂર પણ કરી દીધા છે.

પણ મારું ઝેર તો તે સિવાયનું છે. સમ્યક્ત્વી અને સર્વવિરતિધરોની પણ રગરગમાં એ વ્યાપે તેવા પ્રકારનું કાતિલ ઝેર છે. આ ઝેર બરોબર પ્રસરે છે, તો મિથ્યાત્વ અને અવિરતિનાં ઝેર પણ આવી પડે છે.

હવે જ તારી કસોટી છે. જો અમારું ઝેર તું ઉતારી દે તો કમાલ થઇ ગઇ કહેવાય !

એ ઝેર છે; અમારી પ્રકૃતિમાં પડેલા કષાયોનું ! તુચ્છતા, અહંકારતા, ક્ષુદ્રતા, હલકાઇઓ, સ્વાર્થશૂરતા, પરતિરસ્કાર, સ્વસન્માન, નિષ્ઠુરતા, કૃતઘ્નતા, કઠોરતા.... વગેરે વગેરે....

ઓ મા ! જો અમારા સ્વભાવમાં વ્યાપીને સ્વભાવ જેવા બની ગયેલા ઝેરને તું ઉતારી નાંખે તો હું તને આ જગતનો બેજોડ ગારુડિક કહું.

જો મારી પ્રકૃતિમાં પડેલી વિકૃતિઓને તું નિમૂંળ કરી દે તો તારો અનંત અનંત વાર ઉપકાર માનું.

બસ, ત્યારે.... ઓ મહાન ગારુડિક ! તારી માયા શરૂ કર ! મારા ઝેર ઉતારીને મને અમૃતત્વનું પ્રદાન કર !

હા.... મને તારામાં પૂર્ણ વિશ્વાસ છે.

એ જ વખતે અન્તરિક્ષામાંથી શબ્દો સંભળાયા :

"જેને આ ગારુડિકમાં પૂર્ણ વિશ્વાસ હોય તો એના નામને પોતાનો શ્વાસ બનાવે.... જે કાંઇ ઝેર હશે તે ઊતરીને જ રહેશે."

બાકી પડકારની વાતો કરવાનો કોઇ અર્થ નથી.

લગાવો ધૂન.... અરિહંતના નામની !

પછી જુઓ શું થાય છે !

પાઠ : ૧૧

સમજી લઈએ; શાસનાદિ પાંચને

૧. શાસન. ૨. સંઘ ૩. શાસ્ત્ર. ૪. સંપત્તિ. ૫. ધર્મ.
જિનશાસન: સંઘસત્તા : શાસ્ત્રમતિ : ધાર્મિક સંપત્તિઓ મોક્ષલક્ષી ધર્મવાદ. આ પાંચની સામે ગોઠવાયેલી પાંચ તોપ—

લોકસાશન. ૨. રાજસત્તા. ૩. બહુમતી. ૪. કાયદાઓ. ૫. જમાનાવાદ અને ભોગવાદ.

જ્યાં સુધી વિશ્વમાત્રના એકાન્તે કલ્યાણકર પાંચ પદાર્થોને આપણે નહિ સમજીએ ત્યાં સુધી આરાધનાનાં અંગોમાં વેગ નહિ આવે. વળી જ્યાં સુધી એ કલ્યાણકારી પદાર્થોને ખતમ કરતાં પાંચ પ્રતિપક્ષી તત્ત્વોને નહિ સમજીએ તો કદાચ ધર્મના નામે જ આપણા હાથે અધર્મ સેવાઈ જવાની ડગલે ને પગલે પૂરી શકયતા ઊભી થયા ચરશે.

તો ચાલો તે પાંચેય પદાર્થોને તેના પ્રતિપક્ષી સહિત સમજીએ.

૧. જિનશાસન અને લોકશાસન :

વિશ્વના સર્વ જીવોને સાચા અને સંપૂર્ણ સુખ અને

શાન્તિ પ્રાપ્ત થાય તે માટે ત્રિલોકગુરુ તીર્થંકરદેવોએ પ્રકાશેલી એક સંસ્થા : જેનું નામ છે; જિનશાસન. અહીં પરમગુરુએ ફરમાવેલા આચારો અને જ્ઞાન ગણધરો સ્વીકારે; તેમની પાસેથી નીચે નીચેના યાવત્ સહુ સ્વીકારે. પરમગુરુને સુવિશુદ્ધ જ્ઞાન આખું જગત સ્વીકારે તો આખા જગતનું કલ્યાણ જ થાય ને ?

પણ આ જિનશાસન સામે લોકશાસન ગોઠવાયું છે. મહાગુરુઓનું જે સંતશાસન ચાલ્યું આવતું હતું; એ સંતોના પ્રતિનિધિરૂપે રાજાઓ જે સુંદર રાજશાસન કરતા હતા તે બેયને ખતમ કરવા માટે લોકશાસન સ્થપાયું. ઘણા બધા લોકો જે કહે તે સત્ય ... તે જ ભગવાન .... લોકોમાં મોટી સંખ્યા તો ગરીબો, અભણો, પછાતો, લુચ્ચાઓ, સ્વાર્થીઓ અને અપરિપકવો જ હોય ને ? આવા લોકો રાજલક્ષ્મીને શા માટે લૂંટી ન લે ? શ્રીમંતોને ય કેમ લૂંટી ન લે ? એ માટે જ એમણે ભેગા થઈને લોકશાસન સ્થાપી દીધું. આ શાસનપદ્ધતિ એવી છે કે નીચે નીચેના અપરિપકવ લોકોના વિચારો ઉપર ઉપરના સ્તરના વિશિષ્ટ લોકોએ સ્વીકારવા જ પડે; નહિ તો તે ઊંચા લોકોએ સત્તા ઉપરથી ખસી જ જવું પડે.

૨. સંઘસત્તા અને રાજસત્તા :

પૂર્વે સંઘ અને તેની સાથે સમાજ, જ્ઞાતિ વગેરેની સત્તા હતી. તેઓ ધર્મમર્યાદાઓ અને આર્યમર્યાદાઓનું બરોબર પાલન કરાવતા; તે મર્યાદાની બહાર જનારને દંડ

દેતા...આથી સમગ્ર જૈનસંઘ અને સમાજો, કોમો, જ્ઞાતિઓમાં કોઈ ઉચ્છૃંખલ બનીને સત્તા કે સંપત્તિના જોરે બીજાઓને દુઃખદાયક પ્રવૃત્તિ કરી શકતું નહિ. હવે રાજસત્તા આવી. તેણે સંઘાદિની તમામ સત્તાઓ કાપી નાખી. આથી બધે ઉચ્છૃંખલતા, સ્વાર્થાન્ધતા વ્યાપી. 'બળિયાના બે ભાગ'નો અન્યાય વ્યાપક થયો. બધા ય રાજસત્તાને પરાધીન થયા. તેમાં રહેલા બસો, પાંચસો માણસોની ટોળી ફાવે તે રીતે ક્રોડો લોકોને કાયદા, કાનૂનાદિ વડે ત્રાસ આપી શકવાને સમર્થ બની ગયા.

૩. શાસ્ત્રમતિ અને બહુમતી :

જેની પાસે સંપૂર્ણ જ્ઞાન નથી એવા આપણા જેવા જીવાત્માઓ અધૂરા જ્ઞાને ગમે તેવા નિર્ણયો લઈ લે ત્યારે સ્વ–પર સહુનું અહિત થાય. આમ ન થાય તે માટે જ આપણે સહુ સર્વજ્ઞ એવા પરમાત્માની શાસ્ત્રમતિ પ્રમાણે જ ચાલવાનું રાખતા. એથી એક અક્ષર પણ વિરુદ્ધ જતા નહિ. આ શાસ્ત્રમતિ હંમેશાં પરલોક અને પરમપદના આપણા ભાવી જીવનના હિતને વિચારતી, એટલે સહજ રીતે આ લોકનાં ભોગસુખો તરફ તે અરુચિ બતાડતી.

આથી જ ભોગરસિક જીવોએ તેને ઊખેડી નાખવા માટે; તેની સામે 'બહુમતી' મૂકી, બહુમતી તો હંમેશાં ભોગરસિક જીવોની જ હોય. આ બહુમતીના જોરે તેમણે એવા નિર્ણયો લીધા, જેથી જીવોનાં આ લોકનાં સુખ, શાન્તિ પણ હોમાવા લાગ્યાં...પરલોક અને પરમલોકની તો વાત જ ક્યાં રહી !

૪. ધાર્મિક સંપત્તિ અને કાયદાઓ :

પૂંજણી, મુહપત્તિ કે દેરાસરની દીવીથી માંડીને સિદ્ધાચલાદિ તીર્થો એ બધી આપણી ધાર્મિક સંપત્તિઓ છે. કોઈ પણ સંસ્થા [જૈનશાસન] માત્ર તેના કાર્યવાહક ગણ [ચતુર્વિધ સંઘ] અને બંધારણ [શાસ્ત્રો]થી ન ચાલે, તેની સાથે તેની પાસે સંપત્તિનું ભંડોળ હોવું જોઈએ. આવી આપણી ઉપર્યુક્ત સંપત્તિ છે. જેટલો તેનો મોક્ષલક્ષિતા સાથે વધુ ઉપયોગ તેટલું આપણા શાસનનું બાહ્ય માળખું પોલાદી. આથી જ આપણે વ્યવહાર–માર્ગને નિશ્ચયમાર્ગનો પૂરક ગણીએ છીએ.

આ આખું પોલાદી માળખું તોડવા માટે ચેરિટી કમિશનર અને કાયદાઓ; ધર્મસ્થાનોમાં તેમના ઢાંચાનાં બંધારણો વગેરે વિરાટ સૈન્ય ગોઠવાયું છે. આપણે કદી ચેરિટી કમિશનરાદિને આપણી અંદરના સવાલો ઉકેલવા માટે ન નીમવા જોઈએ. આપણે ત્યાં તે માટે સુયોગ્ય આચાર્યાદિ મુનિવરો ક્યાં નથી ?

૫. ધર્મવાદ અને જમાનાવાદ :

કોઈ પણ સંસ્થાને પોતાનો ઉદ્દેશ [ધર્મ]હોય છે. આ જિનશાસન નામની સંસ્થાનો ઉદ્દેશ – તેમાં જોડાનારાને માત્ર મોક્ષપ્રાપ્તિનો છે. અહીં અર્થ કે કામના કોઈ પણ ઉદ્દેશથી જોડાવાય નહિ.

આપણો મોક્ષલક્ષી આ ધર્મવાદ ખતમ કરતા આપણી સામે જમાનાવાદ [દેશ; કાળનું બૂમરાણ] અને ભોગવાદ

[આ લોકનાં ભૌતિક સુખોની કારમી લાલસા] ગોઠવાયાં છે. આપણે તેમાં કદી ફસાવું ન જોઈએ.

જય હો, વિશ્વકલ્યાણકારી જિનશાસનનો.

જય હો, તેના કાર્યકારી ત્રણ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનો.

જય હો, તેના સંચાલન માટેના બંધારણસ્વરૂપ દ્વાદશાંગી રૂપ શાસ્ત્રોનો !

જય હો, તેની તીર્થાદિ સંપત્તિનો.

જય હો, તેના મોક્ષલક્ષી ધર્મવાદનો.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૩૭) વાડો સાફ રાખવો :

જો કોઈ સંયોગમાં નિર્દોષ સ્થણ્ડિલ-ભૂમિ એક, દોઢ માઈલ દૂર જઈને પણ ન જ મળતી હોય તો પ્યાલાનો ઉપયોગ કરીને નિર્જન જગામાં પરઠવી દેવાનું પણ થઈ શકે.

તે ય અસંભવિત હોય અને વાડામાં જ જવું પડે તો વાડા અંગે આટલાં સૂચનો કાર્યકરોને આપવાં :

(૧) વાડામાં રેતી બિલકુલ ન પાથરવી. (રેતીમાં ભીનાશથી કીડા વગેરે ઉત્પન્ન થાય છે.)

(૨) રાખનો ડબ્બો મુકાવવો.

(૩) ટબ ચોખ્ખું કરનાર વ્યક્તિને સૂચન અપાવવું કે ચોખ્ખું કર્યા બાદ ટબમાં પણી રહી ન જાય માટે ભીંત સાથે નીતરતું મૂકે.

હવે આ સુકાયેલું ટબ લઈને તેનો ઉપયોગ કરનારે તેમાં પાતળા પડ જેટલી જ રાખ નાંખવી. ઊઠતી વખતે મળ ઉપર ફરી પાતળી રાખ નાખી દેવી. આમ કરવાથી મળ ઉપર ઝીણી જીવાતો નહિ બેસે. ટબ સાફ કરનારને પાણી વગેરેની વિરાધના ઓછી કરવી પડશે.

પણ યાદ રાખજો કે આમ કરીને ય ઉગારી શકાય તેમ નથી. કેમકે વાડાનો ઉપયોગ એ જ મહા-મોટું પાપ છે.

(૩૮) રોડ ઉપર માત્રુ ન પરઠવવું :

નગરોમાં ક્યારેક રાજમાર્ગો ઉપર માત્રુ પરઠવવું – તે ઝટ સૂકાઇ જતું હોય તો પણ – વાજબી નથી. જો આથી અજૈનને (હવે તો જૈનોને ય) દુગછા થાય તો આપણને ભારે દોષ લાગે. બહેતર છે કે તેવા સ્થળે રહેવું જ નહિ.

વસ્તુતઃ નવાં ઉપાશ્રયો ઊભાં કરનારે આ વિષયમાં વિશેષ ધ્યાન દેવું જોઇએ. ઉપાશ્રય થોડોક નાનો કરીને પણ રેતીવાળું કંપાઉન્ડ વાળવું જોઇએ, અથવા અગાસી કરીને પણ ત્યાં રેતી પાથરી શકાય.

કેટલાક મુનિઓ મોટાં શહેરોની સોસાયટીના ખાલી પડેલા ફ્લેટોમાં રહી જાય છે, જ્યાં સ્થણ્ડિલ, માત્રાની કોઇ ખાસ અનુકૂળતા હોતી નથી. ત્યાં તેઓ ગમે ત્યાં બેસે,

ગમે ત્યાં પરઠવે, કે બાજુવાળાઓને જુગુપ્સા થાય તેવું કરે તો તેમ કરી થઇ શકે નહિ. આ રીતે પરોપકાર કરવાનું શાસ્ત્રમાં ક્યાંય જણાવ્યું નથી.

(૩૯) શુદ્ધ ચોવિહાર કરવો :

સૂર્યાસ્તની બે ઘડી પૂર્વે ચોવિહાર કરી લેવો તે શુદ્ધ ચોવિહાર ગણાય છે. એકાશન કરનાર ત્યાગીઓને તો આ ખૂબ જ સરળ છે. પણ બીજાઓ પણ આટલું કરે તે ઇચ્છનીય તો ખરું જ. એકાશન ન કરી શકે તેણે બેસણું કરવું જોઇએ. સાંજે બેસણું કરવાના લાભ કરતાં ગેરલાભ વધુ છે. રાત્રે સ્વાધ્યાય, જપ અને ધ્યાન માટે સાંજનું ભોજન અને તેની ઉપર એકદમ પાણી વાપરવું તે બે ય પ્રતિકૂળ છે. આરોગ્ય માટે પણ સારું નથી. હા...છતાં સાંજના બેસણાની જ અનુકૂળતા હોય તો સારી એવી ઉણોદરીપૂર્વક કરી શકાય ખરું.

(૪૦) બહારની વસ્તુઓ ન વાપરો :

બહારની બનાવેલી-સેવ વગેરે પણ હવે વાપરવા જેવી નથી. કેમકે તે બધી ચીજો પશુની ચરબીરૂપ તેલમાં જ તળાતી હોય છે. એ સિવાય ડબ્બાઓમાં તૈયાર મળતી વસ્તુઓ પણ ત્યાગવી જરૂરી છે. બોર્નવિટા વગેરે પૌષ્ટિક ગણાતી કેટલીક વસ્તુઓ અભક્ષ્ય હોવાનો નિર્ણય થઈ ગયો છે. આ રીતે બહારના ચ્યવનપ્રાશ, જીવન, અવલેહ, બિસ્કિટો વગેરે પણ ત્યાગીઓ ન વાપરે તે જ અત્યન્ત

ઉચિત લાગે છે. ચાસણી વિનાની – પાણીમાં જ બનેલી પ્રવાહી દવાઓ પણ વાપરી ન શકાય.

(૪૧) ગોખતાં-ભણતાં 'ઉપયોગ' રાખવો :

મુહપત્તિના ઉપયોગ વિનાની સાધુની કોઇ પણ શાસ્ત્રીય-વાણી પણ સાવદ્ય ગણવામાં આવી છે. સ્થાનકવાસી સાધુએ વારંવાર ઉપયોગ રાખવાની વિધિમાંથી મુક્તિ લેવા માટે મુહપત્તિ સાવ બાંધી દીધી અને 'ઉપયોગ'-રૂપ અપ્રમત્તભાવના ધર્મની આરાધના ગુમાવી ત્યારે મંદિર-માર્ગી સાધુ-સાધ્વીજીઓએ મુહપત્તિનો ઉપયોગ જ છોડી દીધો. બે છેડા ઉપર બે ગોઠવાયા.

ના....'ઉપયોગ' બરોબર રાખવો જોઇએ. અભ્યાસ પાડ્યા પછી કશું મુશ્કેલ નથી. વડીલો બરોબર પાલન કરે તો શિષ્યો પણ સહેલાઇથી પાલન કરી શકે.

જ્યારે લાંબા સમય સુધી ગોખવાનું હોય તો તે વખતે મુહપત્તિ મોં આગળ પકડી રાખવી ન જ ફાવે તો છેવટે વસ્ત્રનો છેડો પણ મોં ફરતો વીંટાળી દેવાય. પરન્તુ તે વખતે પણ છે થૂંકથી ભીનો ને ભીનો જ ન રહે તેનો ઉપયોગ રાખવો જોઈશે.

શાસ્ત્રવિધિને જીવનમાં ઉતારી તો જુઓ, પછી મુનિપણાના આનંદની કેવી મજા આવે છે ?

ઘરઆંગણે આંબો ઊગ્યો છે, છતાં જો કેરી વિનાના રહીશું; અને બહાર ભાગતા ફરીશું તો જ્ઞાનીઓની નજરે ખૂબ દયાપાત્ર ગણાશું.

સવાલો અને જવાબો

સવાલ (૩૦) : સાધ્વીજી ગૃહસ્થ પુરુષને પચ્ચક્ખાણ આપી શકે? તેનું અબ્ભુટ્ઠિઓ...પૂર્વકનું વંદન લઈ શકે? વાસક્ષેપ નાખી શકે ?

જવાબ : ત્રણેય બાબતનો ઉત્તર નકારમાં છે. કેમકે ધર્મ પુરુષપ્રધાન છે. જેના દ્વારા 'શાસન' ચાલે; રક્ષાય; પુષ્ટ કરાય તેની પ્રધાનતા....

એથી જ નવકારના પ્રથમ પદે અને નવપદમાં મધ્યવર્તી સ્થાને અરિહંત ભાગવંત બિરાજ્યા છે; સર્વકર્મમુક્ત સિદ્ધ-ભગવંત નહિ. એથી જ કેવળજ્ઞાનીઓ નહિ; પણ ગણધરો સમવસરણમાં તીર્થંકરદેવનાં પાદપીઠ ઉપર બેસીને દેશના આપે છે.

એથી જ નૂતન આચાર્યને તેના ગુરુ-આચાર્ય પદ-પ્રદાન વખતે વંદન કરે છે.

આ નિયમ છે. એમાં સ્ત્રીજાતિને હલકી પાડવાનો કોઈ સવાલ જ નથી. આજના બુદ્ધિજીવી લોકો આ વાતને અવળી રીતે ચકરાવે ભલે ચડાવતા રહે, પણ સાધ્વીસંઘે તેમના ચકરાવામાં ફસાઈન જતાં શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જ જીવન જીવવા માટે સદૈવ તત્પર રહેવું ઉચિત છે.

સવાલ (૩૧) : આરાધનાની તીવ્ર વૃત્તિ અને જિનાજ્ઞા પ્રત્યેનો જોરદાર આદર હોવાના કારણે ક્યારેક આરોગ્યને સખત ધક્કો લાગી જાય તેટલી કડકાઈ પાળવા સુધી પહોંચી

જવાય છે. પણ પછી આરોગ્ય એટલું વિષમ બને છે કે તેને ઠેકાણે લાવવામાં અનેક દોષો સેવવાની ફરજ પડી જાય છે. તો શું કરવું ?

જવાબ : આવા વખતે જ તો ગીતાર્થની અથવા ગીતાર્થતાની જરૂર પડે છે. "જેટલા ઉત્સર્ગો છે તેટલા જ અપવાદ છે" (બ્રહ્મચર્યને છોડીને) તે શાસ્ત્રવાક્યનો અર્થ આ જ છે કે અમુક સંયોગોમાં અપવાદમાર્ગનો આશ્રય લેવો પડે તેવા પ્રત્યેક આજ્ઞા-સ્થળો છે.

આપણે ગીતાર્થને જ આપણું જીવન સોંપી દઈએ તો આ સવાલ ઉપસ્થિત ન થાય. તેમને જ્યારે જે કહેવું કે કરાવવું આપણા માટે ઉચિત લાગે ત્યારે તેઓ તેમ સૂચન કરે અને આપણે તે રીતે જ ચાલીએ.

પણ જ્યારે ગીતાર્થનો અભાવ હોય અને ગીતાર્થ-તાની પરિકર્મિત મતિનો ય અભાવ હોય ત્યારે આવા સવાલો પેદા થાય છે.

વર્તમાનકાળનું સંઘયણ; આજના ખોરાકોની અતિ ઓછી ગુણવત્તા અને વાયુમંડળમાં વ્યાપેલાં પ્રદૂષણો દ્વારા બળોને લાગતા ધક્કાઓ વગેરે અનેક દેખીતાં કારણોને ક્યારેક ધ્યાનમાં લેવાં પડે છે. જો કોઈ ત્યાગી મહાત્માનું આરોગ્ય જરાતરામાં કથળતું હોય અથવા લાંબા ગાળે પણ પછડાટો ખાધા કરતું હોય તો પોતાની જાતના પોતે જ ડોક્ટર બની જઈને પોતાનું આરોગ્ય શી રીતે સચવાઈ

રહે છે? તે શોધી કાઢવું જોઈએ. તે જરૂર પૂરતી સાચવણી સાથે ધર્મયોગોમાં જેટલી પ્રગતિ થઈ શકે તેટલી તેણે કરવી જોઈએ. એથી મોટો કૂદકો મારવાની તીવ્ર ઉત્કંઠાને તેણે કાબૂમાં રાખવી પડે.

આરોગ્ય બગડ્યા પછી જો 'એકસ-રે'થી માંડીને આધાકર્મી સુધીના અનેક દોષોનું સેવન કરવું જ પડે તેવી સ્થિતિ વારંવાર પેદા થતી હોય તો આપણી સેજ આપણે માપી જ લેવી રહી અને તે પ્રમાણે જ સોડ તાણવી રહી.

ટૂંકમાં, આવી આરાધક-વ્યક્તિઓએ દુઃખતા દિલે પણ મધ્યમમાર્ગ"નો સ્વીકાર કરી લેવો પડે. જો તે તેમ નહિ કરશે તો એક દી સદા માટે મધ્યમમાર્ગમાંથી પણ નીચે ઊતરી જવાનું મોડું કમનસીબ પેદા થઈને રહેશે.

આરોગ્ય બગડ્યા પછી માત્ર દોષોના સેવનનું જ દુઃખ નથી પરન્તુ જો અનુકૂળ સહાયક મુનિ ન મળે તો આર્ત્તધ્યાનનો કોઈ સુમાર ન રહે. આવી સ્થિતિમાં આયુષ્યનો બંધ પડે તો બધું ય હારી જવાય.

આવા કારણે પણ પહેલેથી આપણી ચાલ એવી નક્કી કરી લેવું જોઈએ કે કદાચ જીવનના છેલ્લા દિવસ પણ એ ચાલે આપણે ચાલતા હોઈએ.

કાળધર્મના દિવસે પણ આપણે આપણું નાનું ય કામ કોઇને કરાવવું ન પડે એવી આરોગ્યની સ્થિતિ જળવાઈ રહે તો કેવું સુંદર?

સંવેદન

સાંકડા હૈયે : મોટું દૈત માથું !

પેલો પ્રેસ-રિપોર્ટર ! સૌ પ્રથમ એના જ પેપરમાં હેડ-લાઇનમાં સમાચાર તે છપાવી શક્યો કે, આન્ધ્રમાં રાતે એક ને ચાલીસ મિનિટે થયેલો ધરતીકંપ ! લાખો માણસો બેઘર ! હજારોનાં મરણ ! કોડીબંધ ગામડાંઓનું નામોનિશાન સાફ !

કોઈ પણ અખબારમાં મધરાતના આ સમાચાર સવારે પ્રગટ ન થયા. માત્ર આ પ્રેસ-રિપોર્ટર મહાશયે પોતાના અખબારમાં પ્રગટ કર્યા !

ચારે બાજુથી આ પ્રેસ-રિપોર્ટરને ધન્યવાદ મળવા લાગ્યા !

આટલા સરસ, ગરમાગરમ, બીજે ક્યાંય ન પહોંચી શકેલા સમાચાર તે લઈ આવ્યો માટેસ્તો !

પેલો જ્યોતિષી ! એણે છ માસ પૂર્વે ચીનમાં ફૂંકાનારા અતિ ભયંકર વાવાઝોડાની આગાહી કરી હતી ! લાખોની જાનહાનિ જણાવી હતી ! તેણે આપેલી તારીખ સુદ્ધાં સાચી પડી. ચીનના એક મહાનગર ઉપર સમંદરનાં પાણી ફરી વળ્યાં. દસ લાખ માનવો ધરતી ઉપરથી ભૂંસાઈ ગયા !

બીજે દિવસે ભારતના એ જ્યોતિષીએ પોતાની આગાહી સાચી પડયાના સમાચાર મોટા બ્લેક ટાઇપમાં પ્રગટ કર્યા ! પ્રશંસકોના પુષ્કળ ધન્યવાદ ચારે બાજુથી ઊમટયા !

બત્રીસમા મજલેથી એક યુવાને પડતું મૂક્યું છે. બિચારો ઇલેક્ટ્રિકના તારનાં ગૂંચળાંઓમાં ફસાઇ ગયો. નીચે સેંકડો લોકો જોવા માટે એકઠા થઈ ગયા. બંબાવાળાઓ પોતાની કામગીરીમાં લાગી પડ્યા.

તે વખતે કોઈ સમાચારનો ફોટોગ્રાફર ત્યાં આવી ચડ્યો. તેણે જોરજોરથી બૂમો પાડતાં કહ્યું, "ઓ યુવાન! પડે તો પેલી બાજુ ન પડતો; આ મારી બાજુ પડજે; જેથી સરસ રીતે ફોટો 'સ્નેપ' થઇ જાય!"

હાય! કેવા હૈયાફૂટ્યા બુદ્ધિજીવી માણસોથી આ દેશનાં નગરો ઊભરવા લાગ્યાં છે! આવા જ માણસો દેશના વહીવટનાં ચાવીરૂપ સ્થાને બેઠા છે.

ધરતીકંપમાં કે વાવાઝોડામાં થયેલી લાખોની જાન-હાનિ ઉપર એમને લગીરે શોક નથી; એમને તો આનંદ છે; ગરમાગરમ સમાચાર મળ્યાનો, કે આગાહી સાચી પડ્યાનો!

પેલાને તો સરસ ફોટો જોઇએ છે....તે મરે કે જીવે તેની તેને જરા ય પરવા નથી.

દારૂ ઉપર પ્રતિબંધ મૂકતા રાજ્યને કેટલા રૂપિયાની ખોટ જશે તે જ આ હૈયાહીણાઓ વિચારતા હોય છે! પણ દારૂના દૈત્યે ઘરઘરમાં સળગાવેલી અશાન્તિની આગ, મારપીટ, ભૂખમરો, ગરીબી વગેરે સવાલો તો તેમને ક્યારે ય સ્પર્શતા જ નથી.

ઓ પરમેશ્વર! આવો હૈયાનો હીણો અને બુદ્ધિનો તગડો મને કદી ન બનાવીશ. ના....આધ્યાત્મિક જગતમાં

તો આંસુનું જ મૂલ્ય છે, સણસણતા તર્કનું કે સચોટ તર્કનું જરા ય નહિ.

મારે તારી પ્રતિમાનો આરસ વિક્રમની સાલના આંકડાથી મૂલવવો નથી, મારે તો તેમાં તને – ભગવાનને જોવો છે.

ગરીબોને, ભૂખ્યાંઓને, પતિથી માર ખાતી સ્ત્રીને, ચીસો પાડતાં ડુક્કરોને અને પાપીઓને જોઇને મારે તો રડવું છે ? તેના આંકડા માંડીને મારે શું કામ ?

સાહિત્યની ભાષામાં મારે ઓ વીર ! તારા ઉપસર્ગોનું વર્ણન નથી કરવું, મારે તો મૌન રહીને રડી લેવું છે; ધરાઈ ધરાઇને. મારે 'મા' શબ્દ ઉપર પીએચ. ડી. નથી થવું; મારે તો બે વર્ષના બાળકના હૈયામાંથી સહજ રીતે નીકળતો 'મા' શબ્દ બોલી જાણવો છે.

પ્રભુ ! અમે વધુ ને વધુ સંખ્યામાં મોટા માથા-વાળાઓ પેદા થઈ રહ્યા છીએ, જેમની પાસે હૈયું અત્યંત સાંકડું છે.

ભાવી માટે આ પલટાતી પરિસ્થિતિ ખૂબ જ ચિન્તા-જનક છે તેમ લાગે છે,

જે હોય તે...દુનિયાની શી વાત કરું. મારી જ વાત કરું કે મારું માથું મોટું હોય તો તે તું લઇ લે અને બદલામાં મને વિશાળ હૈયું દે !

મારે બુદ્ધિ ન ખપે....મને લાગણી જોઈએ. જે મારા દિલના તારેતારને ઝણઝણાવે....સંવેદનો રેલાવે....કર્મોનો કચ્ચરઘાણ બોલાવે.

પાઠ : ૧૨

સંઘરક્ષા

સુવિહીત મુનિભગવંતો અને ગીતાર્થ આચાર્ય-ભગવંતોને માથાના શૂળની વેદના ઊભી કરતો જો કોઈ સવાલ હોય તો તે ત્રિલોકગુરુ તારક તીર્થંકરદેવ સ્થાપિત શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘની રક્ષાનો સવાલ છે.

એ આપણી જ એવી આંગળી છે જે પથ્થર નીચે દબાઇ છે. જોસથી, આવેશમાં આવીને તેને ખેંચી લેવાનું સાહસ કરીએ તો આપણી જ આંગળી આપણાથી જ તૂટી જાય તેમ છે.

તેને ખૂબ શાન્તિથી, સ્વસ્થચિત્તે, વ્યૂહરચના સાથે, બીજાનો સહકાર લઇને જ કાઢવી રહી. પછી ભલે કદાચ વાર લાગે, મહેનત પડે, વેદના વધુ સમય સુધી અનુ-ભવવી પડે.

ચૂકી નથી ૪કીય માળખાએ ગૃહસ્થોની અથ અને કામની વ્યેવસ્થધું ને અને મર્યાદાઓને એવી હતપ્રહત્ કરી નાખી છે કે તેઓ નેમાંથી સર્જાયેલા કોયડાઓને ઉકેલવા-

માંથી ઊંચા આવતા નથી; અને તેથી ધર્મપુરુષાર્થને યથાવિધિ આચરી શકતા નથી.

આવાં આડકતરાં રાજકીય આક્રમણોની સાથે ટ્રસ્ટો, કાયદાઓ, બંધારણો વગેરે દ્વારા સીધા પણ રાજકીય હુમલાઓ થઈ રહ્યા છે.

આની સાથોસાથ આપણું ઘર પણ શ્રદ્ધાહીનતા અને શિથિલતાથી ક્યાંક ક્યાંક ગંધાવા લાગ્યું છે. ગૃહસ્થો વધુ ને વધુ શ્રદ્ધાહીન બનતા હશે તો ત્યાગીઓ થોડીક પણ સંખ્યામાં આચારહીન બનતા હશે. આ બે સ્થિતિ રાજકીય હુમલાઓથી પણ વધુ ગંભીર જણાય છે. તેમાંય ત્યાગીઓનું અલ્પ પણ શૈથિલ્ય મેરુ જેટલી વિકરાળ આપત્તિઓને સર્જનારું બનતું હોય છે.

આ સિવાય, બીજા પણ અનેક પ્રશ્નો શ્રીસંઘમાં ઊભા થયા છે. જેમાં દેવદ્રવ્ય, મુનિચર્યા, આરાધના–નિર્ણય વગેરે સંબંધિત બાબતો ગણી શકાય, પરંતુ આ પ્રશ્નો – પ્રશ્ન હોવા છતાં ઉપર્યુક્ત પ્રશ્નો જેટલા અતિશય વધુ ગંભીર નથી એમ લાગે છે. બીજી રીતે એમ કહી શકાય કે શ્રદ્ધાહીનતા, શૈથિલ્ય અને રાજકીય સીધા, આડકતરા હુમલાઓ જે હળાહળ ઝેર જેવા છે; તો બાકીના પ્રશ્નો ગરોળીના ગર જેવા છે. જે હળાહળ છે તેનું તાકીદે [illegible]રણ કરવું જોઈએ. ગરનો પ્રશ્ન પછી પ[illegible] આજના રા[illegible]

એક વાઘ શિયાળ જો [illegible]ાઓ [illegible]ઈએ. જે[illegible]ત જ જો તેની સામે સિંહ આવીને ત્રાડ નાખે [illegible] શિયાળને પડતો મૂકીને વાઘ, સિંહની સામે જ આવી જાયને?

ખૂબ વિચાર કરતાં લાગે છે કે બીજા સર્વનાશી હુમલાને આપણે લક્ષમાં લઈને તેની સામે સંગઠિત થઈને બધી જ શક્તિ તે તરફ કેન્દ્રિત કરીએ. પેલા યુધિષ્ઠિરના શબ્દો, "તમારી સામે તો અમે પાંચ નથી; એકસો પાંચ છીએ." એ ખૂબ વિચારણીય લાગે છે.

ઓસીઆ અને કોરટામાં એકીસાથે (ઉત્તર વૈક્રિય શરીરની સહાયથી) પૂજ્યપાદ રત્નપ્રભસૂરિજી મહારાજાએ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી, પણ તેમાં પોતાના મૂળ શરીરથી કોરટામાં તેમણે પ્રતિષ્ઠા ન કરી તેથી તેના સંઘને એટલું બધું માઠું લાગી ગયું કે એના આવેશમાં ત્યાં જ ચાતુર્માસ બિરાજમાન કનકપ્રભમુનિને સૂરિપદે આરૂઢ કરી દઈને સંઘની એકતાને ધક્કો માર્યો.

પૂજ્યપાદ રત્નપ્રભસૂરિજી મહારાજા દૂરંદેશિતા વાપરીને ચોમાસુ પૂરું થતાં જ કોરટા પધાર્યા. અને પ્રથમ પ્રવેશ-પ્રવચનમાં જ કોરટા સંઘે પોતાનો બોજ અડધો કર્યાની અનુમોદના કરી. અને બાજુમાં બેઠેલા સ્વશિષ્યને પોતે જ વાસક્ષેપ કરીને સૂરિપદ ઉપર સત્તાવાર રીતે આરૂઢ કરી દીધો. આમ સંઘ-ઐક્ય આબાદ જળવાઈ ગયું.

શું આથી પણ અત્યંત વધુ છિન્નભિન્નતા શ્રીસંઘમાં થઈ ચૂકી નથી ? શાસ્ત્રનીતિના આધારે જે કાંઈ થઈ શકતું હોય તે બધું જ કરવું રહ્યું; તે માટે બધી જ બુદ્ધિ લડાવવી રહી; તે માટે જેટલું જેનાથી નમતું જોખી શકાય તેટલું નમતું જોખી દેવું રહ્યું.

જો આપણે સંઘૈકચ કરીને સંઘરક્ષા કરી શકીશું તો આજે પણ જૈનસંઘ કાંઈ તપ, ત્યાગ, દાન, શીલ, સંયમાદિ યોગોમાં જરા ય કાચો નથી, કમ નથી, પાછો નથી. પણ બત્રીસ પકવાનના થાળમાં નિમક જ ખૂટે છે! જે નિમક નાંખશે, તે જ શું યુગપ્રધાન સૂરિભગવંત હશે? અવતરો સૂરિદેવ! જલદી અવતરો. હવે સહન થતું નથી.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૪૨) ઇરિયાવહી પડિક્કમવા અંગે :

સો ડગલા ઉપર ગયા બાદ ઇરિયા૦ પડિક્કમીને જ સ્વાધ્યાયાદિ કરવો જોઈએ.

વિહારના રસ્તામાં સ્થણ્ડિલ કે માત્રુ જવું પડે તો તરત – ત્યાં જ ઇરિયા૦ પડિક્કમી લેવી જોઈએ.

દેરાસરજીમાં ચૈત્યવન્દનાદિ કરતાં પહેલાં કે ઉપાશ્રયમાં સ્વાધ્યાયાદિ કરતાં પહેલાં ઇરિયા૦ પડિક્કમવી જોઈએ.

જે ઇરિયા૦થી સ્વાધ્યાય ચાલુ કર્યો તે જ ઇરિયા૦થી પાત્રાનું પ્રતિલેખન વગેરે બીજી ક્રિયા કરવી ઉચિત નથી. કેમકે ક્રિયાન્તર થાય ફરી ઇરિયા૦ પડિક્કમવી

ઇરિયા૦ પડિક્કમ્યા વિનાનો સ્વાધ્યાય કે જપ આલોચના પેટે આવેલા પ્રાયશ્ચિત્તમાં વાળી શકાતો નથી.

પ્રતિલેખનાદિ ક્રિયા શરૂ કર્યા બાદ તે જ્યાં સુધી સંપૂર્ણ ન થાય ત્યાં સુધી વચમાં બીજી કોઈ પણ – સ્વાધ્યાય, જપાદિ ક્રિયા થઇ શકે નહિ. કદાચ ભૂલથી પ્રતિલેખન કરતાં પચ્ચક્ખાણ કે આદેશો અપાઈ ગયા હોય તો તરત ફરી ઇરિયા૦ પડિક્કમવી જોઇએ.

જે ભૂમિ ઉપર સ્વાધ્યાય, જપ, ગોચરી કરવાની હોય ત્યાં ઇરિયા૦ પડિક્કમીને કાજો લેવો જોઈએ.

ગોચરી કર્યા પછી તે જગા ઉપર જે કાજો લેવાનો છે તે કાજો લેતાં પહેલાં ઇરિયા૦ પડિક્કમવાની નથી, પરન્તુ કાજો વિધિવત્ પરઠવ્યા બાદ ઇરિયા૦ પડિક્કમવાની છે.

ચોમાસામાં દિવસે કાળ વેળાએ જે કાજો બધે લેવાનો છે તેની પૂર્વમાં અને પછી – બે ય વાર – ઇરિયા૦ પડિક્કમવાની છે.

(૪૩) પાતરાં વગેરે વારંવાર ન રંગવાં :

પૂર્વે તો પાતરાં વગેરેને ગાડાની મળીનો રંગ થતો. એ મળી અને તેનું તેલ આરોગ્યપ્રદ હતું. હવે જે રંગો નીકળ્યા છે અને જે રોગાન વપરાય છે તે આરોગ્યને પુષ્કળ નુકસાન કરનારાં છે. આથી પાતરાં વગેરે જેમ બને તેમ જૂના વપરાતા રહે, વારંવાર રંગાય નહિ કે નવા નવા બદલાતા રહીને—વપરાય નહિ તે ખૂબ ઉચિત છે.

નવાં પાતરાંની ગંધ દૂર કરવા માટે તેને ૧૦–૧૫ દિવસ સુધી ધૂળ ખાવા દેવી જોઈએ. અથવા તેમાં રાખ નાખીને રાખવાં જોઈએ, અથવા વારંવાર છાશથી કે ચણાના લોટથી ધોવાં જોઈએ. ત્યાર પછી જ તેનો ઉપયોગ શરૂ કરવો જોઈએ. નવાં તરપણી વગેરેમાં ઉકળતી – ગરમ – વસ્તુ લાવવાથી તેનો રંગ ફૂલી જાય છે એ ધ્યાનમાં રાખવું.

(૪૪) બારોબાર કશું ન પતાવવું :

વડીલ કે ગુરુદેવની આજ્ઞા મેળવ્યા વિના કશું કરવું નહિ. નાની પેન્સિલ પણ મંગાવવી નહિ કે દેરાસરે કે માત્રુ કરવા પણ – કીધા વિના – જવું નહિ. નાની છતાં બહુ મહત્ત્વની આ વાત છે. જો એનું યથાર્થ રીતે પાલન નહિ કરીએ તો બહુવેલ સંદિસાહુ....વગેરે આદેશ (જેમાં માત્ર આંખ મટમટાવવી, લોહીનું પરિભ્રમણ વગેરે – અશક્ય પરિહાર – ની રજા માગી લેવામાં આવે છે તે)નો અર્થ જ શું રહેશે ?

ભક્તોનો કે પુણ્યનો ગેરલાભ કદી ઉઠાવવો નહિ.

(૪૫) વંદનવિધિ સાચવો :

સામાન્યતઃ મુખ્ય વડીલ અને ગુરુદેવને સવાર–સાંજ બે વાર વંદન કરવું જોઈએ અને બાકીના રત્નાધિકો (આપણાથી મોટા)ને એક વાર વંદન કરવું જોઈએ. આ બાબતમાં કદી ઉપેક્ષા સેવવી ન જોઈએ. ચાહે તેટલી વિદ્વત્તા કે તપઃશક્તિ આવી હોય તો પણ આ ઉપેક્ષા કરવી ન જોઈએ.

(૪૬) પાર્કર, કેમલ વગેરે શાહી અંગે :

જેમાં ચૌદ આનાથી વધુ ભાગ પાણીનો છે અને માંડ બે આની ભાગ સ્પિરિટ વગેરે જલદ તેજાબી દ્રવ્યોનો છે તે પાર્કર વગેરે શાહી અચિત્ત છે કે કેમ ! સ્પિરિટ વગેરે જલદ દ્રવ્યો તેમાં સદા રહેતાં હોવાથી તેનું પાણી અચિત્ત હશે એમ અનુમાન કરીને આ શાહી વાપરવામાં આવે છે ખરી. છતાં તેમાં મનને ડંખ રહે છે કે કદાચ અચિત્ત નહિ હોય તો ?

એટલે સારું તો એ જ છે કે તેવી શાહી ન વાપરતાં આજે વહોરી લાવેલા પાણીમાં ચૂનો અને શાહીની ભૂકી નાંખીને શાહી બનાવવી અને બોતેર કલાક પૂરા થતાં પહેલાં તે કાઢી નાખવી. લાંબો લીરો પેનમાં નાખીને તેને, સ્ટીલને તથા તેની જીભને ખૂણેખૂણેની લૂછીને સૂકવી દેવી.

આ કડાકૂટ લાગશે, પણ બીજો નિર્ભય ઉપાય કોઈ જણાતો નથી.

હા.... તેલની જ બનેલી બોલપેન કદાચ તેના વિકલ્પ તરીકે ચાલી શકે ખરી.

(૪૭) પાણીમાં ચૂનો નાંખવા અંગે :

જ્યારે પણ પાણીમાં ચૂનો નાખવાનો હોય ત્યારે પાણીમાં હાથ નાંખવો નહિ પરન્તુ પહેલાં ચૂનો નાંખીને લાકડી જેવા સાધનથી બધું પાણી હલાવી નાખવું. જો હાથ પાણીમાં નંખાય તો નખમાં રહેલો મેલ તે પાણીમાં ઊતરી જતાં બે જ ઘડીમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થઈ જાય.

સવાલો અને જવાબો

સવાલ (૩૨) : ગુરુકૃપા વિના ઉદ્ધાર નથી અને તે ઝટ મળતી નથી. માટે શું કરવું ?

જવાબ : એ વાત એકદમ સાચી છે કે દેવ–ગુરુકૃપા વિના ઉદ્ધાર નથી. દેવની ભક્તિ અને ગુરુકૃપામાં જ મોહનીય કર્મના ભુક્કા બોલાવી દેવાની સૌથી વધુ શક્તિ પડેલી છે. મોહનીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ વિના સાચું મુનિજીવન શી રીતે સંભવે ? હા....તે ક્ષયોપશમ વિના પ્રચારક બની શકાય; પરન્તુ પ્રભાવક તો કદાપિ નહિ. તેના વિના સસ્તી પ્રસિદ્ધિ જરૂર મળી શકે પણ (આંતર) સિદ્ધિઓ કદાપિ ન મળે.

એટલે જ દેવભક્ત અને ગુરુકૃપા અત્યંત આવશ્યક છે. પણ આ માટે એવું તો કદી ન બોલાય કે " ગુરુ કૃપા વરસાવતા નથી." અમારે શું કરવું ? જો ગીતાર્થ ગુરુકૃપા વરસાવતા નથી તો તેમાં આપણી પાત્રતાની ખામી જ મુખ્ય કારણ હોય છે. આ સિવાય ગુરુ પોતાની કૃપા વરસાવી ન દે એ સંભવિત જ નથી.

આપણી કેટલીક વિચિત્રતાઓ, પ્રકૃતિની વિષમતાઓ અનાદિની સહચરી – કુટેવો વગેરેને કારણે જ કૃપા વરસતી હોતી નથી.

આ સ્થિતિમાં ગુરુથી વિરક્ત થવાનું જે ત્યાગીઓ પસંદ કરે છે તે ખરેખર અત્યન્ત દયાપાત્ર છે.

વસ્તુતઃ તેમણે ગુરુની વધુ સન્મુખ થવું જોઈએ. એકાદ દિવસ એકાન્તમાં બેસીને શિષ્યભાવને એકદમ જીવંત બનાવીને તેમનાં ચરણોમાં માથું મૂકીને; આંસુથી તેને પખાળીને ગદ્ગદ્ સ્વરે પોતાની ત્રુટિઓ પૂછવી જોઈએ. પછી એ જે કાંઈ જણાવે તે બધું હૈયે લખી લેવું જોઈએ. બીજી જ પળથી એ ત્રુટિઓ દૂર કરવાના કામમાં યુદ્ધના ધોરણે લાગી પડવું છે. જેમ જેમ તમારામાં પાત્રતા વિકસતી દેખાશે તેમ તેમ સદ્ગુરુની કૃપા મન મૂકીને વરસવા લાગશે.

ભગવાન વીતરાગ છે; પણ ગુરુ તો રાગી છે. એ રાગી છે એ વાત શિષ્ય માટે ખૂબ સારી છે. રાગી જ રીઝે; અને રીઝે તે વરસી જ જાય.

હવે શિષ્યે ગુરુને રીઝવવાના જ બાકી રહે છે.

યાદ રાખજો કે શિષ્યની ગોચરી–પાણી આદિ ભક્તિથી સાચા ગુરુ કદી રીઝતા નથી. સાચા ગુરુ તો શિષ્યના આત્મવિકાસથી જ રીઝતા હોય છે.

શિષ્ય કરે પ્રયત્ન; પાત્રતા વિકસાવવાનો....અને પછી કૃપા મળે છે કે નહિ તે જુઓ.

બાકી ખીસામાં પૈસા જ ન હોય અને પછી કહેવું કે, “ દુકાનમાં માલ જ નથી ” .... તે તો જરા ય ઉચિત ન કહેવાય.

આજે તો એવા ય કેટલાક આત્મવિકાસ (!) પામેલા શિષ્યો જોવા મળે છે, જેમને અરિહંતાદિની જપ વગેરે

પ્રકારની ભક્તિનું (!) એવું ઘેલું લાગ્યું છે કે તેમાં તેમણે જગતને તો વીસર્યું છે પણ ગુરુને, વડીલોને અને ગ્લાનાદિને ય તેઓ વીસરી ગયા છે! આવા શિષ્યો પોતાને પ્રાપ્ત થયેલા જપ, ધ્યાનની સિદ્ધિઓનું જ્યારે વર્ણન કરવા લાગે છે ત્યારે તેના પ્રત્યે અસીમ દયાભાવ પેદા થાય છે!

સવાલ (૩૩) : વધુ લાભ શેમાં ? ગુરુ, વડીલો અને ગ્લાનાદિ ચારના પ્રતિલેખન વગેરે સેવાના પ્રકારોમાં? કે સ્વાધ્યાય, જિનભક્તિ અને તપશ્ચર્યામાં? આ બેમાંથી કયી પેનલમાં વિશેષ લાભ છે ?

જવાબ : બેશક, પહેલી પેનલમાં.

જેની પાસે 'સેવા' નથી તેની પાસે તો તેના વિકાસના પ્રત્યેક પગથિયે પતનની ભયાનક જીવંત શક્યતાઓ સતત આંટા મારતી જોવા મળે છે.

વિદ્વત્તા, તપ અને બાહ્ય શાસનપ્રભાવક શક્તિઓથી લાભની સાથે નુકસાનની પણ એટલી જ જોરદાર શક્યતાઓ રહેલી છે. વિદ્વાનો, તપસ્વીઓ અને પ્રભાવકોએ તો ગુર્વાદિની સેવામાં અત્યન્ત તત્પર રહેવું જોઈએ. એનાથી પ્રાપ્ત થતું રક્ષા–કવચ જ એમના વિકાસને વિનાશનાં ઘોડાપૂરોમાં ડૂબી જવા દેતું નથી.

અધ્યાત્મસારમાં મહોપાધ્યાયજીએ ખૂબ જ સાચું કહ્યું છે કે "કામ તો ચંડાલ છે. એ ખૂબ જ ઘાતકી અને નિર્દય છે; એને શાસ્ત્રકારી પંડિતોની પણ શરમ નડતી નથી....એ બધાયને ખતમ કરી નાંખે છે. હા....એ તેને જ જાણકાર ગીતાર્થ શકતો નથી, જેને અધ્યાત્મશાસ્ત્રના

અચ્છા જાણકાર ગુરુદેવરૂપી યોદ્ધાની મહતી કૃપા પ્રાપ્ત થઈ છે.”

શિષ્યના જીવનનું સર્વોત્કૃષ્ટ કોઈ મંગલ હોય તો તે ‘મંગલ ભગવાન્ વીરો’ કે ‘ધમ્મો મંગલ મુક્કિદ્ઠં’ નથી પણ ગુરુકૃપા–માત્ર ગુરુકૃપા છે એ વાત સર્વસંગ-ત્યાગને પામેલા ભગવાન જિનેશ્વરદેવોના ચીંધ્યા મોક્ષમાર્ગે ચાલેલા કોઈ પણ સાધુ–ભગવંત કે સાધ્વીજી મહારાજ ઊંઘની પણ પળમાં ન વીસરે.

જો ગુર્વાદિ વડીલજનો કે નાના પણ ગ્લાનાદિ સાધુ-ઓની સેવાની ઉપેક્ષા કરવા સાથે ‘નમો લોએ સવ્વસાહુણં’ પદનો જપ કરશે તો તે જપ નિશ્ચયનયથી ‘મા સાહસ’ પક્ષીના જેવો મૂર્ખામીભર્યો ગણાશે.

ચાલો, આપણે સૌ લાગી પડીએ; આપણા જીવનના શ્વાસપ્રાણસમી ગુરુકૃપાને પામવાના કાર્યમાં....

સંવેદન

વ્યક્તિત્વનિર્માણના જંગમાં અસ્તિત્વની હારાકીરી !

આ વાતનું તો ઘણાં વર્ષે – આજે – મુનિજીવનમાં ભાન થયું કે વ્યક્તિત્વનું નિર્માણ કરવા નીકળેલા અમે કેટલાકે વાસનાઓ ઉપર પ્રભુત્વ તો સ્પર્શ્યું પણ નથી. એ

તો ઠીક પણ અમારા પગ તળેથી અસ્તિત્વની ધરતી જ સરકી જવા લાગી છે!

જે માનવજન્મ અને મુનિજીવન પામીને વાસનાઓ ઉપર વધુમાં વધુ પ્રભુત્વ મેળવી લઈને જ જંપવાનું છે; જે માટે તપ, ત્યાગ, વ્રત, જપ કે પ્રભાવક જીવનનું જાજરમાન વ્યક્તિત્વ તૈયાર કરવાનું છે તે માનવજન્મ અને મુનિજીવનમાં શું અસ્તિત્વની જ હારાકીરી થવા લાગે!

માનવજન્મનું હવે પછીના ભવોમાં અસ્તિત્વ જ નહિ હોય!

મુનિજીવનનું અસ્તિત્વ તો પછી હોય જ ક્યાંથી?

આ શું થઈ ગયું? વાસનાઓ ઉપર વિશિષ્ટ પ્રભુત્વ ભલે નથી મળ્યું, પણ વ્યક્તિત્વનું નિર્માણ કરવા જતાં 'અસ્તિત્વ' જ કેમ રસાતાળ નવા બેઠું છે?

તપસ્વી તરીકેનું; કે વ્યાખ્યાનકાર તરીકેનું; પંડિત, કવિ કે સાહિત્યરત્ન તરીકેનું કેવું મહાન વ્યક્તિત્વ જીવનમાં નિર્માણ પામ્યું છે, જે એને જુએ તે તેનું અનુમોદન કરે છે.

શું આવું નિર્માણ પામતા વ્યક્તિત્વના પડદા પાછળ જ મુનિજીવનનું અસ્તિત્વ મટી જાય તેવું બને ખરું?

રે! "બને ખરું?" એવો હવે સવાલ પૂછવાની શી જરૂર છે? જ્યારે જવાબ સ્પષ્ટ જડી ગયો છે; આંખે-આંખ જોઈ લીધો છે.

ત્યાગી, ખાખી, તપસ્વી વિદ્વાન, વ્યાખ્યાનકારમાંથી

ન જાણે કેટલીય ડિગ્રીઓ તો મેળવી પરન્તુ એ મેળવવાના સમયમાં મુનિજીવનની પાયાની ચર્યાઓને અવગણી.

'અષ્ટ પ્રવચન-માતા'ના પાલનનો વિચાર સ્વપ્ને પણ કદી ન આવ્યો. વિધિવત્ પ્રતિક્રમણ કદી ન કર્યાં, નિર્દોષ સ્થણ્ડિલભૂમિએ દૂર દૂર જવાનું જીવન કદી ન જીવ્યો. બોલ બોલીને પ્રતિલેખન કરવાનું આખા જન્મારામાં ય સૂઝ્યું નહિ. સદાય ભક્તોના ટોળામાં રહેનારા મેં આદેશની ભાષામાં જ વાતો કરી. એની સાવદ્યતાનો કદી ખ્યાલ ન આવ્યો છે.

શાસ્ત્રોના પાઠ ભણ્યો; પણ તે લોકો સામે શાસ્ત્રજ્ઞ દેખાવા માટે.

ભગવતી સૂત્રના પ્રસંગો અવધાર્યા; પણ તેના દ્વારા લોકોમાં જબ્બર પ્રતિભા ઊભી કરવા માટે. તપ કર્યા; માનપાન માટે. નમ્રતાઓ દાખવી; વધુ સન્માનો મેળવવા માટે.

તપ, જપનો તેણે મહિમા ગાયો જેને તપ-જપ સાથે કદી લેવાદેવા ન હતા. વર્ધમાન-તપના આંબિલના પાયા તેણે નંખાવ્યા, જેને એક દી આંબિલ પણ કરવું ન હતું.

ઘણા લોકોની ઉપસ્થિતિ હતી ત્યારે જિનાલયોમાં સ્તવન લલકારીને ગાયું; પ્રતિક્રમણ - સૂત્રો યથાવિધિ બોલ્યો; પણ જ્યારે કોઈ ન હતું ત્યારે વેઠ ઉતારીને નાઠો.

વ્યક્તિત્વનું નિર્માણ પામનારની આ કેવી કરમ-

કથા છે કે તેથી જ તેના અસ્તિત્વે હારાકીરી (આપઘાત) કરી !

કોને કહું; કકળતા ઉરની આ વાત ! ઓ પ્રભુ ! તારા સિવાય !

પેલી ઉધઈ! બિચારી અસ્તિત્વનો જ જંગ ખેલે છે.

પેલી ચોમાસાની ઋતુમાં જીવવા મથતી મધમાખી ! અસ્તિત્વ કાજે જ જીવે છે ને ? પેલી ગરોળી; એના અસ્તિત્વ કાજે જ ટાંપીને બેઠી છે ને ?

અસ્તિત્વનું આત્મવિલોપન તો કોઈ ન કરે ! આવાં ક્ષુદ્ર જન્તુઓ ય ન કરે ! અને એમના કરતાં ક્યાંય ચડિયાતો ! ભારતના સમગ્ર માનવગણ કરતાં ય મૂઠી-ઊંચેરો ! હું ! સાધુ ! મારા અષ્ટ પ્રવચનમાતાના પાલનના અસ્તિત્વને પણ જાળવી શક્યો નહિ.

કલ્યાણમિત્રો ! મારા અસ્તિત્વનો મેં નાશ (ખૂન) કર્યાં છે ?

ના....એણે જ મારા ઉચ્છૃંખલ વ્યક્તિત્વનાં તોફાન જોઈને હારાકીરી (આપઘાત) કર્યો છે !

હાય ! મારું શું થશે ?

મુનિજીવનની પાયાની આચાર–સંહિતા

૧. નવકારશીમાં મિષ્ટ અને ફ્રુટ ન લાવો.
૨. બે ય ટંક ઊભા પ્રતિક્રમણ કરો.
૩. સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં કરો.
૪. ભોજનાદિની માંડલીમાં યથાસ્થાને બેસો.
૫. પ્યાલા બરાબર લૂછીને મૂકો.
૬. વાડામાં પહેલાં અને પછી રાખ નાખો.
૭. કાપની દોરી સાંજે છોડી લો.
૮. શેષકાળમાં સૂર્યાસ્ત થતાં પહેલાં જ પાણીમાં ચૂનો નાખો.
૯. પૂછ્યા વિના ગોચરી–પાણી લાવો નહિ; કે વાપરો નહિ.
૧૦ પૂછ્યા વિના નાનામાં નાની પણ વસ્તુ મંગાવો નહિ.
૧૧. પૂછ્યા વિના કોઈ પણ આધાકર્મી વસ્તુની સૂચના કરો નહિ.
૧૨. પૈસાની વાત કોઈની કરો નહિ.
૧૩. માંડલીનું કામ વ્યવસ્થિતપણે કરો.
૧૪. છ આવશ્યકમાં કે પ્રતિલેખનની ક્રિયામાં બોલો નહિ.
૧૫. એંઠા મોંએ બોલો નહિ.
૧૬. સાંજે ચકાર લાવો નહિ.
૧૭. રાત્રે પ્રતિક્રમણ બાદ એક કલાક સ્વાધ્યાય કરો.
૧૮. વડીલની રજા વિના વાસક્ષેપ નાખો નહિ.
૧૯. વડીલની રજા વિના બહેનો સાથે વાત ન કરો.
૨૦. બે વખત અચૂક ઓઘો બાંધો.
૨૧. રાત્રે દંડાસન વિના ફરો નહિ.
૨૨. ઉઝઈમાં કામળી વિના ફરો નહિ તથા વાંચો નહિ.
૨૩. રજા વિના ઘડિયાળ રાખો નહિ.
૨૪. પુસ્તકનું પાકીટ તથા ચશ્માની ફ્રેમ વગેરે સાદાં રાખો.

૨૫. બ્લેંકેટનો પાથરવા માટે ઉપયોગ ન કરો.
૨૬. ગ્લાન તથા વડીલના પ્રતિલેખનમાં એક વાર પણ હાજરી આપો.
૨૭. આઠે ય પ્રવચન–માતાનો બરોબર ઉપયોગ કરો.
૨૮. પાંચ તિથિ એકાસણું કરો, તથા કાપ ન કાઢો.
૨૯. નિષ્કારણ બપોરિયું ન લો.
૩૦. પારિઠાવણી લેવામાં આનાકાની ન કરો.
૩૧. પાંગરણી ઓઢીને બેસો.
૩૨. રેશમી જેવી દેખાતી કામળી વગેરે ન વાપરો.
૩૩. વસ્ત્ર–પ્રતિલેખન ઊભા રહીને કે પલાઠી મારીને બેઠા ન કરો.
૩૪. ફોટા પડાવો નહિ.
૩૫. ઓચ્છવાદિ માટે ભારે આગ્રહ રાખો નહિ.
૩૬. મોં ધુઓ નહિ.
૩૭. દૈનિક વગેરે (રજા વિના) વાંચો નહિ.
૩૮. વડીલના વિનયાદિ સાચવો.
૩૯. વડીલોને હંમેશા વંદન કરો.
૪૦. સાંજે વાડાની કે માત્રુ પરઠવવાની વસ્તી જોઇ લો.
૪૧. વડીલના વાપર્યા વિના વાપરવા બેસો નહિ.
૪૨. બધી ઉપધિ ભેગી કરીને જ બેય ટાઇમનું પડિલેહણ કરો.
૪૩. એઠાં ભાજન વડે ઘડામાંથી પાણી ન લો.
૪૪. પાણી ગાળતી વખતે ત્યાં બોલો નહિ.
૪૫. પાણી ગાળતા પહેલાં હાથ ચોખ્ખા કરો.

પૂજનીય સાધુ–સાધ્વીઓના જીવનઘડતર માટે
અત્યન્ત ઉપયોગી પ્રકાશનો.

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રાપ્તિ સ્થાન : **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ. ફોન : ૩૮૫૭૨૩, ૩૮૦૧૪૩

* ૧ સાધનાની પગદંડીએ
* ૨ શરણાગતિ
* ૩ અધ્યાત્મસાર
* ૪ ગુરુમાતા
* ૫ વિરાટ જાગે છે ત્યારે
* ૬ મહાપંથનાં અજવાળાં
* ૭ વંદના
૮ આત્મા
૯ જૈનદર્શનમાં કર્મવાદ
* ૧૦ મહામારિ
૧૧ અષ્ટાહ્નિકા પ્રવચનો
૧૨ કલ્પસૂત્ર પ્રવચનો
૧૩ સ્વરક્ષાથી સર્વરક્ષા
૧૪ આતમ જાગે
* ૧૫ વીર ! મધુરી વાણી તારી
* ૧૬ અપૂર્વ સ્વાધ્યાય
* ૧૭ આગમવાણી
૧૮ ભવઆલોચના
૧૯ જિનશાસન રક્ષા
૨૦ જૈનધર્મના મર્મો
* ૨૧ વિરાગ વેલડી
૨૨ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ–૧
૨૩ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ–૨
૨૪ મુનિજીવનની બાળપોથી ભાગ–૧
૨૫ મુનિજીવનની બાળપોથી ભાગ–૨
૨૬ મુનિજીવનની બાળપોથી ભાગ–૩

* આ નિશાનીવાળા પુસ્તકો હાલ અપ્રાપ્ય છે.